ગુજરાતી

મેન્યુઅલ

૫૫૬૮

ઑફ

મિડવાઇફરી

અથવા

સુઇયાણિનું કામ શીખવનાર પુસ્તક.

બનાવનાર

ચુડાસમા કેસરસીંગ ભગવાનસીંગ.

વેટરનરી કૉલેજના ગ્રેજ્યુએટ અને સેક હૉસ્પીટલ

આસીસ્ટંટ ઇન ચાર્જ લીજીટ

હૉસ્પીટલ વારાહી.

મુંબઈમાં :

શ્રી " ભુલેશ્વર " છાપખાનામાં છાપ્યું.

સને ૧૮૯૪.

કિંમત રૂ. ૧-૦-૦

અર્પણ પત્રિકા.

નામદાર શ્રીમંત મહારાણા

જસવંતસીંહજી ઠાકોર સાહેબ બાહાદુર.

કે સી. આઇ. ઇ. લીંમડી.

સ્ત્રીઓ પ્રસુતિ સંબંધિ તથા પોતાનાં બાળકોના
રોગ વિષે શીખીને ઉપાય કરે તથા પુરૂષો
પણ કેટલાક ભયંકર રોગ જાણી તેમનો
અટકાવ કરતાં શીખે એવો આ
ગ્રંથનો હેતુ છે.

આ ગ્રંથ

આપની વિદ્યાવૃદ્ધિ ઉત્સુકતા તથા
આપની પ્રજાના કલ્યાણાર્થે તત્પરતા
અને ઉત્કંઠા જોઈ આ ગ્રંથ
હું ઉપકાર બુદ્ધિથી
આપની સેવામાં
અર્પણ કરૂં
છું.

આપનો આશ્રિત

કેસરીસીંગ ભગવાનસીંગ ચુડાસમાં.

પ્રસ્તાવના.

આ જગત ચમત્કારિ વસ્તુથી ભરપુર છે. મનુષ્ય વર્ગ, પ્રાણી વર્ગ, વૃક્ષવર્ગ વગેરે જ્યાં ત્યાં જણાય છે. આમાં બુદ્ધિવાન પ્રાણીઓમાં સ્ત્રી અને પુરૂષ શ્રેષ્ટ છે. પણ બીજા વર્ગો જેમ જાત જાતના કારણથી નાશ પામે છે તેમ આવાં સ્ત્રી પુરૂષ જેવાં ઉત્તમ પ્રાણીઓ પણ વિધ વિધ પ્રકારના રોગથી આ સંસાર તજી જાયછે. શરીરના આટલા બધા રોગમા સ્ત્રીના પ્રસુતીના રોગ તથા પુરૂષના પણ કેટલાક ભયંકર રોગ ઘણીક વાર અસાધ્ય થઈ પડેછે. બાલકોના રોગ કેવા છે અને કેટલાંક બાલકો નાનપણમાં ગુજરી જાયછે તે વિચારવું અશકય નથી. આપણા દેશી વૈદકમાં ઘણાક પ્રયોગો છે અને વળી અંગ્રેજી રાજ્યના આગમનથી આપણા દેશીઓ તેઓના વૈદકશાસ્ત્રનો પણ અભ્યાસ કરતાં શીખ્યા છે. મે બેઉ શાસ્ત્રોના જોઇ તો અનુંભવ લીધો અને આપણી દેશી સ્ત્રીઓ પ્રસુતી સંબંધિ કંઇ શીખે તથા પોતાના કુમલાં બાળલો કે જેમને તેમના રક્ષણમાં મુકવામાં આવ્યાં છે તેમના પણ રોગ તથા તેમના ઉપાય જાણે એવીં આશાથી આ પ્રયત્ન કર્યો છે. પુરૂષોના પણ કેટલાક રોગ તથા ઉપાઇ સુચવ્યા છે.

આવા પ્રકારનાં પુસ્તકો રચવામાં ઘણાં સધનો જોઇએ છે. તે માટે મે નીચે લખેલા ગ્રંથોનું અવલોકન કરી આ પુસ્તક રચ્યું છે.

ડા. મૂરનું "ફેમીલી મેડીસીન" "મેટ્રા મેડીકા" ડા. એંગસ મેકડોનલ્ડ.
ડા. ટાનર્સનુ "ઇન્ડેકસ ડીસીઝ" "બ્રિટિશ ફાર્મ કોપીઆ" વૈદક શાસ્ત્ર
દાકતર ત્રીભોવનદાસ.

ડા. એંગલમની "ડીઝીઝ ઓફ ચીલડ્રન મેડીકલ ફારમુલા" બાબાજી તામણભટ'
ડા. બારનીસ "મીડવાઈફ"
"એરીસ ટોટળ"

આ શિવાય મારા કેટલાક મિત્રોએ અમુલ્ય મદદ આપેલી તેમનો આ પ્રસંગે ઉપકાર માનુંછું.

આશા છે કે આ પ્રયત્ન સફળ થશે. આ પહેલોજ પ્રયત્ન હોવાથ કંઈ કંઈ ભુલચુક લખાણ તથા અક્ષર સંબંધી આવી હશે માટે જે કંઈ ભુ વાંચનારને માલમ પડે તે જણાવવાને કૃપા કરશે તો બીજી આવૃતિ સુધારવાની તક મલશે.

ચુ. કે. ભ.

ગુજરાતી

મેન્યુઅલ મીડવાઇફ

એટલે

સ્ત્રીઓપયોગી પુસ્તક અથવા સુયણનું કામ કરવાનું પુસ્તક.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

જનન ઈન્દ્રીઓ.

ઘણુંકરીને સ્ત્રીના ખાસ વ્યાધિ અવયવો તથા તેના ભાગ તથા પ્રસવક્રિય સમજવાને સ્ત્રીના અંગભાગની માહેતી લેવી એ અવશ્યનું છે તેને ગુહ્યાંગ કહે છે એટલે પેટની નીચેનો ભાગ કે જેને આપણે પેઢુ કહીએ છીએ ગુહ્યાવયવના બે ભાગ કર્યા છે. (૧) અંતર (૨) બાહ્ય.

(૧) અંતરા અવયવ તે બસ્તીમાં ગણાય છે તની અંદર ગર્ભાશય તથા તેના બંધન, ઓવરી, તની અંદર સ્ત્રીઅંડ તથા યોની આવેલાં છે.

(૨) બાહ્યના ભાગમાં યોનીદ્વાર, યોનીલીંગ, યોનીપટલ, યોની ઓરટ, અને કેસજુ આવેલાં છે. ગુહ્યાવયવ એટલે બસ્તી અને તેનું બ્યાન સમજવું તે આપણે જરૂરનું છે. બસ્તીએ એક જાતનું હાડપીંજર છે તેની સાથે પગની જાંગો અને કરોડ તે ઉપર નીચે ટેક વાયલી છે.

હવે બસ્તીના ચાર ભાગ કરેલા છે. પાછળ બરડાની કરોડ, નીચે સેક્રમ તથા તેની નીચે કોકસી આવેલાં છે. તેની દરેક બાજુએ અને આગલા ભાગમાં એક મોટું અસ્તી છે. હવે બાજુનુ અસ્તી મોટી ઉમરમાં તેનો એક સંબંધ જોવામાં આવે છે પણ નાનપણમાં બાજુની અસ્તીના જુદા જુદા ત્રણ કટકા થઇ જાય છે, તે સંધાઈ જઇને મોટી ઉમરે એક અસ્તી થાય છે તે ત્રણમાં ઉપર એક પાંખની માફક આવેલું છે, તેને ઈલાયમ કહે છે, અને આગળનું જે સાંકડુ પાતળુ ને નાનુ હાડકુ છે તેને પ્યુબીસ કહે છે અને નીચે છે તેને ઇસ્કીયમ એટલે બેસણીનું હાડકુ કહે છે હવે પ્યુબીસની સામ સામે જ્યાં મળે છે તેને સંધી અથવા સીમફીસીસ કહે છે અને પાછળ દરેક બાજુએ સેક્રમને ઇલીયમનો સંયોગ અથવા સાંધો હોય છે,

તેને ડાબો તથા જમણો સેક્રમ ઈલીયમ સંધી કહે છે. અને મ તથા કોક્સીનો બીજો એક સંયોગ અથવા સાંધો છે આ સં માં ફક્ત આ છેલો સાંધો હાલે છે, પણ બીજા હાલતા નથી. અને ઇસ્કીયમની વચ્ચે એક કાણું હોય છે, તેને થાઈ રાઇડ કહે છે. સ્વભાવીક જોતાં તે એક પડદાથી ઢકાએલું છે. અને બાહારની બાજુ પીયુબીસ ઇલીયમ તથા ઇસ્કીયમ જ્યાં જોડાય છે ત્યાં એક ખાડો થએલો જોવામાં આવે છે તે ખાડો પ્યાલાના આકારનો હોય છે તેને એ સેટ બીલમ કહેછે. આ ઠેકાણે જાંગના અસ્તીનો સાંધો થએલો છે. સ્ત્રીનું અસ્તી પીંજર પુરૂષના પીંજર કરતાં વધારે પહોળું, છાછરૂ, અને હલકું હોય છે તેનો ઉપરનો ભાગ જેએ પહોલીપાંખ જેવા ઈલીયમની વચે છે તેને ઇંગરેજીથાં ફોલ્સ પેલવીશ કહે છે, એટલે ખોટી બસ્તી કહે છે તેમાં પેટનાં આંતરડાં તથા બીજા અવયવો સમાએલા છે પણ તેની નીચેનો પોલો ભાગ કે જેની અંદર ગર્ભાશય, મુત્રાશય, અને યોનીનો સમાવેશ થએલો છે, તેને ખરો બસ્તી કહે છે. તેના ઉપરના ધ્વારને આગમન અને નીચેના દવારને નીરગમ દ્વાર કહે છે. આ બેઉ નામ ગર્ભના સંભવથી થએલાં છે કારણ કે ગર્ભને પ્રસુતી વખત આગમન ધ્વારમા થઈને નીર્ગમધ્વારથી બાહાર આવે છે આગમધ્વાર કઇક ગોળાકાર છે પણ પાછળ સેક્રમની ટોચનો છેડો ધસી આગળ આવેલો છે તેને ઇંગરેજીમાં સેકરમ પ્રોમેનટરી કહે છે. નીર્ગમધ્વારનો આગલો ભાગ બે પી બ્યુસનાં વચમાં આવેલો છે તેત્રીકોણ આકારનો દરવાજો છે, તેને પ્રીબ્યુસની કમાન કહે છે અને નીર્ગમ ધ્વારની બને બાજુ બેસણીછે.

પ્રકરણ ૨ જું.

બચ્ચું કયાં રહેછે અને કયાંથી બહાર આવેછે.

સ્ત્રીને ઓદ્દાનના મહીના કેવી રીતે ગણવા.

જો ફેબ્રુઆરી મહિનો નવ માશ ગણતાં અદર આવે તો સાત દિવસ નવ મહિનામાં વધારે ગણવા. અને ફેબરૂઆરી મહિનો નવમાસ ગણતાં અંદર ના આવે તો પાંચ દિવસ વધારે ગણવા.

છોકરૂ માના યુટરસમાં રહે છે. બચ્ચુ બહાર નીકળવા માટે માના પેલવીસમાં આવે છે. પેલવીસ એક દેખાય છે, પણ તેના બે ભાગ છે. પેલવીસમાં ૪ હાડી છે તે બધી સાંધા સાથે જોડાએલી છે. તે ચાર હાડીના નામ બે ઇનોમીનેટા એક સેક્રમ અને એક કોકસી.

સેકરો ઇલીયક જોઇન્ટસેક્રમ અને ઇલીયમને સાંધનાર સાંધો જોઇન્ટ સાંધો અથવા સાંધવુ.

આડુ ઇલીયમ—ઇલીયમના ઉપરનો કાંઠો તે કાંઠો અથવા નથી કારણ ત્યાં નસો આવેલી છે તેને મસલ્સ કહે છે તેથી કરકેર છે ઇંગરેજીમાં તેને રપ કહે છે. ઇનોમીનેટાના ઉપરની હાડી તે ઇલીયમ તેને જે નસ જોડાએલી છે તેને એબડો મીનલ કહે છે. એબડો મીનલ નસ બાયડીને બહુજ કામની છે કારણ જણુતી વખતે બાયડીને તે નસથી ઘણુ જોર મળે છે પેલવીસમાં બે ભાગ છે તેના ઉપરના ભાગને ફોલ્સ તથા નીચેના ભાગને ટ્રૃયુપેલવીસ કહે છે. ફોલ્સ કંઇ કામનો નથી તે જુદો છે અને જે ટ્રૃયુ છે તેજ સાચો છે. તે જુદા પાડવાને બે ભાગની વચે કડાના આકારની એક ગોળ હાડી છે તેને ઇલીયો પેકટીનીયા લાઇન કરીને કહે છે છોકરૂ ટ્રૃયુપેલવીસમાં જાય છે ટ્યુપેલવીસમાં ત્રણ ઘર છે (૧) બ્રીમ (૨) કેવીટી (૩) આઉટલેટ. આ ત્રણ રસ્તામાંથી બચ્ચુ બાહાર આવે છે. ડાયામેટર—માપ અથવા મેઝર.

માપ ત્રણ પ્રકારેનાં છે (૧) એનટીરીઆ અથવા કયાંજુગેટ—અગાડી પછાડીનુ માપ (૨) ઓબ્લીક—આડ કતરૂ માપ (૩) ટ્રાંસ્ન વર્સ—આડુ માપ.

બ્રીમમાં ત્રણ માપ છે. કેવીટીમાં ત્રણ માપ છે અને આઉટલેટમાં બે માપ છે.

બ્રીમનુ માપ—પ્રોમેટરી સેક્રમથી તે સીમફીસીસ પ્યુબાંસ સુધી એન્ટીરીયા પોસ્ટીરીયા ૪ ઇંચ અને ૧ કવાટર.

રાઇટ ઓબ્લીક ડાયામેટર—રાઇટ સેકરોઇલીયાક જોઇન્ટથી તે લેફ્ટ ઇલીયોપેકટીનીયા એ મીનન્સ સુધી ડાયા મેટર ૪ ઇંચીઝ ૩ કવાટર.

લેફ્ટ ઓબલીક ડાયામેટર—લેફ્ટ સેક્રોઇલીયાક જોઈન્ટથી તે રાઇટ-ઇલીયોપેક ટીનીયા એમીનન્સ સુધી ૪ ઇન્ચીઝ ૩ કવાટર છે.

ટ્રાન્સવર્સ—બ્રીમની વચેથી એક બાજુ ઉપરથી બ્રીમની બીજી બાજુ સામે વચ્ચે. ૫ ઇંચીઝ ૧ કવાટર.

કેવીટીનુ ડાયામેટર—એન્ટીરીયા પોસ્ટીરીઆ ૪ ઇંચીઝ ૩ કવાટર. ૧ ઓબલીક કેવટીમાં ૫ ઇંચીઝ ૧ કવાટર. બીજુ ટાંજવર્સ કેવીટીમાં ૪ ઇંચીઝ ૩ કવારટર છે.

આઉટલેટનુ માપ—આઉટલેટ ઇંટીરીયા પોસ્ટીરીઆ કોકસીસથી તે સીનફીસીસ પ્યુબીસ સુધી ૫ ઇન્ચ છે.

ટ્રાન્સવર્સ આઉટલેટમાં ૪ ઇન્ચીઝ ૧ કવાટર છે.

એક ટ્રૃયુબરોસીટી થી તે બીજી ટ્રૃયુબરોસીટી સુધી ૪ ઇન્ચીઝ ૧ કવાટર.

એનટીરીઆ—અગાડી, પોસ્ટીરીઆ—પછાડી, કાંજુગેટ—સીધુ આગળ પાછળ ઓબ્લીક—ત્રાંસુ, જરા આડુ આડકતરૂ. ટ્રાન્સવર્સ—છેક આડુ.

(૧) કાંન્યુગેટ (૨) ઓબલીક (૩) ટ્રાન્સવર્સ.

(૧) બ્રીમનુ એન્ટરીયા પોસ્ટીરીયા ૪ ઇન્ચીઝ ૧ ક્વાટર છે.
(૨) ઓબલીક ૪ ઇન્ચીઝ ૧ ક્વાટર.
(૩) ટ્રાન્સવર્સ ૫ ઇન્ચીઝ ૧ ક્વાટર.

બીજુ માપ.

એનટીરીયા પોસ્ટીરીયા ૪ ઇન્ચીઝ ૩ ક્વાટર છે.
ઓબલીકકે વીટીમાં ૫ ઇંચીઝ ૧ ક્વાટર છે.
ટ્રાન્સવર્સ કેવીટીમાં ૪ ઇન્ચીઝ ૩ ક્વાટર છે.
આઉટલેટ એન્ટીરીઆ પોસ્ટીરીઆ ૫ ઇન્ચીઝ છે.
ત્રાન્સવર્સ આઉટ લેટમાં ૪ ઇન્ચીઝ ૧ ક્વાટર છે.

કુલાના નીચે જે હાડી બેસવાની તેને ટયુબર એસે ટેમ્યુલમ કહે છે. હવે બ્રીમની અંદર બધાથી વધારે મોટુ માપ ત્રાન્સવર્સ છે અથવા કેવીટીમાં મોટુ માપ ઓબલીક છે. અથવા આઉટલેટમાં મોટુ માપ એન્ટીરીયા પોસ્ટીરીઆ પ્રોમેન્ટરી-ત્રણ ખુણાવાળી છે. કમર અથવા સેકરમ તેને ત્રણ ખુણા હોય છે તેથી કરી તેને પ્રોમેટરી કહે છે.

	ઇન્ચ ક્વાટર આઉટલેટ		ઇન્ચ ક્વાટર ઓબલીક	ઇન્ચ ક્વાટર ટ્રાન્સવર્સ.
બ્રીમ	૪ ૧/૪	૫	૪ ૩/૪	૫ ૧/૪
કેવીટી	૪ ૩/૪		૫ ૧/૪	૪ ૩/૪
આઉટલેટ	૫		૦	૪ ૧/૪

બ્રીમનુ ડાયા મેટર. કવાંજુગેટ સેકરમથી અથવા પ્રોમેનટરીથી તે સીમરીસીસ પુર્બાસ સુધી ૪ ઇન્ચીઝ ૧ ક્વાટર છે. બ્રીમમાં ઓબલીક રાઇટ સેકરોઇલીયાક જોઇન્ટ થી તે લેફટ ઇલીઓ પેકટી નીયલ એમીનન્સ સુધી ડાયામેટર ૪ ઇન્ચીઝ ૩ ક્વાટર છે અને લેફટ સેકરો ઇલીયાક જોઇન્ટથી તે રાઇટ ઇલીઓ પેકટીનલએમેનન્સ સુધી ૪ ઇન્ચીઝ ૩ ક્વાટર છે.

ત્રાન્સવર્સ ડાયા મેટર—બ્રીમની મધ્યમથી તે એક બાજુથી તે મધ્યમ સુધી એક્ષટર નલમેઝર-બહારનુ માપ.

પેલવીશના કાંઠાને એનટીરીયા સુપીરીયર કહેછે તેનુ માપ ૧૦॥ ઇન્ચ છે અથવા ૧૦ હવે તેની નીચે આંગળીએને સુમારે છે, તેને એનટીરીયા ઇનરીરોઆ કહેછે તેનું માપ ૧૦ અથવા ૮ ઇન્ચ જેટલું છે પોસ્ટેરીયા ડાયામેટર એટલે પાછળના સેકરમથી તે કોકસીસ સુધી ૭ ઇન્ચ છે.

પ્રકરણ ૩ જું.

બહારની તથા અંદરની જનન ઈન્દ્રીઓ તથા તેમના નામ અને જગ્યા.

એક્ષટરનલ—બહારની.

એક્ષટરનલ મીએટસ કેથેટર જેમાં નાખીએ છીએ તે અથવા વલવા અથવા વેઝાયના અથવા જે આપણે બાહાર જોઇએ છીએ તે તથા તેનુ નામ.

પેલવીસની અંદર આવેલા ભાગોના નામ.

(૧) મોન્સવેનરીસ (૨) લેબીઆમેનઝોરા (૩) લેબીઆમીનોરા (૪) કલેટોરીઝ, (૫) યુરીથ્રા (૬) ઓરેફીસ અથવા વેઝાયના. (૭) હાયમનફો સેટ (૮) પેરીનીયમ (૯) એનસ.

તે બધાના અર્થ અને જગ્યા.

(૧) મોન્સવેનરીઝ—યોની ઉપર જ્યાં વાળ હોલ છે તે બધાને મોન્સવેનરીઝ કહે છે.

(૨) લેબીઆમેનઝોરા—પહેલી યોની ઉપરની ધાર અથવા કોર તેને લેબીઆમેનઝોરા કહે છે.

(૩) લેબીઆમીનોરા—યોની ઉપરની અંદરની બીજી ધાર અથવા કોર.

(૪) કલેટોરીઝ—જે જગ્યા પેશાબ ઉપર ફોલ્લાની માફક છે તે લેબીઆમેનઝોરા ભેગા જોડાએલી છે.

(૫) યુરીથ્રા—પેશાબની જગ્યા.

(૬) ઓરેફીસ—જે રસ્તા બચ્ચું આવવાનો તથા સંભોગ કરવાનો છે તેને કહે છે.

(૭) હાયેમનફોસેટ—એક જાતના બારીક પડદો, એ પડદો જ્યારે નાની છોકરી પરણ્યા વગરની હોય છે ત્યારે એ પડદો વેઝાયના નીચે રહે છે ને પરણે છે ત્યારે તે પડદો હાયમનફોસેટ સંભોગ કરવાથી ફાટે છે અને ફોસેટ તે હાયમને નીચે રહે છે તે પેહલે વેહલે છોકરે ફાટે છે, ને કોઇ સ્રીને તે પડદો થોડો રહે છે. પણ તે થોડોક રહે તો બીજી વખત બચ્ચું આવતાં જરા કઠણ પડે છે તે નીચે પેરી નીયમ એનસ સુધી છે તે પેરીનીયમ જણતી વખત બહુ સંભાળવાનો છે. એ ફાટી જાય તો બહુ ખરાબ છે.

એનસ—ઝાડાની જગ્યા. એક્ષટરનલ પુરી થઇ.

હવે ઈંટરનલ. (અંદરની)

(૧) યુટરસ (૨) બ્લેડર (૩) રેકટમ (૪) ઓવરી (૫) ફીલોપીયન ટયુબ તે વેઝાયના સારથી તે યુટરસને રસ્તો છે.

(૧) યુટરસ—ફુલ જેમાં બચ્ચું રહે છે તે. તે એક જામફળના જેવું હોય છે. યુટરસની બે બાજુ ફીલોપીયનટયુબની નળીઓ છે અને યુટરસને સીધુ રાખવાને બ્રોડ લીગેમેન્ટ અથવા યુરોઇડ લીગેમેન્ટ છે તે વેઝાયનાની અંદરની બાજુમાં છે.

પેલવીસમાં જે ભાગો આવેલા છે તેના નામ નીચે પ્રમાણે.

(૧) બ્લેડર (૨) યુટરસ (૩) રેકટમ (૪) ઓવરીઝ (૫) ફીલોપીયન ટયુબ (૬) ફીમર એટીડેન્સ. તેઓ વમને પકડે છે અને યુટરસમાં મુકે છે. તે ફીલોપીયન ટયુબના મુખઆગળ વાળ વાળ જેવું છે તેને કહે છે. બ્રોડ લીગેમેન્ટ રાઉન્ડ લીગેમેન્ટ તે ફીલોપીયનટયુબના પાસે નાના નાના પડદા છે તેને કહે છે બ્રાડ અને રાઉન્ડ લીગેમેન્ટ એન ટીરીઆવેલ વેઝાયનાના સામી છે, તે ૨ા ઇંચ છે. લોંગપોસ્ટેરીયર વોલ વેઝાયનાની પાછળ છે, તે ત્રણ ઇંચ લંબાઇમાં છે ઓવરી બદામના આકાર ની છે, અને તે યુટરસની બે બાજુએ ફંડસની આસપાસ રહે છે તેમાં ઇડાં રહે છે તે ઇડાં કુલ ૩૬,૦૦૦ હોય છે.યુટરસના ત્રણ નામ તથા ભાગ કરેલા છે. (૧) ફંડસ (૨) બોડી (૩) સરવીક અથવા નેકઃ-ફંડસ, સરવીક, નેક.

(૧) ફંડસ—યુટરસના ઉપરનો ભાગ.

(૨) બોડી—વચમાંનો ભાગ.

(૩) સરીવક—છેક નીચેનો ભાગ એટલે ફુલનું મોહું.

છોકરીના યુટરસ નુમ્યુકસમેમબ્રેન—લાલ ચામડી છે અને તે સુવાળી મખમલની માફક છે જાડી ચામડીને ફાઇબર કહે છે. આપણે વેઝાયનામાં આંગળી નાખીશું તો તે ઓસને લાગશે. ઓસ–ફુલનું મોં.

જે સ્ત્રીને છોકરૂં નહી થયું હોય તેને નાનો ગોળ ખાડો છે અને તે મખમાલની માફક રહે છે. હવે જેને છોકરૂં થયું હોય તેનો ઓસસીધો અને ખડબચડો રહે છે.

યુટરસતે—લેટીરીઓ, સીરસ, ફાયબર, મ્યુકસમેમરીજનું યુટરસ બનેલું છે. જ્યારે સ્ત્રીને જણાવવાપ દરદ આવે છે ત્યારે સરવીક (કુલ) નુમોં ઉઘાડે છે, અને બચ્ચું આવવાનું મોખ થાય છે. સ્ત્રીને જ્યારે ગર્ભ રહયો હોય ત્યારે તેની છાતી મોટી થાય છે. નીપલ્સ–બેટીંટડી ઓર ઓલા ડીંટડીની પાછળ જે કાળી જગ્યા છે અથવા ગુલાબી જગ્યા છે તેને આરઓલા કહે છે તે કાળી હોય છે.

ઓસ બે હોય છે (૧) ઇનટરનલ (૨) એક્ષટરનલ.

(૧) ઇનટરનલ—અંદરની બાજુમાં ફુલ નામેનો છીદ્ર.

(૨) એક્ષટરનલ—બહાર જે રસ્તો છે તે,

યુટરસના ત્રણ ભાગ છે (૧) ફંડસ ઉપરનો (૨) મધ્યમનો બોડી. (૩) નીચેનો નેક અથવા સરવીક.

યુટરસની અંદરની બાજુ મ્યુકસમેમરીજ અને ત્રણ ત્રણ બારીક પડદાં સરખા હોય છે તેને ટીરયુ કહે છે અને ટીરયુની બાજુને પેરાટોનીયમ એવું કહે છે.

યુટરસની ઉપરની બાજુ નરમ છે. અને નીચેની બાજુ ખરબચડી છે સ્ત્રી પહેલી વખત રજસ્વલા થાય છે ત્યારે તેની છાતી પહોળી થવા માંડે છે.

... ગર્ભ નથી હોતો ત્યારે તેની છાતી ગોળ ગુલાબી રંગની હોય છે ... ત્યારે ગર્ભ ધારણ કરે છે ત્યારે તેની છાંતીની ડીંટડી ફરતી કાળી જગ્યા થાય છે તેને આર ઓલા કહે છે. તે જગ્યા—ડીંટડી એટલે નીપલ્સ કહેવાય છે જે યોની ઉપરની કોર છે તેને લેબીઆમેન ઝોરા અથવા લાર્જ લીપ્સ કહે છે. હવે લેબીઆમેનઝોરાની અંદરની બાજુની કોરો છે તેને લેબી આમીનોરા અથવા સ્માલ લીપ્સ કહે છે,

---

પ્રકરણ ૪ થું.

બચ્ચું પેટમાં કેવી રીતે પોતાનું પોષણ કરે છે.

ઓવમ ગ્રેફીયન ફોલીકલના અંદર રહે છે જ્યારે ઓવમ ફુટે છે ત્યારે ફીલોપીયન ટયુબની નળીવાટે યુટરસમાં જાય છે મ્યુકસમેમરેજમોંના આકારનું છે અને તેમાં ચીકણો પદાર્થ હોય છે તેથી જેવું ઓવમ યુટરસમાં જાય છે તેવુંજ મ્યુકસમેમરીજગાં ચોંટ છે તેને ડીસીજ્યુવીરા કહે છે. તે ડીસીજ્યુ વીરા ફલેક્ષાની ઉપર છે; અને બીજો ડીસેજ્યુ સરટીના ઓવમ નજદીક છે. ડીસીજ્યુ રીફ્લેક્ષા ફંડસ પાસે છે. પહેલેથી ઓવમ ડીસેજ્યુ સરટી નાની અંદર એડેલાં હોય છે.

પહેલા બે મહીના ડીસેજ્યુવીરા અને ડીસેજ્યુ રીફ્લેક્ષા જુદા હોય છે પણ અઢી મહીના પછી તે બે ભેગા થઈ જાય છે. મેમરીજ—થેલીના આકારનો છે. પ્લેસંટામાં બે મેમરીજ છે. પ્લેસટા ઓર. બચ્ચું મેમરી જની થએલીમાં રહે છે જેણી તરફ બચ્ચું રહે છે તે મેમરીજ સાફને સુવાળો હોય છે તેનુ નામ એમીયન તથા ફીટસ સાઈડ કહે છે. એ ફીટસ સાઇડ બચ્ચાની બાજુ હોયછે. હવે બાહારની બાજુ એટલે માની બાજુ તે રફ છે તેને કોરીયન છે માની બાજુ જે રફ છે તેને મીટ્રાનીયલ સાઇડ કહે છે.

એ મેમરીજની થેલીમાં પાણી રહે છે. તેનુ નામ લાઇકર એમોનીઆ કહેછે. પાણીથી બચ્ચાને ધક્કો લાગતો નથી. પ્લેસંટા ફંડસની નજદીક રહેછે. અને તે પ્લેસંટો એટલે ઓર સ્ત્રીના ગર્ભધારણ પછી ત્રીજે મહીને પ્લેસંટો થાય છે તેના આગલ પ્લેસંટો થતો નથી.

પહેલા ઓવમની આસપાસ અઢી મહીના સુંવી વાળની માફક હોય છે તેને વીલાઇ કહેછે તે વીલાઈમાં લોહી રહે છે. બચ્ચાને જીવ આવવાને એક તરફથી પ્લેસંટો થાય છે અને વીલાઇ સુકાઇ જાય છે અને બચાને લોહી મળે છે. લોહીના ત્રણ રસ્તા છે (૧) વેન્સ અને (૨) આરટરી. વેન્સ માંથી સારૂ લોહી આવે છે અને તે પ્લેસંટામાં સાફ થાય છે. અને ખરાબ લોહો આરટરીમાં જાય છે કોર્ડ આંગળીને ચીકણો લાગે છે. કોર્ડ—નાળ તેને ઇંગરેજીમાં અંબેલીકલ કોર્ડ કહે છે.

પ્લેસંટાના વચમાંથી કોર્ડ નીકળે છે અને જે બચ્ચાને તે કોર્ડમાં વેન્સ આરટરી છે તેમાંથી મળે છે પ્લેસંટા બહુ ટુકે ... એટલે કટકા કટકા છે. તેને લોબ્સ કહે છે. ફીટલના પલ્સ નાળમાંથી મળે છે મેનટલ સાઇડ-યુટરસની બાજુ. નાળ–તેને અંબેલાઈકલ કોર્ડ કહે છે. જ્યારે છોકરૂ જન્મે છે ત્યારે તેની સાથે પ્લસંટા તરત આવે છે અથવા અરધા કલાક પછી નીકળે છે.

પ્રકરણ ૫ મું.

જે વખત સ્ત્રી ગર્ભણી રહેછે તે વખત શા ચીન્હ થાય છે.

જે થેલીમાં પાણી છે તેને લાયકર એમોનીઆ કહે છે અને એ પાણી ત્રણ કામ કરે છે.

(૧) બચ્ચું સંભાળવાનું (૨) યુટરસ સંભાળવાનું (૩) સરવીસ અથવા નેકનુંમોં ખોલવાનું. આ ત્રણ કામ કરે છે. બચ્ચું સંભાળવાનું એટલે તેના પેટે કાંઇ ધક્કો લાગે તો બચ્ચાને વાગે નહીં અને બીજુ યુટરસમાં સભાળવાનું એટલે બચ્ચું પેટમાં ફરે ત્યારે હાથ પગ કાઢે તો યુટરસને વાગે નહીં. સરવીકનુંમોં ઉઘાડવું એટલે જે વખત બચ્ચું અવતરે તે વખત જો પાણી ચીકણો પદાર્થ ન હોય તો બાળક આવતાં કઠણ પડે. જ્યારે કોઇ વખત મેમરીન બાળક આવવાને વાર હોય અને મેમરીન ફુટી જાય તો તે સ્ત્રીને જણવાને વધારે કઠણ પડેછે. ઓબજેકટીવ સાઇન્સ દાઇનું અંદર તપાસવું તે આબજેકટીવ સીમટમસ–પેશન્ટ પોતાની હકીકત કહે તે; એમેનોરીયા: પહેલા સીમટંમ્સ કે અટકાવ બંધ થાયછે તે એમેનોરીઆ: જે વખત દાઇ સમજે છે કે તે બાઈ ગર્ભીણી છે ત્યારે પહેલા અટકાવ બંધ થાયછે તેને એમેનોરીઆ કહેછે.

ફુટા સીમટમ્સ (મોર્નીંગ સીકનેસ): સવારમાં ઉલટી થાયછે તે ઉલટી બે મહિના થયા પછી થાયછે. ને ચોથે મહિને ઘણુંકરી બંધ થાયછે તે સવારની ઉલટીને મોર્નીંગ સીકનેસ કહેછે.

(૩) મોંમાંથી પાણી છુટેછે તથા મોળ આવેછે તેને સેલીવેશન કહેછે.

(૪) દાંત દુઃખેછે અને કોઈ બોલાવેતો ગુસ્સો ચઢેછે તેને કોઈની વાત ગમતી નથી. કોઈ કોઈ સ્ત્રી ઘડી ઘડી પેશાબ કરેછે તેની માફક થાયછે.

સાઇન્સ એટલે દાઇ તપાસ કરવા શકે છે તે. (૧) છાતી કઠણ થાય છે. અમે છાતીની ડીંટડી: નીપલ્સ જાસ્તી મોટા થાયછે. સુજેલાની માફક અને હાથ લાગે તો ઘણુંકરીને દુઃખેછે રવે વેનસ સુજેલાની માફક મોટી દેખાય છે, અને આરઓલા: (ડીંટડી) ગુલાબીજગ્યા વધારે કાળી થાયછે. ત્રીજે મહિને છાતીને દબાવીએ તો તેમાંથી દુધ નીકળે છે. ચોથે મહિને પેટ સીંમફીસીસ પ્યુબીસનાથી ત્રણ આંગળ ઉંચુ રહેછે. અને ત્રણ મહિને સીંમફીસીસ પ્યુ-

પાંચમે મહિને તમે જોઇ શકોછો કે પેટ મોટું સુજેલાની ૭ મહિને પેટ ડુંટી સુધી મોટું લાગેછે. અને ટયુટરસ ઍં-સુધી એટલે ડુંટી સુધી પહોંચે છે. સાતમે મહિને અંબેલાઇકસથી બે ઇન્ચ વધારે હોયછે પછી નવ મહિનાની લગભગ પેટ સ્ટરનમને એટલે છાતીએ અડેછે. બાયડિને નવ મહિનામાં પંદર દિવસ ઓછા હોય, ત્યારે છોકરૂં પેલવીસમાં એટલે પેઢુમાં ઉતરે છેઅને તેની કુખોમાં ખાડા પડેછે.

જ્યારે તમો બાયડિનું પેટ મોટુ જુઓ ત્યારે એમ નહી ધારવું કે તેને ગર્ભ છે કારણ સ્ત્રીઓને ઘણા રોગથી પેટ મોટાં થાયછે. તથા અટકાવ પણ બંધ થાયછે તેવા રોગોને ટયુમર: બરોળની ગાંઠ અગર જળંદર વગેરે રોગો હોયછે ત્રીજે મહિને તપાસ કરશે તો યુટરસ ખાલી: નીચે આપણા હાથને લાગશે. ચોથે મહિને પરિક્ષા કરશો તો આપણા હાથ ઉપર યુટ-રસ સુજેલા માપક લાગશે ત્યારે તે નારંગી જેટલું મોટું હોયછે. અને ચોથે મહિને ગર્ભવાળી બાયડિના પેટ ઉપર હાથ મુકીશું તો બચ્ચું ફરતું માલમ પડશે તેને ઇંગ્રેજીમાં (ફીટલ મુવમેન્ટસ) એન્ડ યુટરાઇન કોનટ્રાક-શન કહેછે. જે યુટરસની નસ ખેંચે છે, તે તમારા હાથને માલમ પડશે. ફીટલ હોટનો આવાજ સોળ અઠવાડીઆમાં અને ચોથા મહિને સાંભળવામાં આવશે. ફીટલહોટ (સ્થેટીસકોપ) કાને સાંભળવાની ભુંગળી તે ડુંટીની નીચે અને ટયુબીસની ઉપર ડાબી બાજુ મુકવાથી સારો સંભળાય છે અને તે ફીટલહોટનો અવાજ ઘડીઆળની ટીકટીક માપક થાયછે. માના પલ્સ આસ્તે આસ્તે એટલે ૮૦–૯૦ ચાલેછે, અને બચ્ચાના વધારે ચાલે છે. ૧૩૦–૧૪૦–૧૫૦ સુધી બચ્ચાના પલ્સ ચાલેછે જે સ્ત્રીને છોકરૂં થયું નથી તેની વેઝાયનાનો રંગ ગુલાબી હોયછે, અને જેને છોકરૂં થયું હોયતો તેની વેઝાયનાનો રંગ જાંબલી હોયછે. જાંબલીને પરપલ રંગ કહેછે. સ્ત્રી ગર્ભિણી હોયછે ત્યારે તેની વેઝાયના પરપલ રંગની અને નરમ હોયછે અને તેમાંથી સફેદ અને ચીકણો ઘણુંકરીને ડીસચાર્જ: થાયછે. (નીકળે છે.)

જે સ્ત્રીને છોકરૂં થયું હોય, તેની વેઝાયનાની ઓસનું મોંઉઘાડું રહેછે અને જેને નથી થયું તેને બંધ હોયછે (એલોટમેન્ટ) બરાબર પેસન્ટને ચતુ કમર ઉપર સુવારવું અને એક આંગળી વેઝાયનમાં હળવેથી નાંખવી. અને બીજો હાથ ફંડસ ઉપર મુકવો, કારણ યુટરસ સીધુ રહે. અને વે-ઝાયમાં નાખેલી આંગળીને છોકરૂં ફરતુ માલમ પડશે, અને એ ફીટલ મુવ મેન્ટસ એટલે હીલચાલ બચ્ચાની સમજણ પડશે. અને વેઝાયનામાંથી બચ્ચાની પલ્સ મળશે. આ બધું મળે ત્યારે આપણને ખબર પડે કે આ સ્ત્રીને ગર્ભ છે. કોઇ વખત વેરીકોસ વેન્સ સુજેલી હોયછે. લેબીઆમીનોરા તથા ડુંટી ઉપર સોજો આવેછે. પેસાબે લાહ બળેછે. ઝાડો કઠણ થાય છે, કોઇ વખત આખુ આંગ સુજી જાયછે.

પ્રકરણ ૬ ઠું.

ગર્ભ ખરો છે કે ખોટો તે વીષે તપાસ.

ડીફ્રરન્સ ડાયગનોસીસ એટલે વેગલો તપાસ કરવો.

સ્પ્યુરીઅસ (સુપીરીયસ) પ્રેગનંનસી તે ખરી નથી એ બધી ખોટી છે. સ્પ્યુરીઅસ પ્રેગનંનસી હોય ત્યારે સ્ત્રી જાણે મને ગર્ભ છે, પણ તેને ગર્ભ નથી તેનું પેટ સુજેલુ ને મોટુ લાગેછે. તેની છાતીમાંથી દુધ નીકળેછે ઘણુંકરીને અટકાવ બંધ થાયછે. નવ મહિના એમ સરખુ જણવાનું દરદ આવે છે.

એકાદવેળે લેબર પ્રેઝંટ પણ આવેછે. પણ આ ખોટુ છે અને જ્યારે તેવી સ્પ્યુરીઅસ : એટલે જુઠા ગર્ભવાળીને ડાકટર ક્લોરોફાર્મ સુધાડેછે તો તેને સારુ થાયછે અને પેટ ઉતરી જાયછે.

(૨) જ્યારે ઓવરીયર ટ્યુબસમાં : પેટમાં ગાંઠ હોયછે.

(૪) એસાઇટીસ એટલે પેટમાં પાણી ભરાઇ જાયછે, તેને ડ્રોપસી કહે છે: જળોદર કહેછે જાડી બાયડિના પેટ ઉપર ચરબી ચઢી હોય, તેથી પેટ મોટુ લાગેછે.

(૧) નોરમલ પ્રેગનંસી: એક બાળક અને એક પ્લેસંટો હોયછે તે સારૂછે.

(૨) પ્રેગનંસી અથવા ટ્વીન્સ એટલે બે બચ્ચાં હોય તો તેને ટ્વીન્સ કહે છે તેની સાથે બે બાલક અને બે નાળ અને એક પ્લેસંટો હોય છે. કોઇ વખત બે પ્લેસંટા હોયછે.

એમોનીયસ થેલીમાં કોઇ વખત બે બચ્ચાં રહે છે અને કોઇ વખત બે જુદી થેલીઓ હોયછે. ત્રણ બચ્ચાં હોય તેને ટ્રીપ્લેક્ષ કહે છે અથવા ઓબનોર્મલ એવુ કહે છે. ચાર છોકરાં જન્મે તો ક્વાડ્રુપેડ એવું કહે છે. કોઇ વખત ટ્વીન્સમાં એક આમીયન તથા એક કોરીયન રહેછે. કોઇ વખત બે આમીયન ને એક કોરીયન રહે છે. ટ્રીપલેક્ષમાં પણ એક કોરીયન ને ત્રણ આમીયન રહેછે કોઈ વખત ત્રણ જુદી જુદી થેલીઓ મળેછે અને ત્રણ બચ્ચાંના ત્રણ કાંઠ હોય છે અને એક મોટો પ્લેસટો મળેછે. સુપરફીટેશન એટલે બે બચ્ચાં રહેછે. પહેલુ ઓવમ ઇનફ્રેગમેશન થાય છે પછી બીજું ઓવમ ઇન ફ્રેગમેશન થાય છે અને બીજુ ઓવમ થોડા દાહાડા પછી ફુટે છે તે છોકરું સુકાઇ જાયછે; અને પહેલું છોકરું તાજુ રહેછે એક્સ્ટ્રા યુટરાઇન પ્રેગનંસી તે છોકરું યુટરસની બહાર હોયછે.

તે ફીલોપીયન ટ્યુબીસની નળીમાં રહેછે. યુટરસમાં નથી જતું. તેથી નળીમાં બચ્ચું રહી શકતું નથી. ને ત્રણ ચાર મહિના પછી નળી ફાટે છે; અને તે છોકરું મરેછે. પછી સ્ત્રીને લોહી ડીસચાર્જ થાયછે; એટલે સ્ત્રી મરે છે. (એબડોમીનલ પ્રેગનનસી) એટલે એ બડોમીનલ મસલ્સમાં છોકરૂ રહે છે, તે નવ મહિના રહેછે. પણ તે બાળકને નીકળવાની જગ્યા નથી. તેથી

...ભમાં સુકાઇ છોડ થઇ જાયછે. ને કાંતો તે છોકરાના કડકા કરી ...કર બચ્ચુ પેટમાં મરી જાયછે. અને જો બચ્ચુ સુકાઇ જાય તો ...રસ રહે છે. ને સ્ત્રીને કાંઝી હરકત પડતી નથી.

કયે દિવસે સ્ત્રી જણશે—ઓછામાં ઓછા ૨૮૦ દિવસમાં સ્ત્રી પ્રસુત થાય છે જ્યારથી તેનો સ્રાવ (અટકાવ) બંધ થાયછે તેના બીજા દિવસથી ગણવું. એક સ્ત્રીને ૧૨ મી જુનથી શીરમેલી બંધ થઇ તો તેને કયારે પ્રસુતી થશે તો તે સ્ત્રી માર્ચ મહીના તા. ૨૬ મીએ પ્રસુતી થશે. તો માર્ચ મહીનાની તા. ૧૯ સુધી દિવસ ૨૭૩ તેમાં સાત ઊમેર્યા તો ૨૮૦ દિવસ થયા. (૨) બીજી સ્ત્રીને તારીખ ૨૦ મી જાનેવારી રકતસ્રાવ બંધ થયો તો તે કયારે પ્રસુત થશે. તે સ્ત્રી અકટોબર મહીનાની ૨૭ મી તારીખે પ્રસુત થશે.

મોરનીંગ સીકનેસ—એટલે ગર્ભવાળી સ્ત્રીને સવારમાં ઉલટી થાય છે તો જેને વધારે ઉલટી થાયછે તેનો ઉપાય કરવો પણ તેને સવારમાં ચા અથવા દુધ પીવાને આપવું. અને ગરમ ચા પીશે તેથી યુટરસ નીચે બેસશે.

નયણે કોઠે ઉલટી થવાથી જીવ હેરાન થાયછે. ગર્ભીણી સ્ત્રીને હલકો ખોરાક ખાવા આપવો. તો ઉલટી જલદી બંદ થશે અને તેથી પણ ઉલટી બંધ ના થાય તો કાળજા ઉપર (છાતી) રાઇનુ પ્લાસ્તર માર્‌વું. ગર્ભીણી સ્ત્રીને ઝાડો (પેટ) સાફ આવવો જોઈએ. દરરોજ બે ઝાડા થવાની જરૂર છે. ગર્ભીણી સ્ત્રીને કઠણ ઝાડો (કાન્સ્ટીપેશન્ટ) હોય તો તેને એનીમા દેવો. અને સ્ત્રી માંદી ને દુબળી હોય તો બે ડ્રામ અથવા બે ટીસ્પુન ફુલ દીવેલ (કાસ્ટર ઓઇલ) પીવરાવવું જબરી ઓરતને ૪ દરામ પાવું.

કોઇ ગર્ભિણી સ્ત્રીને વારે ઘડીએ ઝાડા થાયછે તેને ઇંગ્રેજીમાં ડાએરીઆ કહેછે એટલે જે ગર્ભથી હોય અને તેને ઝાડા થાય ત્યારે તેને એકટી સ્પુન ફુલ એરંડીઆ તેલ અને પાંચ ટીપાં ટીન્ચર ઓપીઅમ એ બંને મીક્ષ કરીને તે સ્ત્રીને પાવું.

(વેરી કોઝ વેન્સ એન્ડ પાઇન્સ) એ નસ પગની છે અને યુટરસ મોટું થાયછે. તેનો ભાર પગ ઉપર આવેછે, તેથી કોઇ કોઇ સ્ત્રી ગર્ભિણી હોયછે ત્યારે તેના પગને સોજા ચઢેછે; અને તે નસો બહુ ફુલેછે, ત્યારે વેરીકોન્સવેન્સ ફાટેછે; અને તે ટુટેછે; ત્યારે તેમાંથી ઘણું લોહી જાયછે ત્યાંથી મજબુત પકડવું, ને પછી લોહી બંધ થાય ત્યારે તેના ઉપર લીંટ (એક જાતનું નરમ રૂ જેવું લુગડું) કાપડ મુકી બાંનડેજ કરવું અથવા પટો બાંધવો. અને ડાકતરને બતાવવું.

પાયસલોરેકટમના ગાંઠ પ્રમાણે પગ સુજેછે ત્યારે સ્ત્રીને ઝાડો સાફ થવો જોઇએ. ગર્ભીણી સ્ત્રીને ઝાડો બરાબર સાફ થતો નથી. તેથી તેના પગ ઘણુંકરીને સુજેછે. તે દરદને ઓડીમા અથવા સ્વેલીંગ કહેછે. કોઇ વખત આખું અંગ સુજેછે. તેને જનરલ ઓડીમા અથવા એ-

ડીમા હાલબોની કહેછે. તેવી હાલતમાં આલબુમેન પેશાબ
મામાં આવેછે. અને સ્રીનું અગ સુજેછે. અને પેશાબમાં
છે ત્યારે સ્રીને આંચકી આવેછે. આંચકી આવેછે ત્યારે
શીયા કહેછે. જો બાયડીને બાળક પેટમાં હોય. અને આ ફીટસ આવેતો બચ્ચુ ઘણું કરીને મરી જાયછે. આ ફીટસ જણ્યાપછી પણ આવેછે. જ્યારે ગર્ભીણી સ્રીને ફીટસ આવે ત્યારે તેના પેશાબ યુરાઇન ટેસ કરવો. અને તેમાં આલબુમેન હશે તો ખબર પડશે.

એક ચમચો ભરીને પેશાબ લેવો, અને તેને ગરમ કરવો પછી ટાઢો પડવા દઇને જોવું. જો તેમાં આલબુમેન હશે તો નીચે સફેદ મેલનીમાફક ચીકણો પદાર્થ બેઠેલો હોયછે તો તેમાં આલબુમેન છે તે જાણવું.

પેશન્ટ (સીક) પેશાબ કરે તો ઠીક નહીંતો ક્યાથેટરથી કાઢવો. અને આલબુમેન હોય તો તેને દુધ શિવાય બીજુ ખાવા આપવું નહી.

પ્રકરણ ૭ મું.

બચ્ચું રહ્યાંના ધરમાં શાશા દરદો છે અને તે વખતે શું કરવું.

રીટ્રો વરશન: યુટરસ ફરીગ એલું વાંકુ યુટરસ અથવા આવીડ યુટરસ એટલે પેટથી હોય ત્યારે ફરી ગએલું તેને રીટ્રોવરશન અથવા આવીડ યુટરસ કહેછે અને યુટરસ અમુક જગ્યાએ નથી. ફંડસ સેક્રમતરફ જાયછે. અને ઓસ ફરી જાયછે. અને તે ત્રણ મહિનામાં ફરી જાયછે. ચોથે મહિને પછી ઓશ ઠેકાણે શીધો આવેછે. પછી ફરવાની દેશત રહેતી નથી. એટલે યુટરસ પેલવીશમાં આવેછે. બ્લેડબરમાં પેશાબ (યુરાઈન) વધારે ભરેલો હોય તો તેને કેથેટરથી કાઢવો પડેછે. કોઇને પેશાબ નહી આવતો હોય તો તેને ઇંગ્રેજીમાં રીટેનશન યુરીન કહેછે; અને જ્યારે પેશાબ નથી આવતો ત્યારે પેટમાં (પેડુમાં) બહુ દુઃખે છે. તેને તમારે ક્યાથેટર પાસ કરવો: અને યુરાઇન ડ્રો કરવો એટલે કાઢવો. કોઇ કોઇ ચાર દિવસ પેશાબ નથી કરતું અને ઝાડો બરાબર નથી આવતો તો યુરાઈન કાઢવો. પછી ડાકતરને બોલાવવો કે તેનું યુટરસ ફરી ગએલું સીધુ કરે, અને ડાકતર ના હોય તો તમારે કરવું. તે કરવાની રીતે નિચે પ્રમાણે બે હાથ તથા ઘુંટણ અને માંથુ નીચે અને પગ ઉપર એવી રીતે કરી બે હાથની બબ્બે આંગળી વેઝાયનામા નાંખવી. બે આંગળા ફંડસ ભણીને બે ઓસ ભણી રાખી ઓસ સામી લાવવી. એવી રીતે કરવું. અને પછી ઝાડા વાસ્તે એનીમાં દેવો.

કોઈવાર પેશાબમાં ખુંચેછે, અને લોહ બળેછે. તેને ઈંગ્રેજીમાં (ઇરી ટેબીલીટી ઑફ બ્લેડર) કહેછે. પેટથી સ્રીને વહાઈટ સફેદ. ડીસચાર્જ થાયછે. (સફેદ ધાત જાયછે) તેને ડુશ દેવુ અને વધારે ગરમ પાણી નાંખવું નહી. પછી તે પાણીમાં બોરેક્ષ પાઉડર અને કારબોનીક સોડા તે સમ ભાગે

તેનો ચમચો ભરીને નાખવો; અને પછી ડુશ દેવું, અને જો પે-
ડેછે તથા લાહ બળે છે. તો તેને પ્લમબીઓર લેડલોશનથી પોવું.
યાં બહાર ગર્ભીણી સ્ત્રીને બહુ ભારે દવા ખવરાવી અથવા બળે એવી દવા
ચાવવું, એ નુકસાન છે; માટે વિચારીને કામ કરવું; કોસ્ટીવ એટલે ઝાડો
સખત આવતો હોય તો તેને અરધો આઊંસ કાસ્ટર ઓઇલ (દીવેલ)આપવું;
ભારે જુલાબ આપવો નહી પ્રીમેમર લેબર અથવા એબોર્શન) એટલે છ મહિનાના
અથવા સાત મહિનાના પહેલું બચ્ચુ પડેછે (કે સુવાવડ થાયછે) તે સાત મહિના
અગાડીનું જે બચ્ચુ પડેછે તે જીવતું નથી, તે જીવતું હશે, તોપણ મરી જશે.
ત્રણ મહીનામાં એબોર્શન થાય તો બહુ ડર નથી પણ ચાર મહીને બહુ બીક
છે કારણ તે વખતે બાલકને પ્લેશંટા હોય છે બાળક સાથે ઓર હોય
છે) એબોર્શન અગાડી એ સીમટમસ છે, એક લાપ્રબલ્ડ, બીજુ પેઈનલોપ્રસ
બલ્ડ એટલે પેટ (ગર્ભ) વાળી ઓરતને ખુન જાય છે તે અને દરદ આવેતો
નક્કી જાણવું કે તેને એબોર્શન થશે એટલે ગર્ભ પડશે. અને તમે ત્યારે તેની
વેઝાયના (યોનીમાં) માં આગળી નાંખી જોવુ અને ફુલનું મોઢું ઉઘડેલુ
હશે અને તેમાં આંગળી જાય તો તમે એબોર્શન બંધ કરી શકશો નહી
અને તે ગર્ભ નકી પડશેજ.

પણ થોડુ લોહી જતુ હશે. અને દરદનહી આવતુ હોય તો તમે તેને
ચુપ ચુપ સુવાડશો. ઉઠવા બેસવા નહીં દયો તો તેને એબાર્શન નહી થશે.
ઓરતને બહુજ દરદ આવે છે અને લોહી નીકળે છે તો ગર્ભપાત થશે માટે
ફુલનું મોઢું ધડવા વાસ્તે રૂના પલંગ એટલે રૂની પોટલીઓ દશ બાર મોટી
મોટી બનાવેલી અને એક ઔંસ કારબોનીક આસીડ ૪૦ ઔંસ પાણીમાં
નાખવું અને પછી તેમાં રૂની પોટલીઓ પલાળવી પછી સ્પેકયુલમ (એક
જાતનું યોનીમાં નાખવાનું હથીયાર) છે તે નાખવું. અને એક પ્લગ ફુલનામોં
ઉપર મુકવું અને બીજા આગલ પાછલ ગોલ ભરવા. એપ્લગ (રૂની પોંટલીઓ)
કોઈને આઠ કોઈને બાર એપ્રમાણે લાગે છે એપ્લગ છ કલાક રાખવા વધારે
રાખવા નહી અને જ્યારે કાઢો ત્યારે તેને બરાબર તપાસવું કે તેના ઉપર
ઓવમ નીકળ્યાં છે અને ઓવમ નીકળ્યાં હોય તો ફરીથી પ્લગ છ
(કલાકને) વારતે ભરવાં. એવી રીતે ભરવાથી બે દાહાડા સુધી મેયરીજ
નહી નીકળે તો સીકને કહેવું કે ડાકટરને બોલાવો. પ્લગ ભર્યા પછી (અર
ધો ડ્રામ) એરગોટ અને (ટેન) ગ્રેન કુઈનાઈન આપવું અને મેમરીજ આ
ગળ ના આવે તો જરૂર ડાકટરને બોલાવવો, એબોર્શન થયા પછી દસ દીવસ
બેસવા ઉઠવાં દેવું નહી અને ગરબડ કરવી નહી એવી રીતે સંભાળવું.

ચાર મહીને ફીટસ એટલે બાળક છ ઈંચ લાંબુ હોય છે અને જ્યારે
છ ઈંચ લાંબુ ચાર મહીનાનું બાળક હોય ત્યારે તમે જોઈ શકશો કે છોકરો
છે કે છોકરી હવે પાંચ મહીને બાળક દશ ઈંચનું હોય છે અને તેને માથે
વાળ હોય છે તથા હાથ પગના આંગળાંના થોડા થોડા નખ હોય છે છ મહી

ને (આઈલીડસ) આંખની પાપણો અથવા આંખનું પોપચું છે; સાત મહીને આંખો ઉઘડે છે અને સાત મહીને બાળક જન્મે જીવશે મરશે નહીં.

આઠ મહીને હાથ પગની આંગળીઓના નખ બરાબર આવે છે હવે નવ મહીને તો જણવાના પુરા દિવસ છે તેને ફુલ ટાઈમ કહેછે.

હવે સ્ત્રીના ગર્ભ પડયા પછી જો તેણીને તાવ પાંચ છ દિવસ પછી આવે તો તેના પેટમાં કંઈ ઓર અગર મેલ રહીગયા હશે તો તેને બલ્ડ પોઈઝન અથવા શેપટી સીમીયા કહેછે. એટલે તે ગર્ભપાત થએલી સ્ત્રીનું લોહી ઝેર જેવું થશે અને લોહી સડીજશે. અને તે સ્ત્રી મરી જશે. માટે ગર્ભપાત હોય ત્યારે બહુ તપાસવાનું છે ડીઝીઝપ્રેગનેન્સી–કોઈ કોઈ ગર્ભવાળી સ્ત્રીઓને દરદ થાય છે તેને ડીઝીઝ પ્રગનસી કહે છે.

પ્રકરણ ૮ મું.

પ્રસુતીની સ્વભાક ક્રીયા

(મેકનીઝમ ઓફ લેબર એટલે બહુ કરીને બચ્ચાનું માથું પહેલું આવેછ તેને કહેછે) સો કેશમાંથી ૯૫ કેશ માથાવાળા આવે છે પહેલું માથું આવેતો જાણવું કે બાયડીસહેલાઈથી એટલેઈશ્વરી કુદરતથી જણશે, બચ્ચાના ડોકાની હાડીઓ તથ. તેનુ માપ. કારણ બચ્ચાના આંગ કરતાં ડોકુ મોટું હોયછે, જો ડોકુ આવે તો બધું શરીર આવશે. બચ્ચાના ડોકાની હાડી બે ભાગમાં ડીવાઈડ ભાગ કરેલી છે, એટલે બે ભાગ છે. પહેલો ભાગ ફેસ (મોં) તરફ જાય છે અને બીજો ભાગ ક્રેનીઅમ (માથા) તરફ જાય છે. ક્રેનીયમની હાડી બે બાય પેરાઈટલ. બે ફ્રેનટલ અને ઓક્ષી પીટલ છે. બે ટેમપરલ તે ફેસ(મોં) તરફ છે. પેરાઈટલ, ઓક્ષીપીટલ ઓફ બેકબોન અને ફ્રેનટલ એ ત્રણ હાડી નરમ છે. અને સ્ત્રી જે વખત જણેછે તે વખત છોકરાનું માથું એ ત્રણ હાડીઓથી દાબેછે. કારણ તે મેમરીજની સાથે જોડાએલી છે. ગોસ (મસલ્સ) તેમાં છે તેથી તે ત્રણ હાડીઓ દબેછે. અને તે નરમ છે તેથી સ્ત્રીની યોનીમાં પી દબાઈને નાનુ થઈ જલદી નીકળેછે અને જ્યારે માથું નથી આવતું અને ચહેરા પહેલો આવેછે ત્યારે ચહેરાની ટેમપરલ હાડીઓ દબતી નથી તે સખત છે. જણવાને માટે આ ચહેરા તરફ આવેલું બચ્ચું બહુજ ખરાબ છે. સુચર ઓરશીન એટલે બે હાડીને જોડનારો સાંધો તેને સુચર કહેછે. કપાળના વચમાં એનટરીયર અથવા ભ્રુનમાં ફ્રરાંનટલ સુચર ત્રણ છે. બે કરોનલ કાનથી નીકળી કપાળથી જરા ઉપર સેજીટલ સુચરને મળેછે. એકરોનલ સુચર બે ટેમપરલ અને બે પરાઇટલને જોડે છે. સેજીટલ સુચર બે પરાયટલ હાડીને જોડે છે. પાછલુ સુચર લેનજી ટીડયુનલ તે બે પેરાઇટલને અને ઓક્ષીપીટલને જોડે છે.

ટ–કપાળની બે હાડીને જોડે છે તેને ફરાનટલ સુચર કહેછે. ફરાન ...ં છે. એક એનટીરીયા ફરાનટલ અને એક પોસ્ટીરીયા ફરાનટલ. ...રીયા આગળની બાજુ છે અને પોસ્ટીરીયા પાછળની બાજુ છે. એનટીરીયા ફરાનટલને ચાર ખુણા છે તેને ઈંગ્રેજીમાં લોઝીંઝ શેપ કહે છે. તે ફરેનટલ અને પરાઇટલ એ બેની વચમાં છે. હવે પોસ્ટીરીયા ફરાનટલ ત્રણ ખુણાનું છે તેને ટ્રાંયંગ્યુલર કહેછે. તે પાછલી બાજુમાં છે. જ્યારે તમે એક્ષામીનેશન કરશો ત્યારે તમોને સેજીટલ કરોનલ લોનજીટયુડીનલ તમારી આંગળીને લાગશે. જ્યારે છોકરૂં પેદા થવાનો વખત હોય ત્યારે આપણે તપાસ કરીએ ને પોસટીરીયા ફરાનટલ આપણા હાથને લાગે તો છોકરૂં જલદી પેદા થશે. અને જ્યારે એનટીરીયા ફરાંનટલ હાથ આવે તો તે બહુ ખરાબ છે. મેકની ઝમ ઓફ લેબર એટલે પહેલું માથું આવે છે. સો કેશમાંથી ૯૫ કેશમાં માથાં પહેલાં આવે છે. માથું પહેલું આવે તો તેને ઇઝીલેબર કહેછે. (ઇઝીલેબર ઘણો સારો છે.)

વરટીકસપ્રઝનટેશન–બચ્ચાના માથાની પાછલી બાજુની હાડી જે ખોચીની તેને બેસ કહે છે. તે એક્ષામીનેશન કરતાં હાથમાં આવે છે તેને વરટીક્સ કહે છે. બચ્ચાના માથાની હાડી નરમ છે. અને જ્યા હાડી જોડવાની નીશાન છે તેને સુચર કહે છે. જણુતી વખત એ નરમ હાડીઓ દબે છે ત્યારે માથું જલદી આવે છે જ્યારે બાલક માના પેટમાં હોય છે ત્યારે માથુ મોટું હોય છે. પણ જણુતી વખત દબાયછે. (બ્રેઇન્સ) જે તાળવામાં નરમ નરમ મગજ રહે છે તે અકલનો છે અને પાછળ ખોચી તરફ જે રહે છે તે દમ લેવાનો છે તેને બ્રીધીંક કહે છે. બચ્ચાની હાડીનું માપ (૧) ઓક્ષીપીટલમેંટલ. ઇં. ૫ ક. ૧--૨ ઈં. ૫ ક. ૨ અને હાફ એટલું માપ ઓક્ષીપીટલનું છે. (૨) ઓક્ષીપીટલ ફરાનટલ ૪ાા અથવા ૫ ઇંચ (૩) સબ ઓક્ષીપીટલ બ્રેકગ ફ્રેન્ટલ ૩ા થી ૩ ઇન્ચીઝ ૨ કવાટર. (૪) બાઇપરાઇટલ ૩ાા અથવા ૪ ઇંચ. (૫) ફરાન્ટોમેટલ ૩ા ઇન્ચીઝ અને ૨ કવારટર હોયછે ફંડસની ઉપરની બાજુ મોટી છે તેથી છોકરાની પગની બાજુ ફંડસ તરફ એટલે ઉપર રહે છે અને માથું નીચું રહે છે. (બટક્સ–કુલા) છોકરી કરતાં છોકરાનું માથું મોટું હોયછે. તેથી છોકરા ઘણી ખરી વખતે મરી જાય છે અને છોડીઓ જીવેછે. (૧) હેડ પ્રેઝંટ એટલે માથું પહેલું આવે છે. (૨) આર્મ પ્રઝંટ એટલે હાથ પહેલો આવેછે. (૩) બ્રીચપ્રઝેંટ એટલે બટક પહેલી આવેછે. (બટક–કુલા) કોઈ વખતે ફીટ પ્રઝંટ એટલે પગ પહેલા આવેછે. ગર્ભથી ઓરતનું યુટરસ હમેશાં કંટ્રાકશન થાય છે અને જ્યારે કંટ્રાકશન થાય છે ત્યારે પેટ સખત થાય છે અને નથી થતું ત્યારે પેટ નરમ પડે છે.

યુટરસ કંટરાકશનથી એટલે તેના દરદથી બચ્ચું જલદી આવે છે. જ્યારે નવ મહિના થાય છે ત્યારે યુટરસ કંટ્રાકશન થાય છે. અને જણવાનું દરદ

કમરેમાં, પગમાં ને પેટમાં આવે છે અને એકલુ પેટમાં દુખેછે તે ખાલીછે. (જુઠ્ઠું) તેને ઇંગરેજીમાં ફોલ્સ કહેછે. અને સાચુ કહેછે. દુ પેઇનમાં વેઝાયનાની ઓસનું મોં ઉઘડેછે અને ફોલ્સમાં ઓસ ઉઘડતી નથી. અને જ્યારે યુટરસ કંટરાકશન થાયછે ત્યારે બાળક અવતરે છે. નહીતો અવતરે નહીં. જ્યારે યુટરસ કંટરાકશન થાય અને વેણ આવે ત્યારે નીચે સ્ત્રી જોર કરે તો યુટરસને વધારે જોર મળેછે. પણ જો નીચે જોર ના કરે તો યુટરસને વધારે મદદ મળે નહીં. જણુવાનું દરદ પહેલે હલકે હલકે આવે છે. પછી એકદમ પાંચ પાંચ અને છેવટે ત્રણ ત્રણ મીનીટ થી આવે છે. જ્યારે બચ્ચાનું માથું વેઝાયનામાં આવે છે ત્યારે એકદમ દરદ આવે છે. તે ઉપરા ઉપરી દરદ આવે છે. લેબરના ત્રણ સ્ટેઝ છે. (૧) ફર્સ્ટ, (૨) સેકન્ડ, (૩ થર્ડ. પહેલો ઓસ ફુલીડાયલેટેશન થશે.

૧ સ્ટેજ—જ્યારે જણવાનું દરદ અને ઓસ ડાયલેટ થાય ત્યાં સુધી પહેલી સ્ટેજ કહેવાય.

૨ સ્ટેજ—ઓસ ડાયલેટ થયાં પછી બચ્ચું પેદા થાય ત્યાં સુધી.

૩ સ્ટેજ—બચ્ચું પેદા થયાં પછી પ્લેસંટા પડે છે ત્યારબાદ ત્રીજીસ્ટેજ ખલાસ થાય છે. કોઇ વખત જ્યારે બે બચ્ચા હોય છે તે બે બચ્ચાં અવતર્યા પછી ખલાસ થાય છે.

ત્રીજી સ્ટેજમાં સારી હોશીયાર દાઇ હશે તો સારૂં છે. અને છોકરાની લાસ્ટેજમાં દાઇએ ખબરદારી રાખવી જોઇએ. હેડપ્રેઝંટ ટેશનમાં તમને લાગશે કે માથુ કેઇ બાજુ આવેછે વધારે લાંબુ પેહેલવીશમાં ડાયામેટર બ્રીમ મનું ટરાન્સવર્સ છે અને કેવાટીમાં ઓબલીક ડાયામેટર લાંબુ છે. બચ્ચાનું માથું ચાર પ્રોઝેશનમાં ફરેછે. (૧) બ્રીમના ટરાન્સવર્સમાં બચ્ચાનું શીર ફરે છે. ફલેક્ષન રોટેશન, એન્ટીરોટેશન. (૨) પછી કેવાટીના ઓબલીકમાં આવેછે. તમે જ્યારે એક્ષામીન કરો ત્યારે તમને તેના પ્રેઝંટની ઓસ તમને લાગશે. એ પ્રેઝંટ પાર્ટ તમારે સમજવો.

પ્રકરણ ૯ મું

એક અથવા વધારે બચાની વીગત.

પ્રાઇમરીનો અર્થ—પહેલવહીલું,

બાયડી જ્યારે પહેલવહેલી ગર્ભ ધારણ કરેછે ત્યારે બચ્ચાનું માથું પેલ વીસમાં રહે છે. મલટીપલ અથવા મલટીપરા—એક કરતાં વધારે છોકરાં થાય છે. તેને મલટીપરા કહે છે.મલટીપરામાં બચ્ચાનું માથું પેલવીસની ઉપર અને પેલવીસની બહારની બાજુ રહે છે. (નોર્મલ લેબર)

...જણુવાનું દરદ આવેછે ત્યારે બચ્ચાનું માથું ફર્સ્ટ પ્રઝંટેસમાં ...મેકનીઝમ ઓફ લેબર) એનો અર્થ એ કે બચ્ચાનું માથું પેલ... ...ફરે છે ફર્સ્ટમુવ મેનટસ (રીફલેકશન) ઇઝ ફલેકમન માથું છાતી સાથે અડેલું હોય છે. અને પછી માથું નીચે ઉતરે છે ત્યારે ઓસ યુટરી ડાયલેટેડ કહે છે. (૨) સેકન મુવમેંટસ (ડીસ્ટંટ ઉવીથલીવલીંગ) તે માથુ સીધુ નીચે આવે છે. પેરીનીયમ ઉપર આવે છે તેને (રીઝીઝફોરપેરીનીયમ) પાસે આવે છે. (થર્ડ ૩) રોટેશન ધી ઓક્ષીપીટલ ટુ ધી ટયુબ્રાઓસ તરફ કરે છે. ફોર મુવ મેન્ટસ બે છે. એક્ષટરનલ રોટેશન એલારટ એટલે છેલ્લુ છે અને પછી બચ્ચાનું માથું બહાર આવે છે. એક્ષટરનલ મુવમેનટસ એનું લાસ્ટ એટલે છેલ્લું ફરતાં બચ્ચાનું માથું બાહાર આવ્યા પછી માની જમણી બાજુ ફરે છે. (૧) મુવમેનટસ ફલેક્ષનથી (૨) ડીસટન્સ અને લવલીંગ (૩) રોટેશન (૪) કનટ્રેકશન (૫) એક્ષટરનલ રોટેશન. બચ્ચાનું માથું જેવું ફરેછે. તેવું તેનો સોલડર (બાંધો) ફરે છે. ઓક્ષીપીટલ પોસટીરીયાનું સીર ફરતું નથી કારણ છાતીથી માથું દુર છે. તેને વારતે તે આટકી જાય છે. દરદ આવે છે ત્યારે તમે દબાવશો તો તે નીચે જશે. એને તે નાનાક આગળ ગાલ ઉપર બે તરફ બે આંગળી મુકી દબાવશો તો નીચે ઉતરશે. ફેસનો કેશ આવે ત્યારે બાળકને સોજો મોં ઉપર તથા માથા ઉપર આવે છે તેને કયાપીસકસડીના કહે છે. કસડીના જ્યારે માથું સુજેલુ અને નરમ નરમ હોય ત્યારે જાણવું કે એ ઓમનો કેશ નથી. એ સોજો ચાર પાંચ દિવસ પછી ઉતરી જાય છે. કદી કદી સ્ત્રી જણે છે. ત્યારે એનટીરીઆ લીપ અંદર ઉતરે છે તો બચ્ચું આવી શકતું નથી માટે દરદ આવ્યા અગાડી વેઝાયનાની લીપસ બે આંગળી નાખીને તેને કઢાવવી.

જો નકકી કટાવો તો જલદી સીર નહી આવે. (૧) ફર્સ્ટ પરેઝંન્ટ ટેશનમાં રાઇટ ઓબલીકડા યામેટરમાં માથુ ઉતરે છે. ઉવીથ ઓક્ષીપીટલ લેફટ એમેનન્સ એન્ડ–અને જમણા સેક્રોઈલીયાક જોઇન્ટથી તે ડાબા ઓક્ષીપીટલ એમેનન્સ સાથે ઉતરે છે.

સેકન પ્રેઝંટેશન–શંકન્ડ પ્રજેશન (૧) ધી ઓક્ષીપીટલ ધઝટને રાઇટ એમેનન્સ ફોર આ ટુ લેફટ સેકરોઈલીયાક જોઇન્ટ (ફોરે ટુ લેફટ સેકરોલીયાક જોઇન્ટ) ફોરેટુ–સામાની બાજુ જ્યારે બચ્ચુ પેદા થાય છે, ત્યારે બચ્ચુ માની ડાવી બાજુ ફરેછે. (૨) પ્રજેશનમાં ડાવી બાજુ ફરેછે. (૩) થર્ડમાં પ્રજેશનમાં ધી ઓક્ષીપીટલ રાઇટ સેકરોઈલીયાક જોઇન્ટસ તે ફરેછે. ફોર હેડથી તેડાબી એમીનન્સ સુધી. (૪) થે પ્રેઝંન્સમાં ઓક્ષીપીટલ ઇઝટને ટુ લેફટ સેકરો ઇલીયાટ જોઇન્ટસ, એન્ડ ફોરહેડ ટુરાઇટ એમેનન્સ. ફોરાહેડ–સામીની બાજુ.

ડોરસો પોસ્ટીરીયા માની પીટ તરમ છોકરાની પીઠ. અને માનો મોં તરફ છોકરાનો ચહેરો પેટ તરફ આવે છે. માથુ ઉંચુ ને પગ નીચે એપ્રાણે.

ડોરસો એંનટીરીઆ–માના પેટ તરફ છોકરાની કમર છે. અને માની પીઠ તરફ તેનું મોં રહેછે. ખરકીથમ ઠપુળે અવતરે છે ત્યારે તેના મોં ઉપર પડદો આવે છે તેને કહે છે. (ફન્ડેક્ષ ફીંગર–એક્ષામીનેશન કરવાની આંગળી.) અંગુઠાની પાસેની આંગળી.

પ્રકરણ ૧૦ મું.

છોકરૂં કેવી રીતે એટલે પગથી તથા થાપાથી અને સહેલાઈથી કે મુશ્કેલીથી જન્મે છે તે વીષે.

પેલવીશ પરેઝંનટેશન એટલે બ્રીચ ની ફુટ એટલા ભાગોમાં છોકર આવેછે તેને પેલવીક પ્રેઝંનટેશન કહેછે. હેડ પ્રેજંટટેશના કેસ વધારે આવે છે. અને બ્રીજના કેસ ફકત સો માથાના કેસ હોય તો ૨૦ બ્રીજ આવેછે. ફુટલીંગ.

પેલવીક પ્રેઝંનટેશનમાં કોર્ડ (નાળ)ને નુકશાન થાય છે. અને બાળક આવતાં કોર્ડ માથાની હાડી સાથે દબાય તો બચ્ચાનો જીવ જાય છે. ટવીન–બેબાળક અવતરે ત્યારે પેહેલાનું માથુ આવે છે અને બીજાના કુલા (ગાંડ) બેર આવે છે. બ્રીજ–કુલા.) (હેડ–માથુ) બે બાલક પેટમાં હોય ત્યારે તેઓને ફરતાં ફાવતુ નથી. પણ એક બાળક માના પેલવીશમાં સારી રીતે ફરી શકે છે. બ્રીજ કેસ બાયડીને વાસ્તે સારો નથી. પણ હેડ પ્રેઝનટેશન સારો છે. હેડ પ્રેઝનટેશન પેલ વીસને સારો ખોલે છે. અને મેમરીન ફુટી જતો નથી. પણ બ્રીજ પેઝનટેશન કેશમાં બાળક આવતાં કોર્ડ દબાઈ જાય, તેથી સારો નથી. બ્રીનકેશમાં પગ આવશે તો દાઈ હોશીઆર જોઈએ. જો સારી હશે તો બાળક જીવશે. અને દાઈ હોશીઆર નહી હોય તો બાળકનો જીવ જશે. આપણે સ્ત્રીનાં બાળકનું માથું કયાં છે. તે બે હાથે જરા જરા દાબીને જોવું. જ્યાં કઠણ ગોળો નીચેની બાજુ હાથ આવે તો તે હેડ પ્રેઝનટેસન છે પણ ઉપરની બાજુ જો કઠણ ગોળો હાથ આવે. અને નીચેની બાજુ બધા નરમ અવયવો હાથ આવે. તો જાણવું કે તે બ્રીજ અગર બીજો કેસ હશે. પણ વેઝાયનામાં આંગળી નાંખવી. લેબર વખતે અને પ્રેઝનટેશન આવે તો જાણવો. બીજું બાળક નો ફીટલ હોટ હેડ પ્રેઝંનટે શનમાં પ્યુબીસની ઉપર અને અંબે લાઈકની જરા નીચે ડાબી બાજુએ સાંભળવામાં આવે છે. જ્યારે તમે વેઝાયનામાં આંગળી નાંખશો. તો પ્રેઝંનટેશન પાર્ટ ઉંચોછે. નીચો ઉતર તો નથી. કદી મેમરીજ ઓશટ્રાયલોટ કરવામાં આવેછે. તેમાં મે મરીન જપણ ફરેછે. સરૂમાં ગોળ મેમરીજ આવે એટલે જ્યારે હેડ પ્રેઝંનટેશન

...તેમાં મોળ મેમરીજ આવે છે. અને ગાંઉમેર એટલે બીજ ...ણો મેમરીજ આવેછે. અને તે પાતળો મેમરીજ આવે છે. તે મેમરીજ એવો આવે છે. તેને મોલ પ્રેઝંનટેશન કહે છે. મોલ પ્રેઝંનટેશનમાં હાથ પગ પહેલા આવે છે. અને તેમાં મેમરીજ પાતળો આવેછે. તે ફુટ પ્રેઝંનટેશનમાં મેમરીજ બહુલાં બો અને આંગળી જેવો પાતળો ઉતરે છે. બીજ પ્રેઝંનટેશનમાં ના કેસમાં. વેઝાયનામાં આંગળી નાંખશો. તો એનસ, કોકસીકસ, છોકરી હશે તો વલવો ને છોકરો હશે તો સ્ક્રોટમ મળશે. અને નરમ નરમ લાગશે ત્યારે જાણવું કે આબીજનો કેશ છે.

ઓસ સારી ડાયલેટ હશે તો, એનસા કોકસીકસ, સ્ક્રોટમ વીગેરે મળશે. બ્રીજ કેસમાં કોઇ વખત બાળકનો ઝાડો હાથમાં આવે છે. તેને મેકોનીયમ કહે છે. કોઈ વખતે ભુલથી ફેસનો કેસ હોય તો બ્રીજ અને બ્રીજનો કેસ હોય તો. ફેસ એવી ભુલ થાય છે. માટે દાઇ એસારૂ તપાસવુ જોઇએ. કારણ મોંની ફાડ પહેલી આવેછે. અને તે બ્રીજ માફક લાગેછે. હાથ પ્રેઝંનટેશનમાં આંગળીઓ ચડા ઉતારીછે. અને તે ચઢા ઉતરી મળશે. અને હાથ પાતળો હોય છે. પણ ફુટ પ્રેઝંનટેશન પગનાં આંગળીઓ એકલાઇનમાં છે એટલે બધી સરખી છે. અને આંગળી ઓ છે તેને પોઝ કહે છે. હાથ કરતાં પગ જાડા હોય્ય છે. અને બીજ પ્રેઝંનટેશનના ચાર પ્રેઝંનટશ છે.

ટુડોરસસો એનટીરીયા અને ટુ ડોરસો પોન્ટીરીયા.

રાઇટ બટક લેફ્ટ સેકાઇલીયાક જોઇન્ટસ. અને લેફ્ટ બટક રાઇટ એમેનંન્સ અને લેફ્ટ ઓબલીક ડાયા મટેર.

(૧) પ્રઝેશન ડોરસો ઇનટીરીયા સક્રેમ ટુ ધી લફ્ટ એમેનંન્સ—અને બટક રાઇટ ઓબલીક ડયામેટર.

લેફ્ટ બટક રાઇટ સેક્રોઇલીયાક જોઇન્ટ અને રાઇટ બટક લેફ્ડ એમેનંન્સ—થર્ડ પ્રઝેશન ડોરસો પોસ્ટીરીયા. લેફ્ટ બટક ટુ ધી લેફ્ટ સેક્રોઇલીયાક જોઇન્સ ટુ ધી રાઇટ એમેનન્સ સામીની બાજુ લેફ્ટ ડાયામેટરમાં છે. ફોર પ્રઝેશન ધી રાઇટ બટક ટુ ધી રાઇટ સેકરોઇલીયાક જોઇન્ટ અને લેફ્ટ બટક ટુ ધી લેફ્ટ એમેનન્સ બ્રીજ કેસમાં મેમરીજ હાથે રપચર કરવો નહીં એટલે ફોડવો નહીં. કોઇ વખત તે હાથે ફુટેછે. તે પોતાની મેળે ફુટી જાય તો આપણો ઇલાજ નહીં. પણ હાથે કરી ફોડવો નહી બ્રીજ કેસમાં મેમરીજ હાથે રપચર થાય છે. ત્યારે પાણી નળની માફક ચાલ્યુ જાય છે. કારણ પેલવીસમાં બરાબર બીચ બેસતો નથી. બ્રીજ પેલવીસમાં અદુકડો રહેછે. તેથી પાણી ચાલ્યુ જાયછે. અને હેડ પ્રઝેશનમાં પાણી ચાલ્યુ જતું નથી. કારણ છોકરાનું માથુ બરાબર પેલવીસમાં પેસે છે. અને રાઇટ બાજુ બચ્ચાની પેટી ટયુબીસની આંચપાસે આવે છે. લેફ્ટ હીપ ટુ ધી પેરીનીયુમ. (હીપ—બટક) બ્રીજ નીકળે તે વખતે માને અને બચ્ચાને ડર નથી. કારણ

કે કદી બ્રીચ કેસ આવતાં કાંઈ વચમાં આવેતો ગડી કે
મુકવી. એટલે સેક્રમ તરફ હળવેથી કોઈને ધકીલી દેવો.
દરેક આવેતો (આગ-શરીર.) શરીર ઉતરી જશે. અને
રહી જાય તો, અને પુટરસના જોરથી શરીર નીકળ્યું. અને આંગ આવ્યા પછી માથુ અટક્યું. આકસી પીટલ ટયુબીની સાથે અને મોં પેરીનીયમ ઉપર છે. બ્રીજ કેસ આવે ત્યારે હાથ પુટરસ ઉપર રાખવો એટલે જલદી બાળક અવતરશે. અને કાંઇ પકડાશે નહીં અનફ્લેક્ષ એટસે. તેનું મોં ગરદન ઉપર એટલે બારડા તરફ ખેં ચાઈ જાય છે અને તેમ ખેંચાવાથી તેનુ મોં ફંડસની બાજુફરી જાયછે. બ્રીજ કેસમાંબાળકને કદી ખેંચવું નહીં જો ખેંચશો તો નક્કી તેનુ મોંહુ ફંડસ તરફ ઉપર થઇ જશે.

મેલપ્રેઝંટેશન એટલે જે સીધું નહી હોય એટલે બરાબર તેના જે અવયવો આવવાના છે તે નહી આવતાં બીજા ભાગો આવે તેને કહે છે. અને જ્યારે એવા વાંકા ભાગો થઇ જાય છે. ત્યારે બાળક મરી જાય છે. જ્યારે એવો વાંકો કેસ હોય ત્યારે તમારો હાથ ટયુબીસ ઉપર દબાવવો. ટયુબીની આંચ ઉપર હાથનું જોર રાખવું એટલે જલદી માથું નીકળશે. ઇનફ્લેશન હોય તો આપણા ડાબા હાથ ઉપર બચ્ચું લેવું. અને ડાબા ડાબા હાથની બે આંગળીઓ તેના નાક આગળ ગલ ઉપર મુકવી અને જમણા હાથની બે આંગળીઓ ઓક્ષીપીટલ તરફ રાખવી અને હલકે રહી ટયુબીની આંચ પાસેથી તેને માથું બરોડી કાઢી લેવું. કહાડતાં પહેલાં સ્ત્રીને નીચે કરાં જવાનું અને બચ્ચું નીકળવાને વધારે જોર મળશે. બચ્ચાનું માથું ઉપર હોય અને તેના હાથ પણ ઉપર માથા લાગી હોય તો કુણીમાં આપણી આંગળીઓ નાખવી અને બચ્ચાના નામો ઉપરથી હલકે રહી હાથ ઉપાડી લેવો એકદમ ખેંચવો નહીં નીકર ભાગી જાય. બ્રીજ કેસમાં બધુ શરીર નીકળ્યું અને માથું ન નીકળે તો તેથી તે બાળક મરી જાય છે કારણ કે ફેસની હાડી સકત છે. એટલે મોંની હાડી ઘણી સખત છે. બચ્ચાના ઝાડાને મેકોનીયમ કહેછે.

પ્રકરણ ૧૧ મું.

બાળકને અંદર તપાસવા વીષે.

ફેસ પ્રેઝંનટેશન ઓર વેરીઅન કોમન

ઘણા સ્ત્રાવ શિવાય આ કેસ ઘડી ઘડી નથી આવતાં અને તે ફેસ એટલે મોં તરફ કેસ આવે છે તે માલમ પડતુ નથી. પણ ઘણું કરીને પેલવીસ ડીફાર્મ એટલે વાંકો પેલવીસ હોય છે. ત્યારે એમ વાંકા બાળક આવે છે, અને જ્યારે ફેસ પ્રઝંનટેશન કેસ હશે ત્યારે તમેં વેઝાયનામાં આંગળી નાખી એક્ષામીનેશન કરસો તો તમોને ફોરહેડ કપાળના ભાગ આંગળીને

...તમે ભુલથી જાણુશો. કે તે ઓક્ષીપીટલ છે પણુ બરાબર એ-...ર્યુ. કારણુ હળવેથી વધારે આગળ તપાસશો તો બાળકની આંખોના ખાડા. ઓપટેસ અને નાક મોથ (મોનાજડબા અપરજો-ઉપરનુ જડબુ અને લોજો એટલે નીચેનુ જડબુએ વીગેરે તમારા હાથને લાગશે. જ્યારે સ્ત્રી પાતળી હશે. અને તેના પેટ ઉપર ચરબી નહી હોય તો તમે એ હાથથી બહારથી તપાસશો તો બાળકનું માથું નીચેની બાજુએ તમારા હાથમાં આવશે. આંખોને ઓબેટસ ઓપ્ ધી આઇઝ કહે છે. (ચીકસ—ગાલને સોજો આવે છે.) તેથી તે આપણુા હાથને બટક (કુલા) ની માફક લાગે છે. અને બાળક નામોની ફાડને જાણસો કે એનસ છે. વાંકાં કેશ સુજે છે અને સોજો આવે છે. તેને કયા સરટીનેટમ્ડીના કહે છે. તમાં વેઝાયનામાં એક્ષામીનેશન કરો અને તમને માલમ પડે કે આ ફેસ પ્રઝંટેશન છે. ત્યારે તમારે ડાકતરની મદદ લેવી. કારણુ એકલું કરવું ઘણું મુસકેલી ભરેલુ છે. અને ડાકતરને તે ફેસ જાણે છે. કે આ કેશ મોંથી નહી આવે તો ફેરવીને તેના પગ કાઢી પછી બાળકનું આંગ કાઢે છે. તે બીજ કેસથી પછી જે ફેસ મઝનટસના ચાર પ્રઝનટસ છે. (૧) ફર્સ્ટ પ્રઝનટસમાં મેટો પોસટીરીયા (મેટો—ચીન—દાઢી તે પછાડી જાય છે. (૧) મેંટો પોસટીરીયા ચીન પોઇંટ ટુ ધી રાઇટ સેક્રોઈલીયાક જોઇન્ટ અને ફોરહેડ લેફ્ટ એમેનન્સ (૨) સેકન્ડ પ્રેઝન્સસ મેટો પોસ્ટીરીયાચીન પોઇન્ટસ ટુ લેફ્ટ સેકરો ઇલીયાક જોઇન્ટ અને ફોર ટુ રાઈટ એમેનંન્સ (૩) મઝેશન મેટો એનટીરીયા ચીન પોઈન્ટસ લેફ્ટ એમેનન્સ અને ફોરહેડ ટુ રાઇટ સેકરો ઇલીયાક જોઇન્ટસ (૪) ફોર્થ મઝનટસ મેટો એનટીરીયા ચીફ પોઇન્ટસ ટુ રાઇટ એમેનન્સ અને ફોરહેડ પોઇન્ટસ ટુ ધી લેફ્ટ સેક્રોઇલીયાક જોઇન્ટસ,

જ્યારે તમે ફેસ પ્રઝેન્સમાં એક્ષામીનેશન કરો ત્યારે બહુ સંભાળથી તપાસવું. નીકર બાળકની આંખ ફુટી જાય માટે ઉતાવળ કરવી નહી ફેસ પ્રઝનટેશન મુવ મેન્ટસ—હાલચાલ (૫) છે (૧) ઇંચ ઇકટેનશન (૨) ડીસેન્ટ ઓફ ધી ચીન પેરીનીયમ ઉપર જાતાં (૩) થર્ડ રોટેશન ઓફ ધી ચીન. આ કોઇ વખત ઠીટસ થઇ જાય છે એટલે અટકી જાયછે (૪) ફોર્થ મુવ મેન્ટસ ઇઝ ફ્લેકશન (૫) રોટેશન ઓફ ધી શોલ્ડર ઘણું કરીને જમણાખભા તરફ ફરે છે. બહુ કરીને આવા કેશમાં જણુવાને વાર લાગે છે. તે ભારી કેશ છે. તેમાં બાયડીને છોકરાંને વાસ્તે આ કેશ ખરાબ છે અને છોકરૂં મરી જાય છે. બચ્ચાનું ગળુ એક્ટેનશન થાય છે. એટલે નેક સાથે હેડ ચોંટી જાય છે ને બાળકનું માથું ખોચી તરફ જાય છે. અને કોઈ વખત ચીન રોટેશન કરતી નથી અને ફોરહેડ ટયુબીની આમ નીચે અટકી જાય છે. અને ફોરહેડ અટકે છે.ત્યારે ફોરહેડને શોલ્ડર સાથે આવે છે.

પ્રકરણ ૧૨ મું

પ્રસુતી વખતે બાળકનુ રક્ષણ કરી કેવી રીતે રસ્તાપર લાવવું.

પ્રોલેપસીસ ઓફ ધી કાર્ડ એટલે કોર્ડ પહેલો વેઝાયનામાં આવે છે. પ્રોલેપસીસ કાર્ડ ડીફાર્મેડ પેલવીસથી આવે છે અને જ્યારે કાર્ડ આવે છે ત્યારે તમારા હાથને ચીકણું લાગશે. જયારે તમે એક્ષામીનેશન કરશો ત્યારે અને કાર્ડ જ્યારે પહેલો આવે છે. તેના ચાન્શ જાણવાના કેપલ્સ લાગે છે. કાર્ડ પ્રેઝંનટેશન બચાને બહુ ખરાબ છે. કારણ બાળક મરી જાય છે. અને કાર્ડને હાથ લગાડશો. અને તેનાં પલ્સ નથી લાગતાં તો જાણવું કે બાળક મરી ગયુછે. માટે તે જેવી રીતે આવે તેવી રીતે આવવા દેવું. કોર્ડના પલ્સ ચાલે છે. તો બાળક જીવે છે અને જ્યારે બાળક જીવે છે. ત્યારે બાળકને સીધુ કરવા માટે બાયડીને જાણવાનું દરદ જે વખત વણેના આવતી હોય તે વખતની અને એલગો પ્રેઝનટન્સમાં નાખવી. એટલે ઘોડાની પેઠે એકુણી અને ઢીચણ નીચે મુકાવીને સુવાંડવી એટલે કોર્ડ પાછો હટસે. એવું થવાનું કારણ લાયકોર એમોનીયા પાણી વધારે હોય તો પણ થાય છે અને વેણ આવે તે વખત અવળોની માંફક ઓરતને નાંખવી નહી. દરદ ગયા પછી નાંખવી. કોઇ વખત યુટરમાં કાંઇ દરદ હોય છે ત્યારે પેટનાં આંતરડાં નીકળે છે. માટે સંભાળીને પલ્સ લેવા. ઓસડાયલેટ છે તો બચાને મેમરીજ રપચર કરી કાર્ડ હડાવી બચાને કાઢવુ. પહેલે; કાર્ડ હડાવી મેમરીજ રપચર કરવો. કોર્ડ પ્રેઝેશનમાં ડાકતરને બોલાવવો. એકલુ મીડવાઇફે માથે કામ લેવું નહીં. હેમરેજસ એકથી વધારે છોકરાવાળીને થાય છે. હેમરેજ

હેમરેજ બી ફોર ડીલીવરી એક્સીડેનટલ એક્ષટરનલ ઇનટરનલ, કનસીલ.

હેમરેજ બી ફોર ડીલીવરી અન ડીવાયડેબલ પ્લેસંટા પીવાયા હેમરેજ બે ભાગમાં માંડીવાઇડ કર્યાં છે. હેમરીજ બીફોર ડીલીવરી એટલે જણવાના અગાડી હેમરીજ થાય છે. એટલે લોહી જાય છે. અને બીજો હેમરીજ આફટર ડીલીવરી એટલે જણ્યા પછી અને તેના સબડીવાઇડ (૪) છે. સબડીવાઇડ વીધીન ઇનટુ એક્ષટરનલ એટલે બહાર ખુન આવે છે અને તે આપણે જોઇ શકીએ છીએ. (૪) ઇનટરનલ કનસીલ એટલે અંદરની બાજુ તમે જોઇ શકતાં નથી. બીજો અનડીવાયડેબલ પ્લેશંટા પ્રીવીયા. એક્ષીડેનટલ હેમરેજ કદી પ્લેસંટા છુટી જાય છે. ત્યારે અંદરથી લોહી આવે છે. કોઇ વખત આવું દરદ જણ્યાની અગાડી આવે છે એને એક્ષીડેનટલ હેમરેજ કહેછે તે જણ્યાના પેહેલા આવે છે. ત્યારે પેટમાં દરદ આવે છે અને લેબર પેન આવે છે. જણવું વખતે જણ્યા પછી હેમરેજ આવશે. અને લોહી

ટલ કનસીલ હેમેરેજમાંથી કંઇ લોહી નીકળતું નથી પણ તે ...વાલે છે. બહાર વધારે કંઇ દેખાતું નથી. એક્ષીડેનટલ કન-...રેજના સીમટમસપેટ બહુ દુખે છે. તેનો ચેહેરો અને આંખો સફે દેખાય છ. તેના શરીરમાં લોહી નથી. બીજી સીમટયસ કેયુટરસ રપચર થયુ હોય એટલે ટુટી ગયું હોય એ એમાંથી એક રોગ છે. તેને એક્ષીડેનટલ કનસીલ કહે છે. (ટ્રીટમેન્ટ–શુ ઇલાજ કરવુ) એક્ષીડેનટલ હેમેરેજ થયો હોય અને જણુવાનું દરદ ન આવતું હોય તો પેટ ઉપર બેંન ડેજ નાઓ, ઓસનુ મોંનથી ઉગડતુ તોપ્લગ નાખો. વેઝાયનામાં અનડીવા-યડેબલ પ્લેશંટા પ્રીવીયા. પ્લેશંટા પ્રીવીયાઓસ ઉપર અડધો અથવા પા હોય તો પાર્ટસલ પ્લેશંટા પ્રીવીયા કહે છે. અને બધીઓશ ઉપર આવે છે તેને કંપલીટ પ્લેશંટા પ્રીવીયા કહે છે.

અને તે અરધો હોય અને તેઓશ ડાયલેટ કરતાં જ્યારે પ્લેશંટા ફુટે છે. અને પ્લેશંટાને ઘણું લોહી જાય છે કોઇ વખત સાત પાંચ મહીને આઠ મહીને ઘણું કરીને પ્લેસંટા પ્રીવીયા થાય છે. જ્યારે બધુ નીકળી જશે ત્યારે દાઇએ બધુ સંભાળવું અને સંભાળીને કામ કરશે તો કાંઇ ડર નથી.

.પ્લેસંટા પ્રીવીયા ફર્સ્ટ પ્રેગનંસીમાંથી એટલે એક બચાવાળીને નથી થતો. પણ બહુ છોકરાવાળીને પ્લેસંટા પ્રીવીયા થાય છે. તમે વેઝાયનામાંથી એક્ષામીનેશન કરશો તો તમારા હાથને પ્લેસંટા નરમ નરમ લ ગસે. અને મેમરીજ ફાટી ગયો હશે. તો તમારા હાથને લોહી આવશે. અને નહી ફાટી જાય તો પણ લોહી વહે છે એટલે આવે છે. કોઈ વખત બાયડીને સાત મહિના પેટથી હોય અને લોહી બહુ જાય તો તમારે જાણવું કે તેપ્લેશંટા પ્રીવીયાછે કે શું. ત્યારે તમારે ડાકતરને બોલાવવો. તમારે હાથે ઇલાજ કરવો નહીં. તમે તેને લેબર આવવાને લેબર ચલાવવો. તેને કુનાઇન ગ્રેન ૧૫ આપવી. અને કારબોલીક લોશન અને ગરમ પાણીથી પ્લગ પલાળવા. અને તે ન હોય તો વેઝેલીનમાં પલાડવાં અને પછી ઓસડાયલેટ કરવા. વેઝા-યનામાં પ્લગ ભરવાં. પેટને યુટરસ ઉપર ચાલ્યું ન જાય માટે પેટે બેનડેજ કરવું બહુ કમ જોર હોય તો તેને ૮ ઇતાન (૧૫–ઇતલ પંદર મીનીમ આપવી) સ્પીરીટ એમોનીયા ાા ડ્રામ અને પાણી એક ઔંસ આપવો. તમારાં પાસે સ્પીરીટ એમોનીઆ ન હોય તો ાા ઔંસ બ્રાંનડી અને બહુ તેજ બ્રાંડી હોય તો બે ઔંસ પાણી ને થોડી સ્ટ્રોંગ હોય તો ૧ ઔંસ પાણી નાખવું એવા કેશ માં કોઈ વખત પગની નીકળે છે. અને એવા કેશમાં બાળક મરી ગએલુ આવે છે. તમે વેઝાયનામાં એક્ષામીનેશનમાં કરો અને તમારા હાથને પ્લેશ-ટા લાગે તો તમારે તે બાયડીના ઘરનાને કહેવું કે ડાકતરને બોલાવો. કારણ તમે કરી શકતાં નથી. તેનો ઉપાય જલદી કરવો નીકર પ્લેશંટા પ્રીવીયા-માંથી બહુ લોહી જશે. એવો કેશ જલદી કરવો નીકર ઘણું ખુન જશે. પોસ્ટ પાર્ટ હેમેરેજ ડીલીવરી પછી થાય છે. પોસ્ટ પાર્ટ હેમેરેજ જણ્યા

પછી થાય છે. અને કોઈ વખત પ્લેશંટાનો ટુકડો અંદર
તો પેરટ પાર્ટ હેમેરેજ થાય છે. અને બહુ ખુન જાય છે.
કંટ્રાકશન નથી થતું ત્યારે પણ હેમેરેજ આવે છે. તમારે
વેઝાયનામાં ઘાલવી અને યુટરસમાંથી પ્લેશંટાનો ટુકડો હળવે રહીને કાઢવો.
નખ વાગે નહી એવી રીતે કાઢવો અને યુટરસને કાંઇ નુકશાન થાય છે તમારે
હોટ (ગરમ) પાણીથી ડુશ દેવો અને યુટરસ ઉપર હાથ રાખવો કે પાણી
અંદર જાય નહી. તમે અરગોટ એક ડ્રામ અને એક ઔંસ તેમાં પાણી
નાંખવું.

અરગોટ ડ્રામ ૧.
કુનાઇન ગ્રેન ૧૦ અગર ૧૫.
ટીંકચર ઓપીયમ ડ્રોપ ૫.
પાણી ઔંસ ૧ નહી તો કુનાઇન. મીક્ષર.

સાથે આપવુ. પ્લેશંટા તમે બહાર કાઢો તો પેશંટને તકીઓ માથા
તળેના આપવો અને પગની બાજુ પાયા તરફ ઉંચો ખાટલો રાખવો
અને માથા તરફ નીચું રાખવું. આટલું કર્યા છતાં હેમેરેજ બંધ થતો
નથી. માટે પેશન્ટનુમો સફેદ દેખાય છે. પ્લેશંટા પ્રીવીયામાં બાળકને
તથા માને બેને બીક છે. કારણ બાયડીના આંગમાંથી લોહી જાય છે.
તો તે મરી જાય. બાળકને જોવા કે તે દમ લેવા શકતુ નથી. કારણ
બહુ લોહી જતું રહે છે. અને તેથી બાળકને લોહી નથી મળતુ. તેને
સંભાળવું. અને બ્રાંડીને દુધ માને પીવા આપવું પ્લેશંટા પ્રીવીયા એક્ષા
મીનેશન કરતાં તો તે પાછળ પ્રીવીયા અને એક બાજુ ઓશ અને બીજી
બાજુ મેમરેજ લાગશે. એક્ષીડંટલ હેમેરેજ ઓરત કાંઇ ભારે સામાન
ઉઠાવે અથવા ધક્કો લાત વાગે તો એક્ષીડંટલ મેમેરેજ થાય છે અને વેઝા
યનાંમાંથી લોહી બહાર નીકળે છે. પેટમાં બહુ દરદ આવે છે. અને
લોહી પ્લેશંટા તરફથી નીકળે છે. ત્યારે શીકને ફરવા દેવું નહી. ખાટ
ઉપર સુવાડી મુકવું.

પ્રકરણ ૧૩ મું.

લોહીવા થવા વીષે.

લેબરમાં બે એક્ષીડંટલ છે. (૧) હુલુ કોઇ વખત યુટરસ રપચર
જાય છે. જેને વધારે છોકરા થાય છે તેનું યુટરસ રપચર થાય છે. યુટ-
રસ મલટીપરાંમાં રપચર છે પ્રાયમરીમાં થતું નથી અને ટીપ્રાર્મ પેલવીસમાં
પણ યુટરસ રપચર થાય છે. અને યુટરસ રપચર થાય છે તે માને અને
છોકરાને ખરાબ છે, અને એવું થાય તો બાયડીનો જીવ બચાવાને ડાકતર
બોલાવવો. અને જ્યારે યુટરસ રપચર થાય ત્યારે બાયડી મડી જાય છે.

ચર થાય તો પેટ કાપી બાળક કાઢવુ પડે છે. બીજુ એકી-વખત ઉપરના બાજુથી (પ્રેશર) વજન પડે છે. ત્યારે ઓસ ઉ ...ર્ગ. એકદમ યુટરસ ફાટે છે. બચાના જોરથી યુટરસ ફાટે છે. કદી છોકરૂં અવતર્યું અને ઓરના નીકળી તો નાળ ખેંચી કદી પ્લેશંટો કાઢવો નહી. કારણ કોઈ વખત યુટરસ ઉંધુ ફરી જશે. અને વખતે યુટરસ બહાર આંવશે અને પ્લેશંટો જયારે ફંડસથી છુટશે ત્યારે નીકળશે. અને તેમ થોડીવાર જાતાં ના નીકળે તો પેટ જોરથી દબાવવું. યુટરસ આગળથી પેઢુની બાજુ બહુ કરીને જણ્યા પછી અરધા ઘંટા પછી પ્લેસંટો એની મેળે નીકળશે. કોઈ વખત એનટીરીયા વીઝાયના વોલ નીચે ઉતરે છે. તે બાળકનું માથુ અટકી રહે છે. જયારે એમ થાય ત્યારે વેઝાયનાવોલ પ્રોલેસ કરવી, (પોલશ કરવુ ઉહાવવું.

તમે જ્યારે બાળકનું માથુ પેરીનીપમ ઉપર આવે ત્યારે બાયડીને નીચે જોર કરવા કહેવું. નીકર ખાલી દરદ વગર અને માથુ નીચે આવ્યા વગર બાયડીને નીચે જોર કરવાનું કહેવાથી વેઝાયના વોલ નાચે ઉતરે છે. તે એનટીરીયા વોલ વીઝાયના નીચે ઉતરે છે.

જો તમે બાયડીને જણતી વખત બરાબર કામ કરશો તો વેઝાયના વોલ નીચે નહી ઉતરે. અને સારૂં કામ નહી કરો તો જરૂર કોઇ વખત વેઝાયના વોલ નીચે ઉતરે છે. જો પ્લેસંટો જલદી ન નીકળે તો અરધા કલાક સુધી રાહ જોવી. અને અરધાં ઘંટામાં પણ ના નીકળે તો બે કલાક રાહ જોવી. અને બહારથી પેટ દબાવવું. એટલે યુટરસ ઉપર જોર રાખવું. અને તમને પ્લેશંટો કાઢતાં આવડે તો વેઝાયનામાં વેઝેલીનવાળો હાથ ઘાલી ઓર કાઢવી ને ન કાઢતા આવડે તો ડાકતર બોલાવવો. તમને ન આવડે તો તે કામ કરવું. નહી પ્લેશંટો અંદર હોય અને પેશન્ટને લોહી જાય તો જલદી પ્લેસંટો કાઢવો પણ અંદર રહેવા નહી દેવો.

પ્રોલોંગ ઓફ ધી લેબર એટલે કોઇ વખતે સ્ત્રી તરફ છે અને સોફટ પાર્ટ છે અને બીજો બોની પાર્ટ છે કોઇ વખત બાળક તરફથી પ્રોલોંગલેબર થાય છે. એટલે બાળકનું માથું કોઇ કેસમાં બહુ મોટુ હોય છે, તેથી તે નીકળી શકતું નથી. સેકન એટલે બીજુ એ છે કે યુટરસ એકટીવ બરાબર કામ નથી કરતું. તેને વાસ્તે પ્રાલોંગ લેબર થાય છે.

સ્ત્રીરોગની અંદર સ્ત્રીના વ્યાધીઓ તથા પ્રજોત્પતિ સ્થાનનો સમાવેશ થએલો છે. આ વ્યાધીઓની પરિક્ષાને માટે ઘણું કરીને તે ભાગો નજરે જોવાની જરૂર પડે છે.

આ પ્રમાણે જ્યારે જોવાની જરૂર પડે ત્યારે તે સ્ત્રીને ડાબે પાસે સુવાડીને તપાસ કરવો. પરંતુ જે રોગ તેની અંદરના ભાગમાં હોય તેનો તપાસ બે રીતે થાય છે. એકતો ફકત તર્જની પ્રવેશથી તથા બીજો દર્શક યંત્રથી થાય છે.

તર્જની પ્રવેશ ઉપર કહ્યા પ્રમાણે તે સ્ત્રીને ડાબે પાસે સુવાડી વસ્ત્ર ઓઢાડી બે આંગળીને તેલ લગાડી યોનીમાં દાખલ કરવી. તેથી કરીને અંદરની દરેક બાજુ કમળને સ્પર્શ કરીને તપાસવું. જેથી કરીને કોઇ બાજુએ સોજો તથા કઠણુતા તથા નરમાશ ઇતીયાદી. વ્યાધિઓ માલમ પડી આવશે.

દર્શકયંત્ર પરિક્ષા તે યંત્ર ૪ જાતના છે.

આ હથીઆરોવડે યોની ભાગ અને કમળ નજરે જોવામાં આવે છે, તે હથીઆરોને ટુંકામાં તેને સ્પેકયુલમ વેઝીનલ કહે છે. આ ચારમાંનું ગમે તે એક જાતનું હથીઆર (યંત્ર) પ્રવેશ કર્યા પહેલાં તેના બહારના ભાગપર તેલ લગાડવું અને પ્રથમ તર્જની પ્રવેશ કરીને તેને આધારે યંત્ર દાખલ કરવું

યોની રોગ.

યોનીના બહારના ભાગ ઉપર ખરજ આવેછે તેને યોની કડુ કહેછે. અને કોઇવાર ત્યાં બીજા રોગનું પણ ચીન્હ તરીકે હોયછે. અને તેથી કરીને તેની એકંદર તબીએત સારી નથી હોતી. ઘણું કરીને તેનાથી તેની નબળાઇ તથા આજીર્ણ તેને માલમ પડેછે. તે રોગ ગર્ભાશય તથા કમળાના રોગથી સાથે તે માલમ પડેછે. જો મુત્રદ્વારમાં મસ થાય, તો ઘણી ખરજ આવેછે. તથા અર્શ વ્યાધિને લીધે યોની કડુ થાયછે. ઓધાનના દિવસમાં કેટલી વખત સ્ત્રીને દસ્ત બંધ થવાથી, અતિ કડુ થઈ આવેછે. ત્યારે કોઇ સ્ત્રીને થોડી ઘણી ખરજ આવેછે.

ચીન્હ—યોનીના બહારના ભાગમાં ઘણી ખરજ આવે છે, તેથી ખણ્યા વિના રહી શકાતું નથી. ખણવાથી ચામડીના છાલા ઉખડી જાય છે. તેથી બળતરા થાય છે. કોઇવાર એકલી બળતરા થાય છે, આવા ચિન્હ ગરમ ખોરાક ખાધાથી તથા દારૂ પીવાથી વધારે થાય છે. કેટલીક વખત રાતે ઊંગ પણ આવતી નથી. આ ભાગ ઘણું કરીને ખંજોળવાથી લાલ તથા સુંજેલો જણાસે. પણ જો તે ઘણા વખતનો હશે તો સફેદ રંગનો માલમ પડશે.

ઉપાય–તેને હલકો જુલાબ આપવા જેવા કે રૂબાર્બ, મેગનીશીયા ગંધક સોના મુખી તથા સુમારે શેર ૦ાા કાચુ દુધ આપવું. પાચન દવાઓ જેમકે નાઇટ્રોમ્યુરાટીક આસીડ. કરીયાતાની ચાહ સાથે આપવું. લોહ તથા કવીના ઇન કરીયાતાની ચાહ સાથે આપવાં.

ઈનફ્યુઝન ચીરેટા તેને કરીયાતાની ચાહ પણ કહે છે.

કરીયાતું ઝીણું વાટી	૧ ભાગ.
પાણી	૪૦ ભાગ મીક્ષ કરી સુ-

મારે ૧૨ કલાક વાસણમાં ઢાંકી રાખવું ત્યાર બાદ તેનો ડોઝ ૧ થી ૨ આંઉસ સુધી.

ખાધામાં ગરમ પદાર્થની કરી રાખવી. જેમકે ચાહ, કાફી, મરચા, દારૂ કેટલીક ઠંડી દવા લગાડયાથી કદુ મટી જાય છે.

ઉપાય બીજો--(૧) તેના ઉપર સુખડનું તેલ મસલવું તેથી ના મટે તો સુમારે પોણો શેર પાણી લેઇ અરધો આંઉસ લાયકર પમ્લમબી સબએસેટાસ મેલવી તેનાં પોતાં પલાળી મુકવાં. યોનીમાં ઠંડા પાણીની પીચકારી મારવાથી આરામ માલમ પડશે, (૨) કારબોલીક લોશન લગાડવાથી કમી થશે. (૩) લીનીમેન્ટ બેલેડોના લીનીમેન્ટ બેલેડોના=ધતુરો બેલેડોના રૂટ ૨૦ આંઉસ કેમ્પર ૧ આંઉસ મીક્ષ કરી તેની અંદર રેકટીફાઇડ સ્પીરીટ નાંખી ૩ દીવસ લાપળી રાખી માટરમાં મેલવી બધુ એકંદર ૩૦ આંઉસ થવું જોઇએ. તથા લીલીનીમેન્ટ એકોનાઇટ બરાબર ભાગ લઇ દિવસમાં બે ચાર વખત લગાડવું.

લીનીમેન્ટ એકોનીટ=વછનાગ.

એકોનાઇટ રૂટ	૨૦ આંઉસ.
કેમ્પર	૧ આંઉસ મીક્ષ કરી

ઉપર પ્રમાણે રેકટીફાઇડ સ્પીરીટ નાખી ઉપર પ્રમાણે કરવું. તેથી આરામ ના થાય તો ઉપાય ૪ થો લેવો.

ડાયલ્યુટ હાઇડ્રોસેનીક આસીડ	૩ ડ્રામ
રેકટીફાઇડ સ્પીરીટ	૧ આંઉસ,
પ્લમબીસમ એસેટાસ	૬ ગ્રેન.
પાણી	૮ આંઉસ. આ બધા-

નું મીક્ષ કરીને તેના પોતા મુકવાં. તેથી ના મટે તો ઉપાય ૫ મો.

બોરાક્ષ ડ્રામ ૨, ગ્લીસેરીના આંઉસ, ૧, સોડા બાય કારબોનેટ ડ્રામ ૨, પાણી આંઉસ ૮ આ સઘલું મીક્ષ કરી તેનાં પોતાં પળાળી મુકવાં. તેથી સારૂ ન થાય. (૬) ઠો ઇલાજ—

ગ્લીસેરીન આંઉસ ૧૧, લીકર મોરફીયા ૧ાાથી ડ્રામ ૨, પાણી આંઉસ ૧૦ આ બધુ મીક્ષ કરીને તેમાં પોતા પલાળી મુકવાં અથવા ધોવું એથી સારૂ ન થાય તો (૭) મો ઈલાજ.

તમાકુ ડ્રામ ૨, ગરમ પાણી શેર ૧.

પાણીમાં તંબાકુ પલાળી ધોવું તથા બદામનું તેલ લગાડવું. તથા ગ્લીસ્રીન તથા ગુલાબનું પાણી સરખે ભાગે લઈ તેલ લગાડવું તથા તે ખુજલી થવાને જે કાંઇ કારણુ માલમ પડે તે દુર કરવાં. ગર્ભાશય નાકેનસર જેવું ના મટે એવુ કારણુ હોય તો બેલોડાની સોગઠી અંદર પહેરવાથી બધુ મટી જશે. સોગઠી વીશે ૪ થા વીષયમાં જોવું.

યોની મુખચંથી.

યોનીના બહારના ભાગમાં કેટલીક જાતની વ્યાધી પેદા થાય છે. કોઇવાર રસોળી થઇ આવે છે. અને આ રસોળી પાકીને તેની અંદર પુરૂ થઇ આવે છે. તેને ફોડવી અથવા કાપી નાંખવી. કોઇવાર ભાગપર મસા થઇ આવે છે. તેને કાપી નાંખવા. અથવા બાળી નાંખવા. કોઇવાર મોટા મસ વધીને ઈંડાથી તે મોટા પપૈયા જેવડાં થાય છે એને કાપી નાંખ્યા શિવાય બીજો ઉપાય નથી.

યોની મુખ વરમ એટલે ઇંગ્રેજીમાં તેને (વલવાઇટીસ) કહે છે. યોનીના બહારના ભાગમાં કોઇ કોઇ વખતે વરમ થઈ આવે છે. તે અતી મૈથુન ઉપદંશ તથા ગંદકીના સબબથી થઈ આવે છે. તેને લીધે થોડો સોજો તથા તે ભાગ રાતો થઈ જાય છે. તથા દુખે છે. વળી પેશાબ કરતાં બળે છે. ઝાંગમાં દુખાવો થાય છે. અને યોનીમાંથી સફેદ સ્રાવ થાય છે. તે વખતે મૈથુન બંધ રાખવો.

ઉપાય—ગરમ પાણીમાં કમર સુધી બેસવું તે પાણીમાં સોડા તથા અફીણનાં ડોડવાં નાંખવાં. તેથી વધારે ફાયદો થશે સુગરલેદ અથવા ફટકડીના પાણીથી ધોવું તથા ગરમ પદારથની ચરી (પરેજી) રાખવી. તેથી ફાયદો ન થાય તો (૮) સેડલીઝ પાઉડર આપવો. નાહાવાને ઠંડુ પાણી ગરમ ખોરાક જેવાં કે બરાંનડી, કાફી બંધ રાખવા.

એથી ફાયદો ના થાય તો (૯) એકોનાઇટ લીનીમેન્ટ ડ્રામ ૨ હાઇડ્રોકલોરીક આસીડ ડ્રામ ૧. અને સાદો મલમ—આંઉસ ૧ માં ત્રણે મીશ્ર કરી લગાડવી તથા કયારોન ઓઇલ આંઉસ ૧.

સીમપલસ મલમ સાદો.

ધોળુ મીણુ	૨ આંઉસ.
ચરબી	૩ આંઉસ.

આલમોન્ડ ઓઇલ—મગફલીનું તેલ ૩ આંઉસ આ પહેલું મીણ ઉનું કરી ઓગલી જયા પછી તેની અંદર તેલ નાખવું પછી ઠંડુ થવાં બાદ ઉપયોગમાં લેવું.

લીકર કાલસીસ.

કલોરાઈડ કાલશીયમ અથવા ચુનો	૮૮ ગ્રેન. ૧ ભાગ.
પાણી	૧ આંઉસ મીલાકરી

હલાવી જયારે જોઇએ ત્યારે ઠરેલું પાણી ઉપયોગમાં લેવું.

કેરોન ઓઇલ.	ચુનાનું પાણી ઠરેલું	૨ આંઉસ.
	મીઠુ તેલ	૨ આંઉસ મીક્ષ

કરી લુગડાથી પલાળી મુકવાના ઉપયોગમાં લેવું. ઘણુ કરીને તે બળ્યા ઉપર વંપરાય છે. (૧૦) એટ્રોપીનો મલમ ડ્રામ ૨ આ મીક્ષ કરી લગાડવું અથવા આયોડાઇડ ઓફલેડ ગરેન ૯૦ (૧૧) સાદો મલમ આંઉસ ૧.

લીનીમેન્ટ બેલેડોના ડ્રામ ૧ આ મીશ્ર કરી ચોપડવું તેથી સારૂં થશે.

ગુદાસ્થિલ સુળ—ઇંગરેજીમાં તેને કોકસી ગોડીનીયા કહે છે.

એક હાડકુ બરડાની નીચે છેલ્લું મુળધ્વારની પાછળ આવેલું છે. તેની અંદર કોઈવાર ધકકો લાગવાથી માર લાગવાથી તથા પડી જવાથી અથવા બીજા કારણોથી તે હાડકાને ઇજા થઇ ચસકો પેદા થાય છે.

તેનાં ચિન્હ ઘણું કરીને તે દરદથી એકજ બાજુ બેસી શકાય છે. અને બેઠા પછી આસ્તેથી ઉભું થઇ શકાય છે. ઘણું કરીને બેસતાં ઉઠતાં ચાલતાં તથા ઝાડે જતાં તેની અંદર પીડા થાય છે. અને મૈથુન સમય દુઃખે છે તથા કોકસીકસપર દાબવાથી દુખે છે.

ઉપાય (૧૨) અફીણ તથા બેલાડોના લેપ કરવો અથવા તેનું તેલ લગાગાડવું, શેક કરવો. બ્લીસટર મુકવું લીકર લીટી અથવા લીકર એપીસ્પેસ્ટીસ રૂથી લગાડવું. (૧૩) આટ્રોપીયન અથવા મોરફીયાની પીચકારી મારવી અને તેથી સારૂ ના થાય તો અંતે કાપી કાઢવી.

મુત્ર માર્ગના વ્યાધી.

મસાઃ—મુત્ર માર્ગના ઉપર મસા નાના મોટા જોવામાં આવે છે. તેનુ કદ રાઇના દાણા જેવાં થાય છે. અને તેનાથી વારંવ ર પેશાબ કરવો પડે છે. અને પેશાબમાં કરતાં બલતરા થાય છે. તેનાથી કોઇવાર લોહી નીકલે છે. તથા પેશાબમાં કોઇવાર ધાત જતી જોવામાં આવે છે.

ઉપાય ૧૪ મો મસાને કાતરવડે કાંપી કાઢી તેનું મુળ કાસ્ટીક વડે બાળી નાંખવું.

મુત્ર માર્ગનો વરમ.

જયારે મુત્ર માર્ગપર વરમ આવે છે. ત્યારે પેશાબમાં લાહે બલે છે. વારંવાર પેશાબ બળતરા સાથે આવે છે. અને તેની અંદર કોઇ વખત લોહી પણ જાય છે. અંદર તપાસવાથી મુત્ર માર્ગનો ભાગ સુજેલો જણાસે.

ગરમ પાણીમાં બેસવું અથવા શેક કરવો ખાંવામાં ગરમ ચીજો નીચરી રાખવી, (૧૪) અફીણ તથા બેલેડોનાની સોગઠી પેરાવવી. ગોખરૂ તથા તેની સાથે કાચા દુધનો જુલાબ આપહો, એથી સાફ ન થાય તો (૧૫) કોપેબાના ૧૦ થી ૨૦ ટીપાં દુધ સાથે પાવાં કોઈવાર પેશાબ બંધ થાય છે. તો તેને કેથેટરથી ઉતારવો.

પથરી—કોઇવાર સ્ત્રીને પથરી થઇ આવે છે. પુરૂપ કરતાં તેને જવલેજ થાય છે અને તેનાં ચિન્હ પુરૂષ સરખાંજ થાય છે.

મુત્રમાર્ગની પથરી.

કોઇવાર નાની પથરી અથવા નાનો કકડો મુત્ર માર્ગમાં આવીને કંઇક ઠેકાણે અટકે છે. તેથી પેશાબ અટકી તેમાં પીડા થાય છે. આવા કેશ ઘણું કરીને નાના બચ્ચામાં જોવામાં આવે છે. સ્ત્રીને પથરી કવચીતજ થાય છે અને તેની પથરીનાં ચીન્હ પુરૂપના ચિન્હને મળતાં આવે છે.

યોની માર્ગના વ્યાધિ.

યોની માર્ગ એટલે યોની ધ્વારથી ગર્ભાશય પર્યંત જે રસ્તો છે તે નાનપણમાં આ માર્ગના દ્વારપર સાધારણ રીતે નીચેની બાજુએ એક પાતલુ પડછે. અને તે ઘણું કરીને પ્રથમના સંજોગ સમયે ફુટી જાય છે. અને કેટલી વખતે તે ઘણું મજબુત હોવાથી ફુટતુ નથી તથા મૈથુન વખતે અડચણ કરે છે તેને તર્જની અથવા સહસ્ર વડે ફોડી નાખવું અને તે પાછુ રુંધાઇ નહી

જાય. માટે તેની અંદર લીન્ટનું કપડુ તેલમાં પલાળી અંદર મુકવુ. કોઇ કોઇ વખત તે પોતાની હદ છોડી આખા યોનીદ્વારપર આવી જાય છે. જો આ સ્થીતી નાનપણમાં માલમ પડે તો તેને ફોડવામાં કાંઇજ જોખમ નથી અને તેની અંદર લીનટનું કપડુ ફોડયા પછી રૂઝાવાને ભરવું જો આ પડ જુવાન અવસ્થા સુધી રહે તો તે દસ્તાનનું પ્રતિબંધ કરે છે. દરમાસે તેવી સ્ત્રીને દસ્તાન્ત ચિન્હ જણાય છે. પણ તેના સ્રાવ થવાને અંદર ભરાઇ રહે છે. ક્વચીતજ આ લોહી જવાથી ગર્ભાશય ફુલી જઈને પેડુ ઉપર ગાંઠની માફક જણાય છે તે તપાસ કરવાથી યોનીદવાર ઉપસી આવેલું પડ દેખાશે. આ પડને ફોડી નાંખવાને ઘણુંજ સહેલું છે. તેમજ ઘણું જોખમ ભરેલું છે. કારણ કે તેને ફોડયા પછી કેટલીક સ્ત્રીઓને ગર્ભાશયનો અથવા પેરીનીયમનો વરમ થઇ મરણ પામે છે. માટે આ જોખમવાળા કામમાં હમેશાં ધ્યાનમાં રાખી ફોડવાનો પ્રયત્ન કરવો.

યોનીકંદ આને ઇંગ્રેજીમાં વેઝાયનીસ મસ કહેછે.

કોઈવાર એવો વ્યાધી થાયછે કે યોનીધ્વારને અડકવાથી ઘણી પીડા થાય છે તથા દવાર સંકુચીત થઇ જાય છે. તેથી મૈથુન અશકય થઇ પડે છે. કોઈવાર આ વ્યાધિ જુદો જોવામાં આવેછે. અને કોઇવાર આસપાસના ભાગોમાં સોજો હોયછે. આથી તે સ્ત્રી ફીકર બંધ રહેછે તેની કમર દુઃખે છે. ભુખ લાગતી નથી. અને ચાલવાથી દુખાવો થાયછે.

ઉપાય ૧૬ મો. બેલેડોના, અફીણ, એકો નાઈટ, વગેરે તેલ લગાડવું. તેથી જો ના મટે તો ઓપરેશન કરાવવું.

યોનીનો તીક્ષણ વરમ.

તે વરમ કવચીતજ જોવામાં આવેછે. આ વ્યાધિ પરમીયાશિવાય બીજા કારણોથી પણ થાયછે. એક તો ગરમ પદાર્થ ખાધાથી મલીનતાથી અતિ મૈથુનથી બળાત્કાર સંભોગથી દારૂ પીધાથી તેમજ પ્રસવ સમે યોનીને ઈજા પહોંચી હોય તેથી પણ વરમ થાય છે.

ચીન્હ:—યોનીમાં પીડા થાયછે, કડુ આવેછે. કમર તથા ઝાંખમાં દુઃખાવો થાયછે. ઝાડો ઉતરતો નથી. પીડા થાય છે. તથા ઉનવા જણાય છે. યોનીમાં અંદરનો ભાગ સુજેલો તથા પાકેલો દેખાય છે. પણ થોડા વખતમાં પરૂથી ઉનો સ્રાવ થાયછે. ઘણુંકરી આ વ્યાધિ આઠ દિવસમાં મટી જાય છે.

ઉપાય ૧૭ મો. દિવસમાં બે વખત ગરમ પાણીમાં સોડા તથા અફીણનાં ડોડવાં નાંખી શેકવું. યોની અંદર ગરમ પાણીથી પીચકારી મારવી. તથા અફીણને સુગરલેદની સોગઠી અંદર પહેરવી.

સુગરલેદ ગરેન ૧૨.—અફીણ ૧૨ ગરેન.—ગુદરનું પાણી.

કોકમના તેલની સાથે મીક્ષ કરી ચાર સોગઠી કરી. દરરોજ રાતરે અકેકી પહેરવી- અથવા (ઉપાય ૧૮ મો.)

ઓકસાઈડ ઝીંકન ગરેન ૪૦. એકસ્ટ્રેકટ બેલેડોના ગરેન ૧૨.

કોકમનું તેલ અથવા ગુંદરનું પાણી અથવા મધની સાથે મીક્ષ કરી તેની ચાર સોગઠી કરી દરરોજ રાતે એકેક અંદર પહેરવી. એરંડીયું વિગેરે હલકો જુલાબ આપવો. હલકો ને સાદો ખોરાક આપવો. અને ગરમ પદાર્થની ચરી રાખવી. તથા ગ્લીસેરીન અને આસીડ અથવા ટીનચર આયોડન યોનીમાં એકાંતરે બ્રશ કરવો.

પ્રદર એને અંગરેજીમાં લ્યુકોરીઆ કહેછે.

આ દરદ યોનીમાંથી સફેદ પાણી જાયછે. કે જેને સફેદ ધાતકહે છે. વળી તેનાથી કમર દુખેછે, નબળાઇ લાગેછે, ભુખ લાગતી નથી. મન ચિંતાતુર થાય છે. અને ઘણું કરીને યોની માર્ગના ઉપલા ભાગમાં સોજો હોય છે.તે ભાગ થોડો લાલ સુજેલો જણાય છે. અને તેની અંદરથી ધાત વહેછે. કોઈવાર આ ભાગની ઉપરની ચામડીના પડ ઉખડી આવેછે.

ઉપાય ૨૦ મો. તબીયત સુધારવા તથા પાચનને માટે કુઈનાઈન, લોહ. આસીડ, પેપસીન અને બીજા પાચન પદાર્થો આપવા. અને ત્યાં સુધી મૈથુન બંધ રાખવો. મુત્રમાર્ગ, સપરા, તથા બેસણીનું કોઈ વ્યાધિ કંઈ કારણથી માલમ પડી આવે તો તે યોગ્ય ઈલાજથી દુર કરવાં. ઠંડા ખારા પાણીમાં બેસવું અને યોની ઠંડા પાણીથી ધોવી. ઓશડની પીચકારી મારવી.

ઉપાય ૨૧ મો. લીકર પ્લબીસબએસેટાસ ૬ ડ્રામ. પાણી ૨૦ આંઉસ બંને દવાને મીક્ષ કરીને પીચકારી મારવી. એથી સારૂ ના થાય તો.

ઉપાય ૨૨ મો, ખોરાકમાં માછલી, દુધ, ચા, ગુંદરનું પાણીપીવાને, કાસ્ટર ઓઈલ કેલોમેલ, કમ્પાઉંડ, જેલેપ પાઉડર, પોડો ફીલીયમ વીગેરે દવા પીવાને આપવી, ગરમ પાણીથી શેક કરવો તથા પીચકારી મારલી. મરક્યુરી તથા બેલેડોનાની સોગઠી પહેરવી. તથા લીનસીડ પોલટીસ યોનીના ઉપરનો ભાગ અને પેઠુની નીચે મારવી. જો અતીશે ત્યાં સોજો હોય તો યોની દવાર ઉપર જળો મેલવી એથી સારૂ ના થાય તો.

ઉપાય ૨૩ મો. હાયડ્રારજીરી સબકલોરઈડ ૫ ગરેન. પ્લવીસ જેલેપકમપાઉંડ ૨૦ થી ૪૦ ગરેન. જીનજી બેરીઝ ૪ ગરેન એનું મીક્ષ કરીને તેનો બોલ્સ સાંજરે સુતી વખતે લેવો. એથી સારૂ ના થાય તો.

ઉપાય ૨૪ મો. હારજીરીસબકલોરીડ ૨ ગરેન. પલવીસરીયા ૨૦ ગરેન. જેલેપટેમીના ૨ ગરેન. પલ્વીસજીનજીબેરીઝ ૪ ગરેન. મીક્ષ કરીને બોલસ (ગોળી) સુતી વખતે સાંજે થોડા પાણી સાથે લેવી. એથી સારૂ ના થાયતો.

ઉપાય ૨૫ મો. પ્લમબીઆઇડાઇડ ૮૦ ગરેન. એક્ષટ્રેટ બેલેડોના ૨૪ ગરેન ઓલીયમ કોનીઆઇ ૧૦૦ ગરેન મીનીયમ થીયોબ્રોમાં અથવા ઓલીયમ ઓલીવા ૨ ડ્રામ એ બધાને મીક્ષ કરી થોડું ગરમ કરી કાગળ સાથે લપેટી તેની સોગઠી કરી દર રાતે વેઝાયનામાં મુકવી. એથી સારૂ ના થાય તો.

ઉપાય ૨૬ મો. પ્લમબી એસેટેટીસ ૨૦ ગરેન. એક્ષટ્રેકટ ઓપીઆઇ ૨૪ ગરેન. (તેલ) ઓલીયમ થીયોબ્રોમા ૧ આંઊસ. ગ્લીસેરીન ૨ ડ્રામ. મીક્ષ કરીને સોગઠી બનાવી દર રાતે ૧ પહેરવી.

ઉપાય ૨૭ મો પેટમાં ખાવાની દવા.

ટીન્ચર કવીનાઇન ૧૪ ડ્રામ. ટીન્ચર જીનજીબેરીઝ ૨ ડ્રામ. ટીન્ચર ગ્લીસેરીન ૧ આંઉસ આ મીક્ષ કરીને ૧ ચાનો ચમચો (મેળવી) તે મીક્ષ કરી એક વ્હાઈન ગ્લાસ પાણીસાથે દિવસમાં ત્રણવાર પાવાં.આથી સારૂના થાય તો

ઉપાય ૨૮ મો. ઝીંક ઓક્ષાઇડ ૮૦ ગરેન. બીસમથી કારબોનેટીસ ૮૦ ગરેન. એક્ષટ્રેકટ બેલેડોના ૪૦ ગરેન. ઓઈલ થીઓબ્રોમા ૧ આંઉસ ઓલીવા ઓઈલ ૨ ડ્રામ. આ બધુ મીક્ષ કરીને આઠ સોગઠી બનાવવી દરરોજ પહેરવી.

ઉપાય ૨૯ મો. કોનીઆ ૮ ગરેન. જીલેટીન ૧૬૦ ગરેન. ગ્લીસેરીન ૨ ડ્રામ આ બધા મીક્ષ કરી આઠ સોગઠી કરી દર રાતે એક પહેરવી. આથી સારૂ ન થાય તો. ઉપાય ૩૦ મો. અનગેનટમ હાયડાર જીરી ૮૦–૧૫૦ ગ્રેન. ઓલીયમ થીઓબ્રોમા ૧–૧ાા આંઊસ ઓલીવ ઓલીવા ૨ ડ્રામ. મીક્ષ કરી

સોગઠી કરી પહેરવી અને જો કદી યુટરસ બહુજ અંદરથી દુખે તો તેની અંદર. ઉપાય ૩૧ મો. એક્ષટ્રેકટ બેલેડોના ૩૦ ગરેન અને એક્ષટ્રેકટ કોનીઆઇ ૧૦૦ ગરેન. તેની અંદર મીક્ષ કરી સોગઠી કરવી. અને જો કદી ઝાડો બંધ હોય તો. ઉપાય ૩૨ મો. એક્ષટ્રેકટ એલોઝસોકોટ્રીના ૬૦ ગરેન. ઓલી-આઇસેબીના ૧ ડ્રામ. ઓલીઆઇ થીઓબ્રોમા ૧ આઉંસ તેની સોગઠી કરવી અને જે દિવસે ઝાડો બરાબર નહી ઉતરે તે રાતે પહેરવી તેથી સારૂ ન થાયતો

ઉપાય ૩૩ મો. એમોનીયા કારબોનીસ ૩૦ ગરેન. ટીનચર લેવન ડુલા કમપાઉન્ડ ૧ આંઉસ. ડીકોકક્ષન અથવા ઇનકયુઝન સીંનકોના પ્લેવા બધુ મળી ૮ આંઉસ (ઉપરની સાથે દવા) તેનો ૧।૧૬ ભાગ દરેક ૬ કલાકે પાવું. આથી સારૂ ના થાય તો. ઉપાય ૩૪ મો. એક્ષટ્રેકટ ઓપીઆઇ ૩૦ મીનીયમ સ્પીરીટ ઇંથર નાઇટ્રોસી ૩ ડ્રામ. ઉપરના ઉપાય ૩૩ માના મીક્ષ-રમાં ઉમેરી પાવું. અને જો કદી રાતે સુતી વખત દુઃખથી ઉંઘ ના આવતી હોય તો. ઉપાય ૩૫ મો. એક્ષટ્રેકટ આપીઆઇ ૧–૪ ગરેન. મોરફીયા હાઇ-ડ્રોકલોરેટીસ ૧।૪–૧ ગરેન. એક્ષટ્રેકટ હાયોસીયામી. ૫ ગરેન. તેની બે ગોળી ઓ કરી એક સુતી વખત દરેક વખત પાણી સાથે ગળવી.

યોનીભ્રંશ આને ઇંગરેજીમાં પ્રોલેપસસ વેઝાયના કહે છે.

કોઇવાર યોનીની આમળ નીકળતી જોવામાં આવેછે. ઘણું કરી યોનીનો સરવે ભાગ બહાર નીકળતો નથી. પણ આગળનો અથવા પાછળનો ભાગ નીચે ઉતરે છે. જ્યારે આગળનો ભાગ નીચે ઉતરે ત્યારે તેની જોડે મુત્રાશ-યનો ભાગ નીકળી આવેછે. તેની અંદર મુત્ર ભરાઇ રહે છે. તે કાળે કરીને ગંધાય છે. અને પેશાબમાં ધાત વહેછે, જ્યારે પછવાડેનો ભાગ નીચે ઉતરે છે. ત્યારે તેની સાથે સફરાનો અથવા બીજા આંતરડાંનો ભાગ પણ આવેછે. તેથી તેની અંદર મળ ભરાઇ રહેછે, આમળ ધીરે ધીરે વધતી જાય છે. પેઢુમાં મરડાની માફક દુઃખાવો થાય છે. ભાર લાગે છે. તથા ધાત જાય છે. આપણે આંગળી નાંખી તપાશી શું તો આમળની સ્થીતી માલમ પડશે.

ઉપાય પુષ્ટીનો ખોરાક આપવો. પેશંટને આરામ આપવો બોજો ઉપા-ડવા દેવો નહીં. દવા કવીનાઇન, સ્ટીલ, સ્ટીકીનીયા, ફોસફેરીક આસીડ, નક્ષવોમીકા, ફોસફેઇટ ઓફઝીંક, સલ્ફેઇટ ઓફઝીંક, કોલોસાઇન્થ અથવા એલોઝ, ઓલીવ ઓઇલ એનીમેટા કાર્સ્ટર ઓઇલ અને ટરપેન ટાઇન ઓઇ-લમેનથા એ આપવા.

ટાઢા ખારા પાણીથી નવરાવવું. આલમ અને ઝીંકની પીચકારી મા-રવી. ટાનીક અને કેટીકયુ, સોગટી બનાવી અંદર પહેરવાને અથવા ઇનડીયા રબર સોગઠી મુકવાને મંગાવવી.

ઉપાય ૩૬ મો. કવીનાઇન સલફસ ૧૨ ગરેન. ફેરીસલફસ ૧૨ ગરેન. લીકર સ્ટ્રીકીનીયા ૩૦ મીનીયમ. આસીડ સલફરીક એરોમેટીક ૧।। ડ્રામ. ઇન ફ્યુઝન કવોશીયા ૮ આંઉસ. મીક્ષ કરી ૧।૧૬ ભાગ દિવસમાં ત્રણવાર પાવો. ઇનફ્યુઝન કવોશીયા, કવોશીયાના ઝીણા કટકા ૫૫ ગ્રેન. ટાઢુ પાણી ૧૦ આંઉસ. એક વાસણમાં મીક્ષ કરી અરધો કલાક ઢાંકી મુકવું. તેનો ડોસ ૧ થી ૨ આંઉસ સુધી લેવો, આથી સારૂ ના થાય તો

ઉપાય ૩૭ મો. કવીનાઇન સલફેટ ૧૨ ગ્રેન ટીન્ચર ફેરીપર કલોરીડ ૨ ડ્રામ ટીંનચર નક્ષવોમીકા ૧ ડ્રામ. લુપયુલી ૬ ડ્રામ, મેગનેશીયા સલફાસ ૧ આંઉસ

ઈનફ્યુઝન લ્યુપીલી ૮ આંઉસ મીક્ષ કરી દરરોજ ૬ઠો ભાગ ૩ વખત ખાધા પછી પાવી. ઇનફ્યુઝન લ્યુપ્યુલી હોપ ૧૨ આંઉસ ઉનું પાણી ૧૦ આંઉસ મીક્ષ કરી ૧ કલાક વાસણમાં ઢાંકી ગાળી લેવું તેનો ડોઝ ૧ થી ૨ આંઉસ. આથી સારૂ ના થાય તો. ઉપાય ૩૮ મો.

આસીડ ફોસફરીક ડીલ્યુટ ૧।। ડ્રામ. સીરપ ઓરનટીઆઇ ૬ ડ્રામ. ટીન્ચર સીનકોના કંપોઝીટા ૧ આંઉસ ઈનફયુઝન ઓરેનટીઆએડ ૮ આંઉસ. આ મીક્ષકરીને ૧૬ ભાગ દીવસમાં ૩ વખત લેવો ઓરેન્જપીલ બારીક કાપેલી કડવી નારંગીના છોતરાં ૧૨ આઉંસ. ઉનું પાણી ૧૦ આંઉસ મીક્ષ કરી વાસણમાં ૧૫ મીનીટ સુધી ઢાંકી મુકયા પછી વાપરવું. ડોઝ ૧ થી ૨ આંઉસ આથી સારૂ ના થાય તો. ઉપાય ૩૯ મો.

ઝીંક ફોસફેઇટ ૨૦ થી ૪૦ ગ્રેન. આસીડ ફોસફરીક ડીલ્યુટ ૧।। ડ્રામ, ટીનચર સીનકોના ફ્લેવા ૬ ડ્રામ. ટીનચર ફેરીપર કલોરાઈડ ૧।। ડ્રામ એકવા મેનથા પીપરીટા ૮ આંઉસ મીક્ષ કરી ૧૬ ભાગ દિવસમાં ૩ વખત પાવો. આથી આરામ ના થાય તો.

ઉપાય ૪૦ મો. ઝીંક ફોસફેઇટ ૨૦ ગ્રેન. એક્ષટ્રેકટ ન્યુસીસ વોમીકા ૫ ગ્રેન. એક્ષટ્રેકટ જેનશીએના ૨૦ ગ્રેન. મીક્ષ કરી ૨૦ ગોળી કરી દિવસમાં બેવાર અકેકી ખવરાવવી આથી સારૂ ના થાય તો.

ઉપાય ૪૧ મો. ઝીંક સલફેઈટ ૨૪ ગ્રેન. એક્ષટેકટ નુશીસ વોમીકા ૬ ગ્રેન. એ૦ રોવા ૩૦ ગ્રેન. મીક્ષ કરી ૧૨ ગોળી કરીને દરરોજ બે ગોળી સવારે ૧ ને સાંજે ૧ લેવી. આથી આરામ ના થાય તો.

ઉપાય ૪૨ મો. એક્ષટ્રેકટ ન્યુસીસ વોમીકા ૩ ગ્રેન. પલવરીસ ઓપીકા કયુઇના ૬ ગ્રેન. પીલ્યુલા રીયાઇમપોઝીટા ૪૦ ગ્રેન. પીલ્યુલા એલોઝ એસેફોટીડા ૪૦ ગ્રેન. મીક્ષ કરી ૧૨ ગોળી કરી દરેક ગોળી રાતે સુતી વખતે પાણી સાથે ગળી જવી. એથી સારૂ ના થાય તો.

ઉપાય ૪૩ મો. એક્ષટ્રેકટ ન્યુસીસ વામીકા ૨ ગ્રેન. એલોજ બારબેડેનસી ૬ ગ્રેન. રીયા ૨૦ ગ્રેન. મીક્ષ કરી ૬ ગોળી કરી દરરોજ ખાધા વખતે લેવી. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૪૪ મો. એક્ષટ્રેકટ હાયોસીયામી ૪૦ ગરેન. પીલ્યુલાકોલો સીનથ કમપોઝીટા જેલેપ રેઝીના અથવા ૨૦ ગરેન. એક્ષટેકટ ન્યુસીસવોમીકા ૩ ગરેન મીક્ષ કરી ૧૨ ગોળી કરી દરરોજ રાતે સુતી વખતે ગળવી. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૪૫ મો. એક્ષટેકટ હેમટોસીલી ૧ આંઉસ. આલમ ૧૨૦ ગરેન. એકવા ૨ આંઉસ. મીક્ષ કરીને તેની અંદર બીજુ ૨૦ આંઉસ પાણી ઉનું નાંખી સીરેજન વેઝાયનામાં કરવી. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૪૬ મો. ઝીંક સલફેઈટ ૧ આંઉસ આલમ ૧ આંઉસ આસીડ ટાનીક ૨ આંઉસ. ૧ ટીસ્પુન ફુલ એટલે ચાનો ચમચો આમાંથી લેઇ ૨૦ આંઉસ સસેકા પાણીમાં નાંખી તેની પીચકારી મારવી. જો અંદરથી પીપ પરમીયાં માફક જાયતો પીચકારી મારવી અને સારૂ ના થાય તો.

ઉપાય ૪૭ મો. લીકર પ્લબીસબએસટેટીસ ૬ આંઉસ. એક્ષટેકટ પેપેવરીઝ ૨ આંઉસ. ઉપરની માફક પીચકારી પ્રોલેપસીસ કેસમાં મારવી આથી સારૂ ના થાગ તો. ઉપાય ૪૮ મો.

આસીડ ટેનીસી ૧૨૦ ગરેન. પલ્વરીઝ કેટેચ્યુ ૬૦ ગરેન. ઓલીયમ થીઓબ્રોમા ૨ આંઉસ. ગ્લીસેરાઇન આસીડ કારબોલીક ૩ ડ્રામ. મીક્ષ કરી આની આઠ સોગટી કરી દરેક ચોથે દીવસે પહેરવી. ગ્લીસેરાઇન આસીડ કારબોલીક. કારબોલીક આસીડ ૧ આંઉસ ઓગળેલો ગ્લીસેરીન ૪ આંઉસ મારટરમાં મીક્ષ કરી પછી પાથરવો.

પેડુનો અંતર વરમ. આને ઈંગરેજીમાં પેલવી સેલ્યુલાઈટીસ કહેછે:

આ વ્યાધિ ઘણું કરીને પ્રસવ તથા ગર્ભપાત થયા પછી થાયછે. અથવા ઘણું કરીને ઘણા થાકથી, જોરથી ધક્કો લાગવાથી તથા ગર્ભાશય ઉપર શસ્ત્ર ક્રીયા કરવાથી તથા સળી નાંખવાથી તથા ગરમીથી તથા કોઇ સ્ત્રીના બાંધાથી અને ગર્ભસ્થાનના વ્યાધિને લીધે આ રોગ થાય છે. પ્રસુતીવાળી સ્ત્રી કરતાં પ્રથમ પ્રસુતવાળી સ્ત્રીને આ રોગ વીશેષ જોવામાં આવેછે, વરમ એક બાજુએ થોડા ભાગમાં ચોમેર થાયછે. કોઇ વાર આ વ્યાધિ ગુપ્ત રહી થોડા દિવસમાં પેડુમાં ઢેપુ બંધાય ત્યાંસુધી ખબર પડતી નથી. પણ ઘણુંકરીને શરૂઆતમાં તેનાં ચીન્હ માલમ પડેછે. થોડો તાવ આવેછે. કમર દુઃખેછે. અગ્ની મંદ રહેછે. મનને બેચેન લાગેછે. નબળાઇ માલમ પડેછે. નાડી જલદ, ચહેરો ફીકરમંદ લાગેછે. યોની અંદર તપાસતા એક અથવા બેઉ બાજુએ સોજો તથા દુઃખાવો માલમ પડેછે. પેડુ ઉપર અડકવાથી દરદ લાગશે. તથા ઢેપુ માલમ પડશે. તે દરદ ૧૪ અથવા ૨૧ દીવસમાં મટી જશે કોઈવાર પાકીને તેમાંથી પરૂ થાયછે, ત્યારે ટાઢ વઇને પરસેવો વળેછે. તાવ આવેછે. બળે છે. નીદ્રા આવતી નથી. તૃષા લાગેછે અને પેલવીસમાં પહોળુ થયાના લપકારા લાગે છે, અને આગડ પેલવીસની અંદર થાય છે. તે પેટમાં અથવા પેટની બહાર અથવા મુત્રાશયમાં ફુટેછે. જો પેટમાં આ ફુટે તો માઠુ પરિણામ નીપજે છે, તેને કાસ્ટર ઓઇલ, મ્યુસીલેજ ટેગેકેનથા, એકવા સીનેમોમીઈન, ટીન્ચરરીયા સીરપ, ઓરેનટી આઇઇ, ટીન્ચર ઓપીઆઇ વિગેરે દવાઓ ખાવા આપવી બાહારની બાજુ અલસીની પોલટીસ, ગરમ પાણીનો વારંવાર સેક કરવો. બેલેડોના તથાં અફીણની સોગઠી પહેરાવવી, ગરમ પાણીમાં તેને બેસાડવું તથા ગરમ પાણીથી યોનીને પીચકારી મારવી. એથી વધારે આરામ લાગે છે. બીછાનામાં સુઇ રહેવું. હરવા ફરવાનું બંધ કરવું. અને પેડુમાં દુઃખાવો ઘણો થતો હોય તો એક્ષટેકટ બેલેડોના ચોપડી તે પર પોલટીસ લગાડવી. જરૂર પડે તો થોડી જળો મુકાવવી, ઝાડો બંધ કોશ હોય તો એનીમાં આપવો. એનીમાં કાસ્ટર ઓઇલ ૧ આંઉસ સસેકું પાણી ૮ આંઉસ મીક્ષ કરી ઝાડાના રસ્તે પીચકારી મારવી. કૌવત આવે તેવો ખોરાક આપવો. પરૂ થયા પછી ઉપર દેખાય તો ફોડવું. અને શકિત આવે એવી દવા આપવી.

ઉપાય ૪૯ મો, કાસ્ટર ઓઇલ ૨ અથવા ૪ ડ્રામ-બીપ્ટી સાથે અંદર મીઠું નાંખી પાવું, સારૂ ના થાય તો. મ્યુસીલેજીનીસ ટેગેકેનથા ૨ આંઉસ એકવાસીનેમોમી ૩ આંઉસ ઓલીયમરેસીમી ૧૨ ડ્રામ. ટીનચર રીયા ૬ ડ્રામ સીરપ ઓરેંટી આઇ અથવા નારંગીનું શરબત ૬ ડ્રામ. ટીનચર ઓપીઆઇ ૩૦ મીનીયમ. મીક્ષ કરી ૧૧૮ ભાગ ત્રણ અથવા ૪ કલાકે આપવો. આથી સારૂ ના થાય તો. ઉપાય ૫૦ મો. એમોનીયા કારબોનેસ ૧૨૦ ગરેન. એસીડ હાઇડ્રોસીયાનીક ડીલ્યુટ ૨૦ ગરેન. ટીનચર કોઈમોઝ કમ્પાઉંડ ૬ ડ્રામ ઇનફ્યુઝન ઓરેનટીઆઇ ૮ આંઉસ મીક્ષ કરી ૬ઠો ભાગ લેઇ ૧ આંઉસ લાઇમ

જુઇસ અથવા ૧૮ ગરેન સીટ્રીક આસીડ લઇ દીવસમાં બે ત્રણ વખત પાવું, આથી સારૂ ના થાય તો. ઉપાય ૫૧ મો. લીકર મોરફીયા હાયડ્રોકલોરેટીસ ૨૦ મીનીયમ ટીન્ચર કલોરોફોરમ કંપોઝીટા ૩૦ મીનીયમ ટીન્ચર કેનેબીઝ ઈનડીકા ૨૦ મીનીયમ. પલવીસ ટ્રેગેકેનથા કમપોઝીટા ૮૦ ગરેન. સ્પીરીટ ઇથરીસ ૪૦ મીનીયમ. એકવા ૧૨ ડ્રામ. આ બધું મીક્ષ કરી રાતે સુતી વખતે ઉંઘ આવવા માટે આપવું. આથી આરામ ના થાય તો.

ઉપાય ૫૨ મો. પલવરીઝ ઓપીઆઈ ૧ થી ૨ ગરેન. સેપોડ્યુરીસ=સાબુ એક જાતનો ૧૦ ગરેન મીક્ષકરી સોગઠી કરી પહેરાવવી અથવા એક્ષટ્રેકટ ઓપીઆઇ૧થી૩ ગરેન. એક્ષટ્રેકટ બેલેડોના ાા ગરેન. ઓલીઆઇ થીઓબ્રોમા ૨૦ ગરેન. આ મીક્ષ કરી સોગઠી બનાવી પહેરાવવી. અને કવીનાઇન સલફેટીસ ૧૨ ગરેન. એસીડ નાઈટ્રીક ડીલ્યુટ ૧ ડ્રામ, ફોસફરી ડીલ્યુટ ૧ ડ્રામ આસીડ હાયડ્રો કલોરીક ૧—૩ાા દરામ એસીડ સલફ્યુરીક એરોમેટીક ૧—ાા અથવા ટીન્ચર લ્યુપીલીઝ ૬ ડ્રામ એકવા ૮ આંઉસ આ બધું મીક્ષ કરી ૧૬ ભાગ. દિવસમાં ત્રણ વખત પાવો.

ઉપાય ૫૩ મો. ટીન્ચર કવીનાઇન ૧૪ ડ્રામ. ટી૦ ઝીનજીબેરીઝ ૨ ડ્રામ. ગ્લીસેરીન ૧ આંઉસ મીક્ષ કરી ૧ ચાનો ચમચો ભરી એક આંઉસ પાણી લેઇ દિવસમાં ૩ વાર પાવું. તે શિવાય હોટ હીપબાથ, શેક, અળસીનું મોલટીસ તથા ઉના પાણીની પીચકારી મારવી. ખાવાને ખોરાકમાં હાર્ડબોઇલ એગ્સ, બીફટી, એરોરૂટ, એનીમલફુડ.

મકકલ. આને અંગરેજીમાં પેલવીક હેમેટોસીલ કહેછે.

આ રોગ પેઢુમાં રક્તશ્રાવ થાયછે તેને કહેછે આ રક્તશ્રાવ પેરીટોનીયમની અંદર અથવા તેની બહાર ગર્ભાશયની આસપાસ, પેઢુમાં થાય છે ઘણું કરીને દસ્તાન સમયે આ શ્રાવ થાયછે. દસ્તાન એકાએક બંધ થવાથી ગર્ભસ્થાન તથા તેના બંધનની કોઇ શીરા ફુટવાથી પેઢુમાં રક્ત વહી એકઠુ થાયછે.

તેના ચિન્હઃ—હલકા અથવા ભારે હોયછે. જ્યારે લોહી વધારે વહેછે. ત્યારે એકાએક દરદ થઇ શરીરમાં મોટો ધકકો પહોંચે તેની માફક હાથપગ ઠંડા થઇ જાયછે. ઉલટી થાયછે. નાડી હળવી થતી જાયછે. ચહેરો વ્યાકુળ તથા ફીકો થાયછે. જ્યારે શ્રાવ થોડો થાયછે. ત્યારે આવા સખ્ત ચિન્હ થતાં પેઢુમાં દરદ થાયછે. તેની અંદર ભાર લાગેછે. ઉનવા થાયછે. દસ્તાન બંધ થાય છે. વધારે વહેવા માંડેછે પેઢુ ઉપર તપાસતાં ગાઠ જણાય છે. યોનીમાં તપાસવાથી પાછલા ભાગમાં ગાંઠ લાગશે. અને કમળ પ્યુબીસ તરફ આવેલો જણાસે. સફરામાં તપાસતાં ગાંઠ માલમ પડશે. જો ઘણો શ્રાવ થાય તો મૃત્યુ નીપજે છે. પરંતુ થોડો થાય તો તેનું શોષણ થઈ પુર્ણ આરામ થાયછે. અથવા સફરામાં થઇને મુળ દ્વારે રકત બહાર આવેછે. કોઇકવાર તેનું પરૂ થઇ હરકોઈ મારગે એટલે યોની અથવા સફરાને રસ્તે અથવા પેઢુ ઉપર ફુટે છે. અને વખતે ભગંદર પડેછે. તેથી મહા પીડા થાયછે.

સ્રીને શાંતપણે સુવાડી રાખી રકત શ્રાવ ઘણો હોય તો મોટો ડોઝ ઓપીયમનો આપવો. પેઢુ ઉપર બરફ મુકવો. આસીડ ગ્યાલીક એકવાડીસ્ટીલેટા. એક્ષટેકટ કેનેબીજ ઈનડીકા, મોરફીયા, હાઇડ્રોકલોરેટીઝ, એસીડ સલફેરીક, ડયાલ્યુટ, કનફેકક્ષન રોઝા, ગેલીસી એક્ષટેકક અરગોટ લીકવીડ, એસીડ સલફ્યુરીક એરોમેટીક ટીન્ચર સીનેમોમી, એકવા સીનેમોમી, પલવરીઝ ઈપીકાકયુએના કમપોઝીટા. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૫૪ મો. આલમ, સીરેપીસેકસ, ઈનપ્યુઝન રોઝા એસીકમ સુકાં, લાલ ગુલાબ ઝીણા બારીક મસળી ૧ થી ૪ આંઉસ ડીલ્યુટ-સલફ્યુરીક આસીડ ૧ ડ્રામ ઉનું પાણી અંજીનતું ૧૦ પાણી અને આસીડ. મીક્ષ કરી ત્યારબાદ ગુલાબ ભેળવી. ૧ વાસણમાં ૧ થી ૨ કલાક ઢાંકી પછી વાપરવું. તેનો ડોઝ ૧ થી ૨ આંઉસ સુધી. ઈનપ્યુઝન રોઝા એસીકમ આપવું. દરદ થતું હોય કો બેલેડોના ચોપડવુ પરૂ થવા માંડે તો પોલટીસ લગાડવું. બહુ વેદના થાય, પરૂ થાય, કોઇ તરફ વીષેક્ષ ઉપડી આવે તો ત્યાં રૂમડી અગર કપીંગ કલાસ મેલવો. જ્યારે સ્ત્રી ચૌદ પંદર વરસની થાય ત્યારે તેને રૂતુ પ્રાપ્ત થાય અને સુમારે ત્રીશ વર્ષથી તે પીસ્તાળીસ વરસની વયમાં તે બંધ થાય છે. વખતે બે વર્ષ વેહલુ અગર મોડુ થાય છે, ગરમ દેશમાં વેહલુ અને ઠંડા દેશમાં મોડુ દેખાય છે શ્રીમંત લોકમાં વેહલુ આવેછે અને મહેનતુ લોકમાં મોડુ દેખાય છે; તે દરમહિને એટલે અઠાવીસમે દીવસે માલમ પડેછે, ત્યારે ગર્ભસ્થાન રક્તવર્ણ થઇ તેમાંથી રકત વહેછે. તે રક્ત કાળાશપર હોયછે તે રક્ત થીજતુ નથી. કારણ તેની સાથે યોની માંહેથી આસીડ મીશ્ર થાય છે. આ પ્રવાહ ત્રણથી પાંચ છ દિવસ ટકે છે, તે સમય ઓવરી રક્તવર્ણી થઈ સુજી આવેછે. અને તેમાંથી ઓવમ છુટું પડી ફળત્રાઈની દ્વારા ગર્ભસ્થાન તરફ વહે છે. અર્થાર્થ ઓવરી અથવા ગર્ભાશય એ એકે વખતે આ રક્ત થાયછે. રજોદર્શન વખતે સ્ત્રીનુ બદન સંપુર્ણમાં આવેછે. એટલે તેનું રૂધીર જોશમાં વહેછે. અને મંજા તંતુ જોશમાં વહેછે. રતુવેળા ઓવરી અને ગર્ભસ્થાન આરક્ત થાયછે. તેનીસાથે સ્તન પણ કોઈ આરક્ત અને કઠણ થાય છે.

કોઇ વખતે રૂતુ ફેરફાર જણાય છે એટલે મહિનાને ઠેકાણે બે ત્રણ મહિના ચઢી જાયછે. તેમજ રૂધીર વખતે ઘણું જાયછે પેઢુ ઉપસે છે. અને બેસી જાયછે. તથા સ્તન કઠણ થઇ પીડા કરેછે તેજ પ્રમાણે ચિન્હ પીસ્તાળીસમા વર્ષના સુમારમાં રૂતુ બંધ પડતી વખત જણાય છે.

મુવેલું બચ્ચુ અવતરે તો રૂતુ જલદી શરૂ થાય છે. તેમજ ધાવતુ બચ્ચુ મરી ગયા પછી રૂતુ જલદી આવેછે. તેનો ઉપાય ૫૫ મો. એસીડ ગાલીક ૧૦થી૧૫ ગરેન. એકવા ડીસ્ટીલેટા ૧૨ ડ્રામ મીક્ષ કરી દરેક ૪ કલાકે પાવું. આથી સારૂ ના થાય તો. ઉપાય ૫૬ મો. એસીડ ગ્યાલીક ૪ ગરેન. એક્ષટેકટ કેનેબીસ ઇનડીકા ।। ગરેન. કનફેકશન રોઝા ગેલીકા ૧ ગરેન આ બધાની ગોળી કરી રાતે સુતી વખતે ૧ આપવી અથવા મોરફીયા કેનેબીજને બદલે મોરફીયા હાઈડ્રો કલોરેટીઝ ।. ગરેન નાખવો. આથી આરામ ના થાય તો.

ઉપાય ૫૭ મો. ગ્લીસેરીની આસીડ ગ્યાલીસી ૬ થી ૧૦ ડ્રામ. આસીડ સલફ્યુરીક ડયુલ્યુક ૨ ડ્રામ એક્ષટેકટ અરગોટ લીકવીડમ ૩ ડ્રામ એકવા સીનેમોમી ૮ આંઉસ મીશ્ર કરીને ૮ મો ભાગ દરેક ત્રણ અથવા ચાર કલાકે આપવા આથી સારૂ ના થાય તો. ઉપાય ૫૮ મો. આસીડ ગ્યાલીક ૧૫ થી ૨૫ ગરેન. આસીડ સલફ્યુરીક એરોમેટીક ૧૫ થી ૨૦ મીનીયમ ટીંચર સીનેમોમી ૨ ડ્રામ એકવા ડીસ્ટીલેટા ૨ આંઉસ મીશ્ર કરી દરેક ૪ કલાકે લોહી બંધ થતાં સુધી આપવું, આથી સારૂ ના થાય તો. ઉપાય ૫૯ મો. આસીડ ગ્યાલીસી ૧૨ ગરેન. પલવીસ એપીકા કયુએના કમપોઝીટા ૫ ગરેન મીશ્ર કરી આ ફાકી દરેક ૭ અથવા બાર કલાકે થોડા ઠંડા પાણી સાથે પાવી.

ઉપાય ૬૦ મો. આલ્યુમીનીયમ આલમ ૧૦૦ ગરેન. સીરપી આઇઓ-

ડાઈડ ૬ ડ્રામ. ઈનફ્યુઝન રોઝા આસીડમ ૮ આંઉસ મીશ્ર કરી એક દરેક ૭ છ કલાકે પાવું.

નષ્ટાર્તવ અંગરેજીમાં એમેનોરીઆ કેહેછે.

એમાં રૂધીર મોડુ વહેછે. અથવા બીલકુલ બંધ રહેછે. તે સમયે દર મહીને પેઢુમાં ચુંક, દુ:ખાવો અને ઓભા થાયછે. તે મટી જઇ પાછો મહીનો ઠીક રહી ફરીથી તે પ્રમાણે થાયછે થોડી મુદતમાં પેઢુનો ભરાવો થાયછે. અને ગર્ભ છે એમ માલમ પડેછે. ગર્ભસ્થાન મોટુ થઇ નાભીએ પહોંચે અગર તેથી ઊંચે લગણ પહોંચે છે.

યોની માર્ગ પ્રવાહીથી ભરાઇ ઝાડો પેશાબ રોકાય છે. કોઇ વખત ફુલ વાઇની ફુલવાથી ગર્ભસ્થાનની બાજુએ જુદી ગાંઠ થાયછે સસેકો તાવ આવે છે. વખતો વખમ ઉલટી થાયછે. તે ગાંઠ ફુટવાથી ફલવાઈની માર્ગથી પેઢુમાં જાય તો પેરીટો નીયમનો વરમ થાયછે.

બીજુ ચિન્હ:—કલોરોસીસ એટલે પાંડુ રોગના જેવો સ્ત્રીનો દેખાવ થાય છે. લોહી પાતળુ થઈ તેમાં રજકણનો ભાગ કમી રહેછે. શરીર સુસ્ત રહી સુકુ ફેકરેલ દેખાય છે. નાડી જલદ ચાલેછે. ચાલતાં દમ ચડે છે. દસ્ત કબજ રહેછે. ભુખ લાગતી નથી અને ધુળ, માટી, ખટાસ વીગેરે ખાવા ઉપર મન દોડે છે. મોઢ ના પગે થોથરા ચઢી આવે છે અને તેની સાથે લીલાં રાતાં ચાંભાં થાયછે. રૂતુના લોહીને બદલે પુષ્કળ ધોળુ પાણી જાયછે. પાંડુરોગમાં તફાવત એટલો કે રક્ત કણ અને પાણીનું પ્રમાણ રૂધીરમાં સરખુંજ રહેછે. તેમાં રાતા કણ ઘટેછે. અને ધોળા કણ વધે છે પણ આ રૂતુ પાંડુમાં રક્ત કણ એકંદર કમી થઈ જાયછે અને પાણીનું પ્રમાણ વધેછે.

ઉપાય—એસેટેઇટ એમોનીયા સાથે લોઢ આપવું, તેની જોડે ટીન્ચર ડીઝીટેલીઝ, વીરેટમ કેલંબા આપવા, કેમીકલફુડ આપવું, આઇઓડીડ ઓફ પોટાશ અથવા કેસર સ્ટીક્નીયા, તથા અરગોટ, લોઢનીસાથે મેળવવાથી વીશેષ ફાયદો થાયછે. કબજીઆતમાટે એલોઝ, મરડે તથા કેશરની ગોળી કરી આપતાં રહેવું. એથી સારૂ ના થાય તો નાઈટ્રીક આસીડ, ટેરેક્ષીકમા, સેના, એલોઝ, સલફેઇટ ઓફ મેગનેશીયા, કેમણોજા. એલોઝ. બ્લ્યુપીલ, પોડો ફીલીયમ. નાઇટર, સ્પીરીટ ઓફ જુનીપરીઝ, અને નાટીસ ઇથરસ આયોડાઇન, આયોડાઇડ ઓફ પોટાશીયમ, એલોઝ, અને સેવીંગ સોગડી અને એનીમાએલોઝ અને બોમાઈ ઓફ પોટાશીયમ, કેનથેરીડીઝ, અરગટ ઓફ રાઈ, સોને પીઝમ, છાતીએ લગાડવી ખાવાને સીમપલ ડાયટ, સ્ટીમ્યુલંન્ટ બંધ રાખવું. જો કમળી થઇ હોય તો સ્ટીલ અને એલોઝ સ્ટીલ અને એમોનીયા, કવીનાઇન; પેપસીના, સ્પીરીટ. જુની પરીઆસીડ. ટાર્ટરેટ ઓફ પોટાશ. આયોડાઇડ ઓફ, આયર્ન, નકસીસ વોમીકા, ટીનચર ઓફ એસેટેટ, રોઝે મોઝા, વેલેરી યાના. સ્ટીલ સેવીન, અને આસા ફેટીડા, મસ્ટર, પેડી લ્યુવીયા, ગાલવેનીઝમ, અને નરીસોંગફુડ, બ્રાન્ડી, જીન, વાઇન, સ્ટાઉટ વીગેરે દવા આપવી.

ઉપાય ૬૧ મો. આસીડ નાઇટ્રીકડીલ્યુટ, ૯૦ મીનીયમ, સ્પીરીટ ઈથરીસ નાઇટ્રોસી ૨ ડ્રામ. સકસેસ ટેરેક્ષેસી ૧૨ ડ્રામ, ટીન્ચર સેના ૪ ડ્રામ. ઇનફ્યુઝન જેનશીયેના કમપોઝીટા ૮ આંઉસ મીશ્ર કરીને ૬ઠો ભાગ દીવસમાં બે અથવા ત્રણ વખત આપવો. જો આથી સારૂં ના થાય તો.

ઉપાય ૬૨ મો. વાઇનીએલોઝ ૨ ડ્રામ, ઇનફ્યુઝનસેના ૧૪ ડ્રામ, મેગને

શીયા સસફેટીસ ૪ દરામ મીશ્રકરીને અરધો ભાગ સવારે સુમારે ૭ વાગે પીવું ને બાકીનું બપોરે ખાધા પછી બે કલાકે પીવું આથી સારૂ ના થાય તો.

ઉપાય ૬૩ મો. પીલ્યુલાકેમબોઝીયા કમપોઝીટા ૫ ગરેન, હાઇડારજીરી ૩ ગરેન એ મીશ્રકરીને તેની બે ગોળીઓ કરી એક સવારે ને એક સાંજે ગળી જવી. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૬૪ મો. એક્ષટ્રેકટ અરગોટ ૩ ડ્રામ. ટીનચર સરપેનટેરીયા ૬ ડ્રામ. ટીનચર નક્ષવોમીકા ૧ ડ્રામ, ડીકોકશન એલોઝ ૬ આંઉસ મીશ્ર કરીને ૬ ઠો ભાગ દરેક સવારે પીવો. અને એનાથી સારૂ ના થાય તો.

ઉપાય ૬૫ મો. પોટાશ બ્રોમાઇડ ૬૦ ગરેન, ટીનચર કેનથેરીડીઝ ૧ાા ડ્રામ ટીનચર સીનેમોમી ૬ ડ્રામ, એકવા ૮ આંઉસ મીશ્ર કરી ૬ ઠો ભાગ દિવસમાં ત્રણ વખત પાવો અને એથી સારૂ ના થાય તો.

ઉપાય ૬૬ મો. ટીનચર હેલેબોરી ૩ ડ્રામ શીરપજીનજીબેરીઝ ૫ ડ્રામ ઇનફયુઝન સેના ૮ આંઉસ, મીશ્ર કરી ૬ ઠો ભાગ દિવસમાં ૧ અગર ૨ વાર પાવો, આથી સારૂ ના થાય તો. ઉપાય ૬૭ મો. લીકર સ્ટીકીનીયા ૩૦ મીનીયમ ટીન્ચર ફેરીપર કલોરીડ ૧ાા દરામ, ટીન્ચર એકટે આરેસેમોસ ૪ દરામ ઇનફયુઝન કવેશીયા ૮ આંઉસ મીશ્ર કરી ૬ ઠો ભાગ દિવસમાં ત્રણ વાર પાવો, આથી સારૂ ના થાય તો. ઉપાય ૬૮ મો. પોડોફીલીઆઇરેઝીના ૬ ગરેન, એક્ષટ્રેકટ હાયોસીયામી ૨૪ ગરેન, એક્ષટ્રેકટ નક્ષવોમીકા ૪ ગરેન, પીલ્યુલા એલોઝ એટમર ૩૦ ગરેન, મીશ્રકરી તેની બાર ગોળી કરી દરેક ત્રીજી અથવા ચોથી રાતે સુતી વખતે ગળવી, આથી સારૂ ના થાય તો. ઉપાય ૬૯ મો. પોટાસાનાઇટ્રાસ ૬૦ ગરેન, સ્પીરીટ જુનીપરીઝ ૧-૨ દરામ, ઇથર નાઇટ્રોસી ૩ દરામ ડીકોકશન સીનકોના ૮ આંઉસ, મીશ્ર કરી ૬ ઠો ભાગ દરેક ૭ કલાકે પીવું, આથી સારૂ ના થાય તો. ઉપાય ૭૦ મો. ઉપાય નંબર ૨૫-૨૬ ૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪-૩૫ એ પીસક્રીપશન પ્રમાણે લેવી; અને તેનાથી સારૂ ના થાય તો. ઉપાય ૭૧ મો. ફેરીસલફેટ ૨ ગરેન, પીલ્યુલાએલોઝ એટમર ૩ ગરેન મીશ્ર કરી તેની ગોળી કરી દિવસમાં ૩ વાર ખાધા પછી પાણી સાથે ગળી જવી, આથી સારૂ ના થાય તો. ઉપાય ૭૨ મો. ઈનફ્યુઝન ડીજીટેલીસ ૨ આંઉસ, એકવા કેમ્ફર ૮ આંઉસ મીક્ષ કરી ૮ મો ભાગ ૧ આંઉસ પાણી સાથે દિવસમાં ત્રણ વાર પીવું. આથી સારૂ ના થાયતો ઉપાય ૭૩ મો. મીક્ષ ફેરીકમપોઝીટા ૪ આંઉસ, ડીકોકટીએલોઝ કમપોઝીટા ૪ આંઉસ ઝીંનસી સલફસ ૧૨ ગરેન. મીશ્ર કરી ૬ઠો ભાગ દીવસમાં બે વખત પીવું. આથી સારૂ નાથાય તો. ઉપાય ૭૪ મો. ફેરીટારટેરેટી ૬૦ ગરેન, સ્પીરીટ એમોનીયા એરોમેટીક ૩ દરામ, ઈનફ્યુઝન કવેશીયા ૮ આંઉસ મીક્ષકરી ૬ઠો ભાગ ત્રણ વખત દીવસમાં પાવો. આથી સારૂ ના થાય તો ઉપાય ૭૫ મો. ઓઇલ જુનીપેરી ૨૦ મીનીયમ, સીરપીલેમોનીસ ૬ દરામ, મ્યુસીલેજીન અકેશીયા ૪ આંઉસ એકવા ૮ આંઉસ, મીક્ષ કરી ૬ ઠો ભાગ દરેક ૬ અથવા ૮ કલાકે પીવો, આથી સારૂ ના થાય તો.

ઉપાય ૭૬ મો. એમોનીયા આઇઓડાઈડ ૩ થી ૧૫ ગ્રેન. } ડાયફેર આ-ઇનફ્યુઝન સમ્મ ક્રેના ફ્લેવા ૧–૨ ઔંસ. } મીક્ષકરી દિવસ માંએ અગર ત્રણવાર ખાધા પહેલાં પીવું આનો ડોઝ પેશંન્ટની ઉમર પ્રમાણે આપવો વળી જેવી આદવા પેટમાં આપી તેવુંજ આ મલમ સોજાઉપર અથવા ગાંઠ ઉપર મસળવાને સવારે ને સાંજને માટે આપવાથી સાર થાયછે.

ઓઇન્ટમેન ઓફ્આઈઓડાઈડ	૧૬૦ ગ્રેન.
સીપલ મલમ	૧ ઔંસ.

મીશ કરીમ સલવું આથી સારૂના થાય તો.

ઉપાય ૭૭ મો. પોટાસ આઇઓડાઇડ ૩૦ ગ્રેન.

ફેરીએટએમોનીયા સાઇટ્રાસ	૪૦ ગ્રેન.
ટીન્ચરન્યુસીસ વામીકા.	૧ ડ્રામ.
ઇનફ્યુઝન ક્વેશીયા.	૮ ઔંસ.

મીક્ષ કરી ૧/૬ ભાગ દિવસ દિવસમાં ત્રણવાર પાવું.

પીડિતાર્તવ અને ઇંગ્રેજીમાં ડીસ્મેનોરીયા કહે છે.

આદરદ સ્વભાવીક ઋતુશ્રાવ પીડાથી થઇને આવે છે. એટલે દુઃખાવો થઈ ઋતુ આવે છે. વા એટલે ન્યુરાલજીઆના લેધે અટકાવ વખતે ચસકા આવે છે. તેમાં ના જુદા શ્રીમંત, તેમજ શહેરમાં વસનારી સ્ત્રીઓને આદરદ વિશેષ થાય છે. આ દરદ સહન કરવાને ઘણી ખરી સ્ત્રીઓ અશક્તિવાન હોય છે. તેથી થોડુ હોય તે પણ ઘણું દેખાય છે. ઋતુ સમય પહેલાં એક બે દિવસ પીડા થાય છે. પેઢુમાં ચસકા અગર ચુંક આવે છે. પેઢુમાં થઈને પગમાં દરદ ફેલાય છે. પ્રસવની વેણુની પેઠે દરદ થાય છે. અને વખતે તે પીઠા એટલી થાય છે. કે દરદી જમીન ઉપર આલોટે છે. પેઢુ ઉપર સ્પર્શ પીડા થાય છે. એ પીડાને લીધે દરદી કાયર થઈ જાય છે. અને તેને ઉલટી. હીસ્ટેરીયા, મસ્તક, સુળ, હેડકી, આંચકી વગેરે થાય છે. અને ઓપટી (અટકાવ) શરૂ થાય એટલે પીડા કમી થાય છે. અને લોહીનો થીજેલો ગળફોપડે છે. વખતે પીડા કમીના થાય તો તે દરદ ઓપટી રહે ત્યાંસુધી જારી રહે છે. પ્રવાહ સાથે ઘણું કરીને પીડાનો સંબંધ નથી. લગ્ન થયા પછી અગર ગર્ભ રહ્યા પછી આ પીડા બંધ થાય છે. અને વખતે થતી નથી, તેમ ગર્ભ પણ રહે તો નથી અને દરદીની આખી જીંદગી દુઃખ દાયક થઇ પડે છે.

ઉપાય—અતીશે પીડા થતી હોયતો કલોરો ફોર્મ સુધાડવો. પણ આવો વખત કોઈ વખતજ આવે છે. અને બીનાઇલાજથી પીડા ઓછી થઇ શકે છે. ડોસ પાઉડર પાંચથી દસ ગ્રેન અથવા લોડનમ આપવાથી કમી થાય છે.

ઉપાય. ૭૮ જો હીસ્ટેરીયા હોય તો. કસ્તુરી ૧ ગ્રેન. કપુર ૨ ગ્રેન હીંગ ૨ ગ્રેનની ગોળી કરી ગળાવવી. અથવા પોટાશ બ્રોમાઇડ ૨૦ ગ્રેન. ત્રણ ત્રણ કલાકે એક ઔંસ પાણી સાથે પાવાં. મોરફીઆની પીચકારી પેઢુનીત્વચામાં મારવી. અરીઠુ તથા બેલોડોનાની સોગઠીયોનીમાં મહેરવાથી સારૂ થાય છે અથવા.

ઉપાય. ૭૯ મો. આઈઓડાઇડ ઓફલેડ **૪૦ ગ્રેન.**

એક્ષટ્રેક્ટ બેલેડોના **૧૨ ગ્રેન.**

અફીણ **૪૦ ગ્રેન.**

કાકમનુતેલ જોઇએ તેટલા સાથે મેળવી. તે બધાની ગોગઠી ૨૪ંકરી કરીને અકેકી પહેરવી.

પેડુ ઉપર ગરમ પાણીનો શેક કરવો. તથા લોડનમ છાંટીને પોટીસ મુ-કવી. પ્રસવ અગર કસુવાવડ થયા પછી ગર્ભસ્થાન પાછુ મુદતસર સંકોચાઇને પોતાની પૂર્વ સ્થીતીને ન પહોંચે તો તેમાં સોજો રહી જાયછે. અને ગર્ભસ્થાન તપાસતાં તે મોટું જણાય છે. તથા દબાવતાં દુ:ખે છે. આથી સારૂ ન થાય તો

ઉપાય ૮૦ મો. નંબર-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪-૩૫ ની આપવી.

વધારે ઉપાયો. જ્યાં આગળ નીશાની છે તે ઓષધો આપવાં.

ઉપાય ૮૧ મો. ક્લોરોફોર્મ	૬-૧૦	મીનીયમ
એક્ષટરેક્ટ ઓપીઆઈ	૧૫-૩૦	॥
ટીન્ચર બેલોડોના	૧૦-૨૦	॥
સીરપરોએડાઝ	૧	ડ્રામ.
મુસીલીજીનસ ટ્રેગેકેનથા	૧	ઔંસ.

મીક્ષ કરી અને તે હ્રાપરાતે સુતા વખત લેવું. જે આથી આરામ અને ઊંઘના આવે તો. **ઉપાય ૮૨ મો.**

લીકરમોરફીયા હાઇડ્રો ક્લોરેટીસ.	૨૦	મીનીયમ.
ટીન્ચર ક્લોરો ફોરમ કંપોઝીટા	૩૦	—॥
,, કેને બીઝ ઈનડીકા	૨૦	—॥
પલવીસ ટ્રેગેકેનથા કમપોઝીટા	૮૦	—ગ્રેન.
સ્પીરીટ ઇથરસ	૪૦	મીનીયમ.
આસીડ હાઇડ્રોસીયા નીકડીલ્યુટ	૪	॥
ટીન્ચર હાયોસીયામી	૧	ડ્રામ.
એકવા	૧૨	ડ્રામ.

મીક્ષ કરી રાતે સુતી વખતે પાવું. આથી સારૂના થાય તો.

ઉપાય ૮૩ મો. એક્ષટ્રક્ટ ઓપીઆઈ	૧-૪—ગ્રેન.
અથવા મોરફીયા હાઇડ્રોક્લોરેટીસ	૧/૪-૧
એક્ષટ્રક્ટ હાયોસીયામી	૫ ગ્રેન.

મીક્ષ કરી ૨ ગોળી કરી રાતે સુતી વખતે થોડુ દુધ અથવા પાણી સાથે ગળી જવી આથી સારૂ ના થાય તો.

ઉપાય ૮૪ મો. આસીડ સલફ્રીકએરોમેટીસી	૨ ડ્રામ.
સીરપ ઓરેનટીઆઈ	૧ ઔંસ.
ટીનચર સીંનકોના કંપોઝીટા	૬ ડ્રામ.

ઇનફ્યુઝન સીંનકોના કંમ્પોઝીટાઓડ ૮ ઔંસ.

મીક્ષ કરી ૧/૬ ભાગ દીવસમાં બે ત્રણવાર દરરોજ પાવો. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૮૫ મો. આસીડ ફોસ ૫રી સીડીલ્યુટ ૧૧/૨ દ્રામ.
સીરપઓરે નટીઆઇઈ ૬ દ્રામ.
ટીનટર સીંનકોના કંપોઝીટા ૧ ઔંસ.
ઇનફ્યુઝન ઓરેનટી આઇઓડ ૧ ઔંસ.

મીક્ષ કરી ૧/૬ ભાગ દીવસમાં ત્રણ વખત પાવો. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૮૬ મો. ટીન્ચર કવીનાઈન ૧૪ દ્રામ.
,, જીનજી બેરીઝ ફોરચર ૨ દ્રામ.
ગ્લીસેરીન ૧ ઔંસ.

મીક્ષ કરી ૧ ચાનો ચમચો ૧ ઔંસ પાણી સાથે મીશ્ર કરી દીવસમાં ત્રણ વાર દરરોજ પાવો. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૮૭ મો. બેબેરીયા સલફેટીસ ૩૦ ગ્રેન.
આસીડસલફરીક એરોમેટીક ૪૦ મીનીયમ.
સીરપઓરે નટીઆઈ ૧ ઔંસ.
એકવા ઓરેનટીઆઇઓડ ૮ ઔંસ.

મીક્ષ કરી ૧/૬ ભાગ દિવસમાં ત્રણવાર દરરોજ પાવો. અને કોડલીવર ઓ-ઈલ દુધ સાકર સાથે ૧ ચાનો ચમચો સવારે તથા ૧ સાંજરે દિવસમાં બેવાર પાવાં. આથી આરામના થાય તો.

ઉપાય ૮૮ મો. સોડા હાપો ફોસફાઇટીસ અથવા / કાલસીસી હાયપોફોસફાઇટીસ } ૩૦ થી ૯૦ ગ્રેન.
ઇનફ્યુઝન ચીરેટા ૮ ઔંસ.

મીક્ષ કરી દિવસમાં ત્રણવાર ૧/૬ ભાગ પાવો. અથવા તેને
પેપસીન ૧૦ ગ્રેન.

એક્ષટ્રકટ જેનશન જોઇએ એટલું. લેઈને ગોળી ૨ બનાવી દિવસમાં ત્રણ-વાર ખવરાવવી. આથી સારૂના થાય તો જે આગળ ૨૫–૨૬–૨૭–૨૮–૨૯ ૩૦–૩૧–૩૨–૩૩–૩૪–૩૫ પ્રમાણે આપવી.

અતિઆર્તવ આને ઇગ્રજીમાં મેનરોજીઆ કહે છે.

આ દરદ અતિશય રકતશ્રાવ જાય છે. અથવા ઘણા દીવસ તે શ્રાવ જારી રહે છે. અથવા થોડા દિવસને આતરે તે દેખાવ દે છે. તેને લોહીવા કહે છે.

ચીન્હઃ–લોહી જરા જરા આવ્યાં કરે છે. અથવા લોહીનું એક સરખુપુર આવે છે. તે પાછું બંધ થાય છે. ઘણું લોહી જવાથી શરીર ખાલીપડી જઈ ફીકુ થઇ જાય છે. શ્વાસ ચઢે છે. વખતે ચોથર ચઢી આવે છે. ઉલટી થાય છે. મંદાગ્ની તથા મળાવરોધ જણાય છે.

ઉપાય—એવા માણુસને આ રામ અને સારો હલકો ખોરાક જોઈએ. બ્રોમાઇડ પોટાશીયમ, ગાલીક આસીડ, સીનેમોમ, સલફરીક આસીડ,

નાઇટ્રીક આસીડ, સોલ્યુશન કોરોસીવ સબલીમેશન, અરગોટ, ટરપેનટાઈન, ઓપીયમ, ઈનડીયનહેમ, એપીકાકયુએના, નક્ષવોમીકા, સ્ટ્રીકીનીયા, એસેટેઈટ ઓફલેડ, ઓક્ષાઇ સીલયર, આરસેનીક, ઈન ફયુઝનડીઝીટેલીસ, વીગેરે આપવાં તથા આઈસ વોઝયનામાં મેલવો. ઉના પાણીની પીચકારી મારવી. ટાનીકઆસીડ ઇનજેકશન કરવો. તથા તેની સોગઠી મુકવી.

ઉપાય ૯૦ મો. આસીડગેલીક–૧૦–૧૫ ગ્રેન. } મીક્ષ કરી દરેક ચાર કલાકને આંતરે પીવું આથી
એકવાડીસ્ટીલેટા ૧૨ ડ્રામ.
સારૂ ના માલમ પડે તો.

આસીડ ગાલીક	૮ ગ્રેન.	મીક્ષ કરી એ ગોળી બાંધી રાતે સુતી વખતે ગળીજવું. આથી સારૂ ના થાય તો.
મોર ફીયાહાઇડ્રો ક્લોરેટીસ	૧/૮ ગ્રેન.	
જેન શીએના જોઈએ તેટલુ.		

ઉપાય ૯૧ મો.

ગ્લીસેરીન આસીડ ગેલીસી	૬ થી ૧૦ ડ્રામ.
આસીડ સલફરીકડીલ્યુટ	૨ ડ્રામ.
એક્ષટ્રકટ અરગોટ લીકવીડ	૩ ડ્રામ.
એકવાસીનેમોમાઇ એડ	૮ આઉંસ.

મીક્ષ કરી દરેક ૧/૪ મો ભાગ દરેક ચાર કલાકે અગર ૬ કલાકે પાવો આથી આરામના થાય તો.

ઉપાય ૯૨ મો.

આસીડ ગેલીસી	૧૫–૨૫ ગ્રેન.
આસીડ સલફરીક એરોમેટીક	૧૫–૨૦ મીનીયમ.
ટીન્ચર સીનેમોમી	૨ ડ્રામ.
એકવાડી સ્ટીલેટા	૨ ઔંસ.

મીક્ષ કરી દરેક ચાર કલાકે પાવું જ્યાંસુધી લોહી વહેતુ બંધ રહે ત્યાંસુધી પાયા કરવું. આથી સારૂ ના થાય તો.

ઉપાય ૯૩ મો.

ટીન્ચર સીનેમોમી	૬ ડ્રામ.	મીક્ષ કરી ૩૦ ટીપાં એક ઔંસ પાણી સાથે પાવાંથી સારૂ ના થાય તો.
આસીડનાઇટ્રીકડીલ્યુટ	૨ ડ્રામ.	

ઉપાય ૯૪ મો.

ટીન્ચર સીનેમોમી	૨ ડ્રામ.	મીક્ષ કરી ૧/૪ ભાગ દરેક ઝાડો થયા પછી પાવો. આથી સારૂના થાય તો.
સ્પીરીટ એમોનીયા એરોમેટીક	૨ ડ્રામ.	
ડીકોક્ષન હેમેટોક્ષીલી એડ	૬ ઔંસ.	

ઉપાય ૯૫ મો.

હાઇડ્રારજીરી પરકલોરાઈડ	૧ ગ્રેન.	મીક્ષ કરી ૧ ચાનો ચમચો૧ઔંસ પાણીની સાથે દીવસમાં ત્રણ વખત પાવો આથી
ગ્લીસેરીન	૧ ઔંસ.	
ટીન્ચર સીનકોના કમપાઝીટા–એડ	૩ ઔંસ.	
ઓઈલમેન થાપીપરીટા	૨૫ મીનીયમ.	

સારૂ ના થાય તો.

ઉપાય ૯૬ મો. ફેરીએમોનીયા સલફેટીસ ૩૦–૬૦ ગ્રેન. } મીક્ષ કરી૧/૬ભાગ દરેક ૭ અથવા
એકવા ડીસ્ટીલેટા ૮ ઔંસ.
આઠ કલાકે પાવો આથી સારૂ ના થાય તો.

ઉપાય ૯૭ મો. આલમ ૯૦ ગ્રેન.
ફેરીસલફેસ. ૨૦ ગ્રેન.
કવીનાઇન સલફેટીસ ૪ ગ્રેન.
આસીડ સલફરીક ડીલ્યુટ. ૧ ડ્રામ.
સીરપલીમોનીસ ૧ ઔંસ.
એકવાડીસ્ટીલેટાઓડ ૮ ઔંસ.
મીક્ષ કરી ૧/૮મો ભાગ દિવસમાં ત્રણવાર પાવો આથી સારૂ ના થાય તો

ઉપાય ૯૮ મો. આસીડ ટેનીસી ૧/૨ ઔંસ.
ઓલીયમથીઓ બ્રોમા ૧/૨ ઔંસ.
આનુ મીક્ષ કરી સોગઠી કરી એકેકીમ પહેરાવવી આથી સારૂ ના થાય તો.

ઉપાય ૯૯ મો. અનગેન ટમહાઈડારજીરી ૨૦૦ ગ્રેન.
ઓલીઆઈથીઓ બ્રોમા ૨૦૦ ગ્રેન.
એક્ષટ્રેક્ટ બેલેડોના ૨૦ ગ્રેન.
મીક્ષ કરી સોગઠી કરી રાતે સુતી વખતે પહેરવી. અ૦

ઉપાય ૧૦૦ મો. એક્ષટ્રેક્ટ એકોનીટી ૧૨ ગ્રેન.
ઓપીઆઈ ૧૬ ગ્રેન.
હાઈઓસીયામી ૧૦૦ ગ્રેન.
ઓલીયમથીઓ બ્રોમા ૧/૨ ઔંસ.
ઓલીવા ઓઈલ ૩ ડ્રામ.
મીક્ષ કરીને સોગઠી બનાવી. દરકે રાતે એકેકી પહેરવા કહેવું વળી આથી સારૂ ના થાય તો તેની અંદર સ્પંજ ટેન્ટ કરવાં.

ગર્ભાશયનો વરમ પ્રદર આને ઇંગ્રેજીમાં મેટાઈટીસ કહે છે આ દરદ ઘણું કરીને સુવાવડના સંબંધમાં થાય છે. આ તીક્ષણ વરમનું કોઈ વખત ભયંકર પરિણામ થાય છે. ગર્ભાશય સુજી આવે છે. તેમાં અતી પીડા થાય. પેશાબ, ઝાડો, કબજ રહે, અને સખત તાવ આવે છે. મોટા સોજાને લીધે ગર્ભાશય મોટુ અને સુજેલુ હોય છે. લોહી વધારે વહે છે. અને ગર્ભ રહેતો નથી. થોડા સોજાને માટે થોડા વરમનોશેક કરવો. પોટીસ મુકી બેલેડોના લગાડવો. અને તાવની દવા પાવી વધારે સોજો હોય તો આઇઓડાઇડ પોટાશ આપવો. કમળઓસ્ટપર કાસ્ટીક પોટાશ લગાડવો ચીન્હ:—તીક્ષણુ વરમ હોય તો તાવ આવે છે. અને પેઢુ કમર તથા ઝાંગમાં દુઃખે છે. પેઢુ ભરેલુને ગરમ લાગે છે. પેશાબ વારંવાર થાયછે. ગર્ભાશયતથા ઓવરીને દબાવવાથી ઘણું દરદ થાયછે, ગર્ભાશય મોટા કદનું તથા સુજેલુ જણાય છે. બે ત્રણ દીવસની અંદર તેમાંથી ધાત નીકળવામાંડે છે.

ઉપાય—તીક્ષણુ વરમ હોય ત્યારે પેશંન્ટને સાદો જુલાબ આપવો સાદો ખેરાક આપવો. જળો મુકવી. નંબર ૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧ ૩૨–૩૩–૩૪–૩૫ ની દવા આપવી.

ઉપાય ૧૦૧ મો. પોટાસા આઇઓડાઈડ ૩૦ ગ્રેન.
પોટાશ બાયકાર બોનેસ ૬૦ ગ્રેન.
ટીન્ચર હાયો સીયામી ૩ ડ્રામ.
ઈનફ્યુઝન સીનકોના ફલેવાઓડ ૬ ઔંસ.
મીક્ષ કરી ૧/૬ ભાગ દીવસમાં ત્રણવખત પાવો.

ઉપાય ૧૦૨ મો. હાઈડ્રારજીરીપર ક્લોરીડી ૧ ગ્રેન. } મીક્ષ કરી ૧ ઓ
એમોનીયા ક્લોરીડી ૫ ગ્રેન. } સ દિવસમાં
એક્ષ્ટ્રેક્ટ સારસાલીકવીડ ૧૨ ડ્રામ. } ત્રણ વખત
ડીકોકશન સારસા કંમપોઝીટા-એડ ૧૨ આંઉસ. } પાવાં.

ઉપાય ૧૦૩ મો. એક્ષટ્રકટઓ પીઆઇલીકવીડી ૨૦ મીની૦ ૧ ડ્રામ. } મીક્ષ કરી
ટીન્ચર બેલેડોના ૧૫-૨૦. મીનીયમ. } બે વખત
મ્યુસીલેજીનીસ એકેસીયા ૨ ઔંસ. } પાવું.

સવારે તથા સાંજે.

ઉપાય ૧૦૪ મો. એક્ષટ્રેકટઓપીઆઈ ૧-૩ ગ્રેન } મીક્ષ કરી સોગઠી
„ બેલેડોના ૧/૨ ગ્રેન. } બનાવી દરરોજ
ઓલીયમથીઓ બ્રોમા ૨૦ ગ્રેન. } એકેકી પહેરવી.

ગર્ભાશય અર્બુદ—આને ઇગ્રેજીમાં યુટરાઈન કેનસર કહે છે. આ નામનો દુઃખદાયક વ્યાધી કેટલીકવાર ગર્ભાશય પર થતો જોવામાં આવે છે. આ વ્યાધી બહુધા શરૂ આતમાં કમળ કંધ ઉપર થાય છે.અને પછી ગર્ભસ્થાનના અંદરના તથા બહારના ભાગપર વ્યાપી જાય છે.

ચીન્હઃ—ગર્ભસ્થાનના આદરદને લીધે યોનીમાંથી વત્સમારવુ જાડુ પાણી નીકળે છે. કોઇવાર થોડી ગંધ મારે છે. અને કોઈવાર એટલી તો તેમાંથી દુર ગંધ છુટે છે. કે તે સ્ત્રીથી તથા આશપાશના માણસોથી સહન થઈ શકતુ નથી. વારંવાર અકસમાત રકત પ્રવાહ થઇ આવી અતીશય વેદના થાય છે. પાછળ આ વેદના ઘણીજ વધતી જાય છે. તે એટલી વધી જાય છે કે નીશાવાળી દવા શિવાય તે બાઇને નીદ્રા આવતી નથી. પાચન શકિતમંદ પડી જઈ મોળ આવે છે. ઉલટી થાય છે ને ખાવાની રૂચી રહેતી નથી દહાડે દહાડે નબળાઇ વધતી જાય છે. તથા શરીર ક્ષીણુ થતુ જાય છે. ચહેરાફીકો પીળા ફીકર મંદને દુઃખ દાયક દેખાય છે. અંદરની બાજુ તપાસવાથી કમળને ઠેકાણે નાનુ મોટુ આકાર વિનાનું કઠણુ સખ્ત આંગળીને લાગશે ગર્ભસ્થાન સ્વભાવીક રીતે ચલીત હોય છે. જેમ અર્બુદ ફેલાય છે તેમ યોનીને મુત્રાશય અને આશપાશના ભાગ કઠણુ થઈ સખત પ્રસરાતુ જાયછે. ને ગર્ભાશયનો કેટલોક ભાગ ખવાઈ જાય છે. વખતે મુત્રાશયને સપરાનો ભાગ સડી જઈ તેમ બધાના માર્ગ એકત્ર થઈ જાય છે. આવી મહા દુઃખદાયક સ્થીતી વરસ બેવરસ ભોગવી દરદી મરણુ પામે છે.

ઊપાય—આને માટે પીડા કમી કરવાના ઉપાય હોય છે. પણ ઘણું કરીને તે મટતુ નથી. તેને પુષ્ટી કારક ખોરાક આપવો. પાચન તથા પુષ્ટી કારક દવા આપવી. પીડા તથા શાંતી અને નીદ્રાને માટે કેફી દવા આપવાની જરૂર પડે તો કોડલીવર ઓઈલ આપવું.

ઉપાય ૧૦૫ મો. એસીડી એસેટીસીમી ૨૦-૩૫ મીનીયમ. } આ મીક્ષ કરી
ટીન્ચર બેલેડોના ૪ ડ્રામ. } ૧ ચાનોનાનો
એક્ષટ્રેકટ સીનના ફ્લેવા ૪ ડ્રામ. } ચમચો ૧ ઓ
ટીન્ચર કોર્ડમોમી કપપોઝીટા ૨ ઔંસ. } સ પાણીમાં

દીવસમાં ત્રણવાર આપવો.

ઉપાય ૧૦૬ મો. ક્વીનાઈન સલફેટીસ ૨૪ ગ્રેન.
એક્ષટ્રેક્ટ એલેડોના ૪ ગ્રેન.
કેમફોર ૩૦ ગ્રેન.
કનફેશન રોઝાગેલીસી મીક્ષ

મીક્ષ કરી ૧૨ ગોળી બનાવી દરરોજ બે ત્રણ વખત સુગર અને વીનેગારના સરબત સાથે ગળી જવી.

ઉપાય ૧૦૭ મો. એક્ષટ્રેક્ટ હાયોસીયામી ૪૦-૬૦ ગ્રેન. } મીક્ષ કરી ૧૮
કેમફોર— ૨૦ ગ્રેન. } ગોળી કરી રોજ
લ્યુપુલાઈન ૨૦ ગ્રેન. } સુતી વખતે ૩
ગોળી પાણી સાથે ગળાવવી.

ઉપાય ૧૦૮ મો. એક્ષટ્રેક્ટ ઓપીઆઈ ૧-૪ ગ્રેન. } મીક્ષ કરી ગોળી
મોરફીયા હાઇડ્રો ક્લોરેટીસ ૧/૪-૧ ગ્રેન. } ૨) કરવી અને તે
એક્ષટ્રેક્ટ હાઇઓ સીયામી ૫ ગ્રેન. } રાતે સુતી વખતે
પાણી સાથે ગળવી.

ઉપાય ૧૦૯ મો. લીકર મોર ફીયા હાઈડ્રો ક્લોરેટીસ ૨૦ મીનીયમ.
ટીન્ચર ક્લોરોફોરમ કમપોઝીટા ૩૦ ,, } મીક્ષ
,, કેને બીઝઇન્ડીકા ૨૦ ,, } કરી
પલવીસ ટ્રેગેકેનથાકમપોઝીટા ૮૦ ગ્રેન. } રાતે
સ્પીરીટ ઇથર નાઇટ્રોસી ૪૦ મીનીયમ. } સુતી
આસીડ હાઇડ્રોસીયાની કડીલ્યુટ ૪ મીનીયમ. } વખતે
ટીન્ચર હાયોસીયામી ૧ ડ્રામ. } પાવું.
એકવા ૧૨ ડ્રામ.

ઉપાય ૧૧૦ મો. એક્ષટ્રેકટી ઓપીઆઈ ૧-૩ ગ્રેન. } મીક્ષ કરી સો-
એક્ષટ્રેક્ટ બેલોડોના ૧/૨ ગ્રેન. } ગઠી કરી પહે-
ઓલીયમથીઓબ્રોમા ૨૦ ગ્રેન. } રાવવી.

ઉપાય ૧૧૧ મો. ૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪-૩૫ ની દવા આપવી.

ઉપાય ૧૧૨ મો. લીસેરીની આસીડીગેલીસી ૬-૧૦ ડ્રામ. } મીક્ષ કરી ૧/૮
આસીડ સલફ્રીકડીલ્યુટ ૨ ડ્રામ. } ભાગ દરેક ચા
એક્ષટ્રેક્ટ અરગોટ લીકવીડ ૩ ડ્રામ. } ૨ અથવા છોક
એકવાસીનેમોમી એડ— ૮ ઓંસ. } લાકે પાવો.

ઉપાય ૧૧૩ મો. ટીન્ચર સીનેમોમી ૬ ડ્રામ. મીક્ષ કરી ૩૦ ટીપાં એક
આસીડ નાઇટ્રીકડીલ્યુ ૨ ડ્રામ. ઓંસ પાણી સાથે દરેક
બબેકલાકે પાવાં. આથી સારૂ ન થાય તો.

ઉપાય ૧૧૪ મો. ફેરીએમોનીયા સલફસ ૩૦-૬૦ ગ્રેન. } મીક્ષ કરી ૧/૬ભા-
એકવાડીસ્ટીલેટા ૮ ઓંસ. } ગ દરેક ૭ અથ-
વા આઠ કલાકે પાવાં.

ઉપાય ૧૧૫ આ. પ્લમબીએસેટેટીસ ૫-૧૦ ગ્રેન.
એક્ષટેકટ ઓપીઆઈ ૧/૪-૧/૨ ,,
કન્ફેકશન રોઝાગેલીસા જોઇએ તેટલો } મીક્ષ કરી બે ગોળી કરી દરેક ૨ અથવા ત્રણ કલાકે નીચેના મીક્ષર પાયા પછી ગળાવવી.

એસીડ એસે ટીકડીલ્યુટ .. } ૨ ડ્રામ.
એકવીસીનોમોમી } ૬ ડ્રામ.

આથી સારૂ ના થાય તો ૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪-૩૫-ની દવા કરવી.

ગર્ભાશય ગ્રંથી આને ઇંગ્રેજીમાં યુટરાઈન ટયુમર કહે છે.

ગર્ભાશયના સંબંધમાં, ગ્રંથી, મસા, રસોળી, એવી ત્રણ જાત થાય છે. આ ગાંડ ગર્ભાશયના બહાર વધીને મોટી થાય છે. અથવા તેબી અંત્રાયમ વધે છે ઘણું કરીને તરૂણ અવસ્થામાં પહોંચ્યા પછી આ ગાંઠ થાય છે. આ ગાંઠ નાની મોટી સોપારીથી પૂર્ણ માસીક નાના ગર્ભના જેવું તેનુ કદ જો ામાં આવે છે. જ્યારે ગર્ભસ્થાનની અંદર ઉતપન્ન થાય છે. ત્યારે ગર્ભસ્થાન પંડે વધતુ જાય છે. એકજ સ્ત્રીને કોઇવાર એક કરતાં વધારે આવી ગ્રંથી થાય છે. કોઈવાર ગ્રંથીનું મુળ પાતળુ થઇ લટકતી રહે છે.

ચીન્હ:—ગાંઠ નાની હોય તો ચિન્હ જાણવામાં આવતાં નથી. પણ મોટી હોય તો કમરમાં દુ:ખાવો થાય છે. પેઢુમાં ભાર લાગે છે. એક અથવા બેઉ જાગયાં ચસકા આવે છે. ઝાડો કબજ રહે છે. પેશાબ મુશ્કેલીથી અથવા ઘણીવાર થાય છે. જ્યારે આ ગાંઠ અંદર મોટી થાય છે. ત્યારે રકતશ્રાવ થયા વગર રહે તો નથી. પ્રથમ રકતશ્રાવ થાય છે. ત્યારે સ્ત્રીને ફકત એમ લાગે છે કે. કસુવાવડ થઇ. પણ કસુવાવડમાં શ્રાવની સાથે વેણ આવે છે. અને કમળ પ્રફુલીત લાગે છે. શ્રાવ વારંવાર થાય છે તેમાં લોહીની ગાંઠો જોવામાં આવે છે. તપાસ કરતાં ગર્ભસ્થાન મોટુ તથા વજનમાં વધારે લાગશે. યોનીમાર્ગ ટુંકો લાગશે ગર્ભસ્થાનની અંદર ગાંઠ હોય તો વખતે તે કમળમુખમાં દેખાશે. આગળ અથવા પાછળમા ભાગમાં ગાંઠ હોય તો તેની તરફ ગર્ભસ્થાન વાંકુ વળી જાય છે. સળી નાંખવાથી માંહેલી કોર ગાંઠ જણાશે.

ઉપાય—આ ગાંઠને કાપવાનો ઉપાય—પણ તેને કાપવાથી ભય ભરેલો છે માટે તેને કાપવુ નહીં. પણ તેના ચિન્હનો ઇલાજ કરી સંતોષ માનવો.

ઉપાય ૧૧૫ આ. રકતશ્રાવને માટે ગાલીક આસીડ, સલફરીક આસીડ, ભાંગ, સુગર લેદ ઇતીયાદી. તે ગાંઠ બોર જેવડીથી તે બચ્ચાના માથા જેવડી થાય છે. મસા, ગાંઠ ગર્ભસ્થાનની અંદર રહે છે. અથવા કમળમાં આવે છે. અથવા લાંબી વધીને યોનીમાં આવી રહે છે. વારંવાર રકતશ્રાવ થાય છે. કોઇવાર વેણની માફક પીડા થાય છે. કમર દુ:ખે છે. યોનીમાં તપાસ કરવાથી, મસા, ગાંઠ, યોનીની અંદર અથવા કમળની અંદર આંગળીને લાગે છે. જો મસો આગળ આવી લટકી રહ્યા હોય તો કાતર અથવા ચપ્પુથી કાપી નાંખવો. અથવા દોરો બાંધવાથી તે ખરી પડશે. ગર્ભાશયની અંદર હોય તો વાદળી

અથવા સીઝંગલથી કમળ મુખને પહોળુ કરવું અને પછી વળ અથવા પ્રાંસો દેઇ મસાને તોડી નાંખવો. અથવા નખથી એરવી નાંખવો.

ગર્ભાશય ભ્રંસ—આને ઇગ્રેજીમાં પ્રોલેપ્સસ યુટરી કહે છે. ગર્ભાશય યોનીમાં થોડો નીચે ઉતરે છે અથવા નીચે ઉતરીયોની દવારથી છેક બહાર આવે છે એને ગર્ભાશય ભ્રંસ કહે છે.

કારણ આ દરદ ત્રીસ, પાંત્રીસ વર્ષની ઉપરની વયની સ્ત્રીઓને આદરદ જોવામાં આવે છે. મહેનતુ સ્ત્રીને જોર કરવાના સબબથી ગર્ભ હેઠે ઉતરે છે. જે સ્ત્રીને છોકરાં થયા હોય તથા તેના જેનો બસ્તી પ્રદેશ. વીશાળ હોય છે. તેને આ વ્યાધી થાયછે. ગર્ભાશયનુંવિજન વધવાથી એટલે સુજી જવાથી અથવા તેમાં ગ્રંથી થવાથી તથા બોજો ઉપાડવાથી. ગર્ભાશય નીચે આવે છે નાજુક તથા નબળી સ્ત્રીના ગર્ભસ્થાનના બદ્દન ઢીલા હોવાથી એસણી ચીરાઈ જવાથી, તેમજ યોની સીથળ થવાથી ગર્ભ નીચે ઉતરે છે. અને તેનાથી સ્ત્રીને કેટલીક જાતની મુસીબત વેઠવી પડે છે. પેઢુની અંદર બોજો ભરેલો હોય એમ લાગે છે અને કુથનની માફક દરદ થાય છે. કમર દુઃખે છે. ધાત જાય છે. ઝાડાનો અવરોધ રહે છે પેશાબ વારંવાર આવે છે. અથવા કોઈ વખત તેનો પણ અવરોધ રહે છે. ઘણી સ્ત્રીઓને નીચે આવેલુ ગર્ભસ્થાન આપોઆપ અંદર જાય છે. નહી તો સહેલાઈથી હાથવતી અંદર ખસેડી શકાય છે. એ તપાસ કરવાથી ગર્ભસ્થાન નીચે ઉતરેલુ જણાશે તથા દેખાશે અને નીચે આવેલો ભાગ ગર્ભાશય જછે અને તેના સંબંધમાં કમલમુખ હોવાથી ખાત્રી થશે. અને આ શિવાય કોઇ બીજો ભાગ ઉતરેલો હશે તો તે ઉપર કમલમુખ જોવામાં આવશે નહીં. તેની અંદર સળી નાખવાથી વીષેશ ખાત્રી થશે. કેટલીકવાર ગર્ભાશય બાહાર રહેવાથી ગર્ભણીને લીધે તેના ઉપર ચાંદાં પડેલાં જોવામાં આવેછે.

ઉપાય—ગર્ભાશયને દાબીને ઉપર ચડાવવું. જો તેમ ન ચઢેલો તે સ્ત્રીને ઘુટણ ભેર સુવાડી ગર્ભાશયને તેલ લગાડી તેને અંદર દાબવો. વખતે ગર્ભસ્થાન ઘણા દિવસથી બહાર રહયાથી તેટલા પ્રયત્નથી ઉપર નથી ચઢતો ત્યાંરે બહારના ભાગને તાણીને રાળના લેપનુ બંધન લગાવવું. એ ત્રણ દિવસ આ બંધન લગાવવાથી તેનુ કદ કમી થાય છે. એટલે ફરી દાબવવાથી ઘણું કરી ઉપર ચઢયા વગર રહેશે નહીં ઉપર જાય તેવા દરદીએ થોડીવાર બીછાનામાં સુઈ રહેવું. ગર્ભાશયની ઉપરના ભાગ અને દબાણ દુર કરવા સારૂં પેટ ઉપર પાટો બાંધવો તથા નીચે લગોટ રાખવો ગર્ભાશય બંધન તથા યોનીનો ભાગ ઢીલો પડી ગયો હોય તો ઠંડા પાણીમાં બેસવું. નીચે કહેલા ઓશધની પીચકારી મારવી તથા તેની સોગઠી પેહેરવી ને કદી છાલા પડયા હોયતો કાસ્ટીક લગાડવી

ઉપાય ૧૧૬ મો એસેડી એસીટીસીગ્લેશીયલ ૨૦–૨૫ મીનીયમ

ટીન્ચરબેલેડોના	૪ દ્રામ	મીક્ષ કરી એક ચાનો નાનો ચમચો લેઈ તેની સાથે એક ઔંસ પાણી લેઈ દિવસમાં ૨–૩વાર પાવું.
એક્ષ્ટ્રેક્ટ સીનકોનાપ્લેવા	૪ દ્રામ.	
ટીન્ચર કારડેમોમી કમ્પોઝીટા	૨ ઔંસ.	

આથી સારૂ ન થાય તો

ઉપાય ૧૧૭ મો. ટીનચર ફેરીપર કલોરાઈડ ૧/૨ ડ્રામ
આસીડ હાઇડ્રોક્લોરીક ડીલ્યુટ ૨ ડ્રામ
સ્પીરીટ કલોરો ફોરમ ૩ ડ્રામ
ઈનફ્યુઝનકવોશીયા ઓડ ૮ ઓંસ
મીક્ષ કરી૧/૬ ભાગ દિવસમાં ત્રણવાર પાવો. આથી સારૂં ન થાય તો

ઉપાય ૧૮ મો. કવીનાઈન સલફેઇટ ૧૮ ગ્રેન.
એક્ષટ્રેકટનક્ષવોમીકા ૩–૬ ગ્રેન.
„ જેનશીએના ૩૦
મીક્ષ કરી ૧૨ ગોળી બાંધી ૧ સવારે ને ૧ સાંજે ખાવી.

ઉપાય ૧૧૯ મો. ફેરીરીડેકટમ ૪૦ ગ્રેન.
ઝીંનસીવેલેરીયાના ૨૦ „
સ્ટ્રીકીનીયા ૧ „
ગ્લીસેરીન જોઈએ તેટલો.
મીક્ષ કરી ગોળી વીસ બાંધી દરેક ગોળી દિવસમાં ત્રણવાર ખાધા પછી ગળીજવીતથા દરીઆનાપાણીથીનાવૃં

ગર્ભાશય વક્ર આને ઈંગ્રેજીમાં યુટરાઈન ફ્લેકશન કહે છે,

ગર્ભસ્થાન આગલા અથવા પાછલા ભાગમાં વાંકુ વળી બેવડ થઈ જાય છે કમલકંદ સ્વભાવીક સ્થીતીમાં રહે છે અને તેની ઉપરનો ભાગ બેવડ થઈ નીચે આવે છે તેને ગર્ભાશયવક્ર કેહે છે. ઉપરનો ભાગ જયારે પાછલ વળીજાય ત્યારે તેને પાછલનો વક્ર કહે છે અને આગલ વળે તો તેને આગલનો વક્ર કહે છે. આગલના ભાગમાં વલવા કરતાં પાછલના ભાગમાં વળેલો વીશેષ જોવામાં આવે છે. ઘણું કરીને મધ્ય વયની અને છોકરાં થતાં હોય તેવી સ્ત્રીઓમાં ગર્ભાશયની આવી સ્થીતી વીશેષ જોવામાં આવે છે. કારણ કે ગર્ભસ્થાનનો ઉપલો ભાગ ગ્રંથી અથવા સોજાને લીધે ભારે હોવાથી વળી જાય છે. વારમવાર ઓધાનને લીધે ગર્ભાશય નરમ પડી જવાથી અતી કુથન થવાથી તથા બોજો ઉચકવાથી ગર્ભાશય વાંકુ વળી જાય છે.

ગર્ભાશયવક્ર ઘણાં જોવામાં આવતાં નથી. પણ જયારે ગર્ભસ્થાન છેક બેવડ વળી જાય છે ત્યારે ચીન્હ છુપા રેહતાં નથી વાંકી વલેલી જગ્યોએ લોહી કમી થવાથી તે ભાગ પાતળો પડી જાય છે. કમરમાં દુ:ખાવો તથા પ્રાટ થાય છે. સાથલ તથા પેઢુમાં ચસકાં આવે છે, ઝાડા નીહાજત થાય છે. પણ ઝાડો થોડો ઉતરે છે ને ઝાડો ઉતરતી વખતે દુ:ખે છે. મૈથુન કરતાં પીડા થાય છે ગર્ભ રહેતો નથી, કોઈ કોઈવાર લોહીવા થાય છે તેની તબીએત દુરૂસ્ત રહેતી નથી.

